بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

બફયૂઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



અહલે સુન્નત વ જમાઅત

એટલે

મસ્લકે આ'લા હઝરત

નું અજોડ મુખપત્ર


# બરકાતે ખ્વાજા (માસિક)

સપ્ટેમ્બર-૨૦૨૦

મુહર્રમુલ હરામ-સફરુલ મુઝફ્ફર

હિજરી સન : ૧૪૪૨

વર્ષ : ૧૭, અંક : ૦૮, સળંગ અંક : ૨૦૦



**સ્થાપક અને પ્રકાશક**

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા

**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦

તા. જિ. ભરૂચ, ગુજરાત, ફોન : ૦૨૬૪૨-૨૮૦૦૧૧

Mo. 9427464411 (PhonePe/Paytm)

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com



**બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ**

A/c. No. 34620100000303

Razvi Kitab Ghar

IFSC Code : BARB0DAYADR


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૩૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૨૦૦/- |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


: માનદ તંત્રી :

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | ઈસ્લામ : હિંદનો સૌથી પહેલો તથા પૂરાણો મઝહબ | 04 |
| 02 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 12 |
| 03 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 15 |
| 04 | તઝકેરતુલ અવલિયા : હઝરત ઝુન્નૂન મિસ્રી رحمۃ اللہ علیہના હાલાત તથા ખૂબીઓ | 17 |
| 05 | મુસલમાનોની બુઝદિલીના સબબો | 20 |
| 06 | કોરોના વાયરસની વબા અને મુસ્લિમ કૌમ | 24 |
| 07 | અફઝલિયતે સૈયેદોના સિદ્દીકે અકબર رضی اللہ عنہ | 29 |
| 08 | બરકાતી ખાનકાહમાં ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો વિશિષ્ટ મકામ | 34 |
| 09 | અવામી ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ | 41 |
| 11 | કેટલાક જરૂરી મસાઈલ | 43 |
| 12 | બરકાતે ખ્વાજાની ટપાલ | 46 |


**હાલાતે હાઝરા પર....**

રજૂકર્તા : જનાબ હાફિઝ આરિફ માંગરોલી-બાલાસિનોર

✷ સિતારે ઝમીંકે બુઝે જા રહે હૈં  
હમારે અકાબિર ઉઠે જા રહે હૈં  
✷ કુછ ઈસ તરહ ટૂટા હૈ તસ્બીહ કા ધાગા  
કે સારે હી મોતી ગિરે જા રહે હૈં  
✷ મદારિસ હમારે હુએ બંધ ઐસે  
કે ઝી ઈલ્મ રૂઠે હૂએ જા રહે હૈં  
✷ યહ નબિયોં કે વારિષ ઝમીંકા યહ સબ્ઝા  
યહ ધરતી કો વિરાં કિયે જા રહે હૈં  
✷ વહ જિનસે થીં રોશન ફિઝાએં વતન કી  
દીએ રફતા રફતા બુઝે જા રહે હૈં  
✷ ઉફક પાર કયા ઈલ્મી મેહફિલ હૈ કોઈ ?!  
સભી અહલે દાનિશ ચલે જા રહે હૈં

**ફૈઝાને આ'લે રસૂલ 'નઝમી' رحمۃ اللہ علیہ**

*ઈમામ અહમદ રઝાકો પીરને નિસ્બત અતા કર દી*  
*મુરીદ હુજરે સે બનકર પીરકા પૈકર નિકલતે હૈં*  
*કલમ અહમદ રઝાકા સુન્નિતયકી આબરૂ ઠેહરા*  
*વહાબી કે લિયે અલ્ફાઝ કે નશતર નિકલતે હૈં*

# ઈસ્લામ હિંદનો સૌથી પહેલો તથા પૂરાણો મઝહબ

*તંત્રી લેખ........*

એ તો નિશ્ચિત હક઼ીક઼ત છે કે હઝરત આદમ عليه السلام (માનવ પિતા) પહેલાં દુનિયામાં કોઈ માનવનું અસ્તિત્વ હતું નહીં. હઝરત આદમ عليه السلام જન્નતમાં હતા ત્યાંથી પ્રતિબંધિત ફળ ખાવાના સબબે તેમને તથા બીબી હવ્વાને દુનિયામાં ઉતારવામાં આવ્યાં. અને એમાં રબની હિકમતો હતી કે આ રીતે દુનિયામાં માનવ વસ્તીનો વંશવેલો થવાનો હતો. **દુનિયામાં સૌ પ્રથમ અને તે પણ હિંદુસ્તાનમાં જ હઝરત આદમ عليه السلامને મોકલવામાં આવ્યા. તેમની સાથે દીને ઈસ્લામ પણ હિંદમાં આવ્યો.** આદમ عليه السلام તથા બીબી હવ્વાના આગમન પછી ક્રમે ક્રમે દુનિયામાં માનવ વંશવેલો વિકસતો ગયો અને આ વિકસતી વધતી જતી આદમ عليه السلامની ઔલાદની હિદાયત માટે રબ્બે કરીમે આ જગતમાં ક્રમે ક્રમે નબીઓ રસૂલોનો ક્રમ જારી રાખ્યો જેમણે પોત પોતાના સમયમાં પોતાની ક઼ૌમને ઈસ્લામની જ તાલીમાત તથા હુકમોની તબ્લીગ કરી. અને છેવટે અંતિમ નબી તરીકે આપણા પ્યારા નબી મુહમ્મદ મુસ્તફા ﷺને મોકલવામાં આવ્યા, જેમણે દુનિયાભરમાં ઈસ્લામનું નૂર ફેલાવી દીધું.

### ★ દરેક નબી ઈસ્લામની જ તબ્લીગ કરતા રહ્યા ★

રબ તઆલા ફર્માવે છે :

اِنَّ الدِّیۡنَ عِنۡدَ اللّٰہِ الۡاِسۡلَامُ ۟ وَ مَا اخۡتَلَفَ الَّذِیۡنَ اُوۡتُوا الۡکِتٰبَ اِلَّا مِنۡۢ بَعۡدِ مَا جَآءَہُمُ الۡعِلۡمُ بَغۡیًۢا بَیۡنَہُمۡ ؕ

"બેશક ! દીન (ધર્મ) તો અલ્લાહની નજીક ઈસ્લામ જ છે, અને મતભેદમાં ન પડયા કિતાબવાળાઓ પણ એના પછી કે તેમને ઈલ્મ આવી ચૂક્યો, પોતાના દિલોની જલનથી." *(સૂ. આલે ઈમરાન, આ. ૧૯)*

આ આયતની તફસીરમાં જલાલૈનમાં છે :–

"હઝરત અબૂ હાતિમે ઝહાકને આ આયતના બારામાં રિવાયત કરી. તેમણે ફર્માવ્યું, (અલ્લાહે) નથી મોકલ્યા કોઈ રસૂલને, પણ ઈસ્લામની સાથે. તો આ દલીલ છે એ શખ્સના માટે જે કહે કે બેશક ! ઈસ્લામ દીન આ ઉમ્મતના માટે ખાસ નથી." થોડીક લીટીઓ બાદ લખે છે કે, "અને મતભેદ કર્યો અહલે કિતાબે (કિતાબવાળાઓએ)" આ જવાબ છે એનો કે જ્યારે દીન અલ્લાહની નજીક એક જ છે તો પછી મતભેદ શાથી થયો ? તો જવાબ આપ્યો કે બેશક ! હઝરત આદમથી લઈને અત્યાર સુધી દીન (ધર્મ) તો એક જ હતો પણ મતભેદ અહલે કિતાબના કારણે થયો."

તફસીરે રૂહુલ બયાનમાં છે : "અને સત્ય ધર્મ (દીને હક઼્ક઼) આદમ عليه السلامથી લઈને આપણા નબીપાક ﷺ સુધી આ જ ઈસ્લામ ધર્મ છે, જેવું કે અલ્લાહ તઆલાએ ઈર્શાદ ફર્માવ્યો : اِنَّ الدِّیۡنَ عِنۡدَ اللّٰہِ الۡاِسۡلَامُ "બેશક ! દીન તો અલ્લાહની નજીક ઈસ્લામ જ છે."

વધુમાં ફર્માવ્યું : ઈસ્લામ ધર્મની હક઼ીક઼ત તો "તૌહીદ" (અલ્લાહ એક છે, તેના સિવાય કોઈની ઈબાદત

નથી) છે અને તેની સ્થિતિ વિવિધ શરીઅતોમાં જોવા મળી. દરેક શરીઅતની પોતાની શરતો છે અને હક઼ીક઼તમાં આ જ એક દીન છે જે શરૂથી લઈને ક઼યામત સુધી રહેશે."

આ આયતની તફસીરમાં મુફતી અહમદ યારખાં નઈમી عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَان ફર્માવે છે કે "અહલે કિતાબનો ધર્મ એક જ હતો એટલે કે "ઈસ્લામ" પણ તેમણે હસદના કારણે જાણીબુઝીને આપસમાં મતભેદ કર્યો અને સેંકડો ફિર્ક઼ા બની ગયા." *(તફસીરે નઈમી, ૩/૪૦૦) (વધુ ચર્ચા માટે જુઓ કિતાબ : ઈસ્લામ ઔર હિંદુ ધર્મકા તક઼ાબુલી મુતાલિઆ)*

સારાંશ કે દરેક સમય અને દરેક જમાનામાં અસલી ધર્મ તથા હક઼ીક઼ી દીન એક જ હતો અને તે છે ઈસ્લામ ! અને દરેક રસૂલ તથા પયગંબર ચાહે તે આદમ હોય કે નૂહ, ઈબ્રાહીમ હોય કે ઈસ્માઈલ, ઈસ્હાક઼ હોય કે યાકૂબ, મૂસા હોય કે ઈસા વગેરે (عَلَيْهِمُ السَّلَام) સૌએ પોત પોતાની ક઼ૌમને ઈસ્લામ ધર્મની જ દા'વત આપી હતી અને તેમના પર જે આસ્માની સહીફા તથા કિતાબો નાઝિલ થઈ તેમાં પણ ઈસ્લામની જ સ્પષ્ટ તા'લીમાત હતી, પરંતું બાદમાં આપસી કીનો તથા હસદના કારણે અહલે કિતાબ મતભેદ તથા વિખવાદના શિકાર બન્યા અને વિવિધ ધર્મોમાં ફેરવાય ગયા.

## ★ હઝરત આદમ علیہ السلام હિંદની ધરતી પર જ ઉતર્યા હતા ! ★

અલ્લાહ તઆલાએ સૌ પ્રથમ જે નબી પયગંબરને પોતાના બંદાઓની હિદાયત તથા રહબરીને માટે ઉતાર્યા તે આદમ علیہ السلام જ હતા અને **હઝરત આદમ علیہ السلام નું ઉતરાણ હિંદુસ્તાનમાં જ થયું. મતલબ કે ઈસ્લામ આદમ علیہ السلام ની સાથે સૌ પ્રથમ હિંદુસ્તાનમાં જ ઉતર્યો.** એ જ કારણે ઈલ્મ તથા હિકમતનાં ઝરણાં સૌ પ્રથમ અહીંથી જ વહેતાં થયાં. તેમજ સિદરાના મકીં હઝરત જિબ્રઈલ علیہ السلام અલ્લાહની વહી લઈને સૌ પ્રથમ આ જ ભૂમિ પર હાજર થયા. અનેક રિવાયતો એના વિશે છે.

તફસીરે રૂહુલ બયાનમાં અલ્લામા ઈસ્માઈલ હક્ક઼ી عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَان લખે છે કે, "આદમ علیہ السلام હિંદમાં સરાનદીપ (હાલનું **શ્રીલંકા**)ના પહાડ પર ઉતર્યા જેના કારણે ત્યાંના ઝાડો ખુશ્બોદાર થઈ ગયાં, કેમ કે આદમ علیہ السلام જન્નતની ખુશ્બુ સાથે લાવ્યા હતા." *(તફસીરે રૂહુલ બયાન, પેજ-૨૩૭, ઈબ્ને કષીર, ૧/૧૨૫)*

શયખ અલી રૂમી عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَان "મુહાઝિરતુલ અવાઈલ વ મસામિરતુલ અવાખિર'માં ફર્માવે છે કે, "પ્રથમ સ્થળ જ્યાં આદમને ઉતારવામાં આવ્યા તે હિંદુસ્તાનના ટાપુઓમાંથી એક ટાપુ છે. એમાં એક પહાડ છે જેને રાહવાન કહેવામાં આવે છે એ સરાનદીપના મુલ્કમાં એ જગા છે જે દજની કહેવાય છે અને એ પહાડ પર હઝરત આદમ علیہ السلام નાં ક઼દમનાં નિશાન છે."

અને ફર્માવે છે કે, "પ્રથમ તે સ્થળ જ્યાંથી હિકમતોનાં ઝરણાં ફૂટયાં તે હિંદુસ્તાન છે અને પછી મક્કાનું હરમ છે. આ ઝરણા ઈન્સાનિયતના પ્રથમ મુઅલ્લિમ આદમ સફીયુલ્લાહની ઝબાનથી ફૂટયાં. અલ્લાહનાં દુરૂદો સલામ થાય તેમના પર અને સર્વ નબીઓ પર. અને ફર્માવ્યું કે પ્રથમ જગા જ્યાં કિતાબો લખવામાં આવી અને જ્યાંથી આદમ علیہ السلام ની ઝબાનથી હિકમતનાં ઝરણાં વહયાં તે હિંદુસ્તાન છે.

*(તફસીરો હદીષમેં હિંદુસ્તાનકા તઝકેરા, પેજ-૪૨)*

પ્રોફેસર મસ્ઊદ અહમદ (લાહોર) ફર્માવે છે કે, "તફસીરો તથા હદીષોની રિવાયતોથી માલૂમ થાય છે કે હઝરત આદમ علیہ السلامએ હિંદની ભૂમિમાં ઉતરાણ કર્યું. સરાનદીપ લંકાના એક પહાડ પર આપના કદમનું નિશાન પણ બતાવવામાં આવે છે. લગભગ એ જ સંબંધને કારણે હુઝૂરે અન્વર ﷺએ ફર્માવ્યું કે મને હિંદુસ્તાનની તરફથી રબ્બાની ખુશ્બુ આવે છે." *(આખરી પયગામ, પેજ–૧૭૧)*

મુફસ્સિરે કુર્આન સદરુલ અફાઝિલ હઝરત અલ્લામા નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہ લખે છે કે, "હઝરત (આદમ)ને હિંદની ભૂમિ સરાનદીપના પહાડો પર અને હઝરત હવ્વાને જિદ્દામાં ઉતારવામાં આવ્યાં. હઝરત આદમ علیہ السلامની બરકતથી જમીનનાં, ઝાડોમાં પાકીઝા ખુશ્બુ પેદા થઈ ગઈ."

*(કન્ઝુલ ઈમાન, પેજ–૧૨, તફસીરે ઈબ્ને કષીર, ૧/૧૨૫)*

## ★ ઈસ્લામ આદમ علیہ السلام સાથે સૌ પ્રથમ હિંદમાં આવ્યો ★

**પૃથ્વી પરના પ્રથમ માનવી, માનવ પિતા આદમ علیہ السلامની સાથે ઈસ્લામ સૌ પ્રથમ હિંદુસ્તાનમાં આવ્યો** અને એ શાનની સાથે આવ્યો કે એના અક઼ીદા તૌહીદ (અલ્લાહનું એક હોવું) તથા રિસાલતની સદાઓ (અવાજો) પણ સૌ પ્રથમ આ જ ભૂમિ પર બુલંદ થઈ. અબૂ નુએમે "હિલ્યહ"માં અને ઈબ્ને અસાકિરે, અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "હઝરત આદમ علیہ السلامને સરાનદીપ (શ્રીલંકા)માં ઉતારવામાં આવ્યા તો તેમને ગભરાહટ તથા પરેશાની લાગુ થઈ. તો જિબ્રઈલ علیہ السلام ઉતર્યા અને અઝાન આપવી શરૂ કરી. *અલ્લાહુ અકબર, અલ્લાહુ અકબર. અશ્હદુઅલ્લા ઈલાહ ઈલ્લલ્લાહ,* બેવાર, *અશ્હદુ અન્ન મુહમ્મદર્રસૂલુલ્લાહ* બેવાર." *(ખસાઈસુલ કુબરા, પેજ–૨૧–૨૨)*

મુફતી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہએ પણ તફસીરમાં ઉપર મુજબ જણાવ્યા બાદ લખ્યું કે, "જ્યારે આદમ علیہ السلامએ અઝાનમાં હુઝૂર ﷺનું નામ સાંભળ્યું ત્યારે તેમની ગભરાહટ દૂર થઈ ગઈ."

*(તફસીરે નઈમી, ૧/૩૩૧)*

જાણવા મળ્યું કે પૃથ્વી પર **સૌ પ્રથમ તૌહીદ તથા રિસાલતનો અવાજ હિંદની ભૂમિના વાતાવરણમાં ગુંજ્યો** કેમ કે અઝાન હક઼ીક઼તમાં તૌહીદ તથા રિસાલતનો બેહતરીન પયગામ જ છે. (અફસોસ ! એ જ હિંદમાં આજે એક ખુદાને છોડીને ન જાણે શું શું થઈ રહ્યું છે !) અઝાન કે તૌહીદ તથા રિસાલતનો પયગામ જ શું **રહમતે દો આલમ હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺના નૂર મુબારકનું ઉતરાણ પણ સૌ પ્રથમ આ જ ભૂમિ હિંદુસ્તાનમાં થયું અને પછી અરબના શહેર મક્કામાં તે જાહેર થયું.**

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, બેશક ! આ કુરૈશી નબી હઝરત આદમની પેદાઈશથી બે હજાર વરસો પહેલાં બારગાહે ખુદાવંદીમાં નૂર હતા. આ નૂર અલ્લાહની તસ્બીહ બયાન કરતું તો ફરિશ્તા પણ તેની તસ્બીહની સાથે તસ્બીહ બયાન કરતા. જ્યારે અલ્લાહ તઆલાએ હઝરત આદમને પેદા કર્યા તો આ નૂર તેમની પીઠમાં રાખ્યું. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ મને આદમની પીઠમાં રાખીને જમીન પર ઉતાર્યો, પછી નૂહની પીઠમાં, ત્યાં સુધી કે ઈબ્રાહીમની પીઠમાં રાખ્યો પછી અલ્લાહ તઆલા મુબારક પીઠો તથા પવિત્ર ગર્ભોમાં બદલતો

રહ્યો, ત્યાં સુધી કે મને મારાં માબાપે પેદા કર્યો.

હઝરતુલ અલ્લામ નૂરુદ્દીન અબ્દુર્રહમાન "જામી" رحمۃ اللہ علیہ ફર્માવે છે કે "જે હિસ્સો જનાબ મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺના જિસ્મે ઉન્સરી (મૂળ તત્વ)નો હતો તે એક નૂરે અઝીમ (મહાન નૂર)ના સ્વરૂપે હઝરત આદમની પેશાનીમાં ચમકતો હતો. પછી તે આદમની પીઠથી હઝરત હવ્વા رضی اللہ عنہاના ગર્ભમાં બદલી થયો. ત્યાંથી પછી શીશ علیہ السلامની પીઠમાં અને એ જ રીતે ક્રમે ક્રમે પાક પવિત્ર લોકોની પીઠોથી નેક તથા પવિત્ર બીબીઓનાં ગર્ભોમાં તબદીલ થતો રહ્યો પછી તે પાક ગર્ભોથી નેક તથા પવિત્ર પીઠોમાં આવતો રહ્યો." *(શવાહિદુન્નબુવ્વત, પેજ–૬૦)*

અલ્લામા અબ્દુર્રહમાન ઈબ્ને જવઝી બગદાદી ફર્માવે છે કે, "રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ મને આદમની પીઠમાં જમીન પર ઉતાર્યો અને મને હઝરત નૂહની સાથે કશ્તીમાં સવાર કર્યો અને મને ઈબ્રાહીમની પીઠમાં આગમાં નાખ્યો : એ જ રીતે મારા વાલિદ હઝરત અબ્દુલ્લાહ સુધી એક પીઠથી બીજી પીઠ તરફ બદલાતો રહ્યો." *(જાને જાનાં, પેજ–૩૩)*

ગુલામ અલી આઝાદ બેલગ્રામી પોતાના શેઅરોમાં આ પ્રમાણે નઝમ કરે છે : (અર્થ) : બનાવનારે આદમની અંદર પોતાનું નૂર રાખી દીધું રોશન સિતારાની જેમ ચમકતુ. હિંદુસ્તાન આપણા જદ્દે અમજદ (મૂળ દાદા)ના ઉતરાણની જગા તથા રહેઠાણ છે. આ સહીહ ક઼ૌલ (કથન) છે અને એની સનદ મજબૂત છે. જેથી **હિંદુસ્તાનની ભૂમિ સૌ પ્રથમ નૂરે મુહમ્મદ ﷺથી રોશન થઈ,** જે સૌ અઝમતવાળાઓથી બેહતર છે.

એક બીજા સ્થળે જણાવે છે : "હિંદુસ્તાન જ નૂરે મુહમ્મદીનું મત્લઅ (બહાર પડવાની જગા) અને ક઼ાયમી ફયઝનું મબ્દા (જાહેર થવાનું સ્થળ) છે અને અરબની ભૂમિ એની ઈનાયત તથા તેના જાહેરી વજૂદને જાહેર થવાની જગા છે. આ જ ભૂમિમાંથી સૌ પ્રથમ મિલ્લતે હનફિયહનો અવાજ બુલંદ થયો, સલ્તનતે મુહમ્મદિયહની નોબત વાગી." *(તફસીરો અહાદીષમેં હિંદુસ્તાનકા તઝકેરા, પેજ : ૫૭)*

સાબિત થયું કે **નૂરે મુહમ્મદી ﷺ સૌ પ્રથમ હિંદુસ્તાનમાં નાઝિલ થયું અને અરબમાં જાહેર થયું તથા બહાર પડયું.** અને **અહીંથી જ** દીને હનીફ એટલે **ઈસ્લામની શરૂઆત થઈ.** એ નૂરે મુહમ્મદીની જ બરકત તથા હિકમત છે કે અહીંની (હિંદની) ધરતી તથા પાતાળ, ઝાડ તથા પથ્થર તથા ફળ ફૂલ તથા પાંદડાં સૌમાં મુહમ્મદ ﷺના જલ્વા જોવા મળે છે.

## ★ હર ગુલમેં હર શજર (ઝાડ)મેં મુહમ્મદ ﷺ કા નૂર હૈ ★

આ વિષયે લખવા માટે એક દફતર જોઈએ પણ નીચેના લખાણમાં એની સાબિતી રૂપે અમુક ઐતિહાસિક તથા વાસ્તવિક બનાવો રજૂ કરી રહ્યા છીએ જેને વાંચો ને ઈમાનને તાજુ કરો :

અબુલ બક઼ાએ 'મુન્સક'માં હિકાયત વર્ણવી છે કે અબ્દુલ્લાહ ઈબ્ને માલિકે કહ્યું કે, હું હિંદુસ્તાનમાં દાખલ થયો અને ફરતાં ફરતાં એક શહેરમાં પહોંચ્યો જેને નમીલા કે તમીલા કહે છે. ત્યાં મેં એક મોટા

ઝાડને જોયું જેનાં બદામ જેવાં છીલકાવાળાં ફળો થતાં હતાં. જો એ ફળને તોડવામાં આવે તો તેમાંથી એક લીલા રંગનો ગડી વાળેલ કાગળ નીકળે છે જેના પર લાલ શાહી વડે "લાઈલાહ ઈલ્લલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ" લખેલું હોય છે. હિંદુસ્તાની લોકો આ ઝાડથી બરકત હાંસલ કરે છે અને તેના વસીલાથી વરસાદ માટે દુઆ માટે છે." *(તફસીરો અહાદીષમેં હિંદુસ્તાનકા તઝકેરા, પેજ–૮૩)*

એક સહાબી કે તાબઈ કલીલ બિન વાઈલ رضی اللہ عنہ હિંદુસ્તાન તશરીફ લાવ્યા અને ત્યાં તેમણે એવું ઝાડ જોયું જેનાં લાલ રંગનાં ફૂલ પર સફેદ અક્ષરોમાં "મુહમ્મદુર્રસૂલુલ્લાહ" લખેલ હતું. *(જાને જાનાં, પેજ–૭૫)*

ઈ.સ. ૧૯૨૧માં સિંધમાં પીલુડીના પાંદડાં પર "મુહમ્મદ" નામ લખેલું જોયું અને જોનારાઓમાં આરિફે કામિલ, ફાઝિલે અજલ ખ્વાજા મુહમ્મદ હસન જાન સરહિંદી رحمۃ اللہ علیہ પણ હતા. આ પાંદડાં રાજસ્થાન (ભારત) ગયાં જ્યાં એક આરિફે કામિલ શાહ રુકનુદ્દીન અલ્વરી رحمۃ اللہ علیہએ તેની ઝિયારત (દીદાર) કરાવી. *(જાને જાનાં, પેજ–૭૬)*

મુફતીએ આ'ઝમ શાહ મઝહરુલ્લાહ (દહેલ્વી) رحمۃ اللہ علیہના કિતાબ ઘરમાં એવા પથ્થર મેહફૂઝ હતા જેના પર કુદરતની કલમથી નામે નામી "મુહમ્મદ" લખેલ હતું. *(પેજ–૭૭)*

પશ્ચિમી યુ.પી.ના મુરાદાબાદમાં નવી સડક પર આવેલ તમન્નાવાળી મસ્જિદના ઉત્તરી દરવાજાની ઉપર આજે પણ આરસપહાણના બે પથ્થર જડેલા છે જેના પર કુદરતની કલમથી સાફ સાફ નામ "મુહમ્મદ" લખેલું છે, જેને કેટલીયવાર લખનારે (લેખક ડૉ. મુહમ્મદ અહમદ નઈમીએ) સ્વઆંખોએ પોતે જોયેલ છે. *(ઈસ્લામ ઔર હિંદુ ધર્મ કા તકાબુલી મુતાલિઆ, પેજ : ૫૯)*

## ★ એક અજીબો ગરીબ ઈમાન અફરોઝ બનાવ ★

હિ.સ. ૧૦૦૦માં હિંદુસ્તાનમાં એક બુદ્ધિને દંગ કરી દે તેવો બનાવ ઉપસ્થિત થયો. બનાવ એ છે કે લાહોરના ગવર્નર કલીચ મુહમ્મદખાંની જોનપુરના વિસ્તારમાં એક જમીન હતી. જ્યારે મકાન બાંધવા માટે તેને ખોદવામાં આવી તો એક ગુંબદ નજર આવ્યો અને ખોદયું તો પૂરો ગુંબદ નીકળી આવ્યો. ખોદતાં ખોદતાં એક અઠવાડિયુ નીકળી ગયું. દિવસ રાત ખોદકામ ચાલુ રહ્યું ત્યાં સુધી કે ગુંબદનો દરવાજો પણ નીકળી આવ્યો. દરવાજાને એક મણ વજનનું તાળુ હતું તે તોડવામાં આવ્યું અને દરવાજો ખોલવામાં આવ્યો તો શું જુએ છે કે દૂબળો પાતળો માણસ હાડકાંઓની માળા પલાંઠીવાળીને મુરાકેબામાં છે, માથુ નમાવેલું છે. તેણે શોરોગુલનો અવાજ સાંભળીને માથુ ઉઠાવ્યું અને હિંદી ભાષામાં અમુક સવાલો કર્યા. છેલ્લો સવાલ એ હતો કે, "શું ખાતમુન્નબીય્યીન હઝરત મુહમ્મદ ﷺ અરબમાં જાહેર થઈ ગયા ?!" જવાબ આપવામાં આવ્યો કે એક હજાર વરસ થઈ ગયાં ! તે મુસલમાનોની જેમ નમાઝ પઢતો રહ્યો. છ મહિના પછી તેણે ઈન્તેકાલ કર્યો. એ શખ્સ કોણ હતો, ક્યારથી અહીં માથુ નમાવીને બેઠો હતો ?! સવાલો પરથી એવું અનુમાન થાય છે કે એ હજારો વરસથી આ એકાંતવાસમાં મહેફૂઝ હતો.

## ★ હજરે અસ્વદ પણ સૌ પ્રથમ હિંદમાં ઉતર્યો ★

નૂરે મુહમ્મદી અને તૌહીદ તથા રિસાલતનો પયગામ આપતી અઝાનની જેમ હજરે અસ્વદ જે કા'બા શરીફમાં લાગેલ છે તેણે પણ સૌ પ્રથમ પોતાના જન્નતી તથા નૂરાની વજૂદ વડે હિંદને જ મુશર્રફ તથા બાબરકત કર્યું. એટલું નહીં બલ્કે બયતુલ્લાહનો હજ્જ તથા હરમ શરીફની ઝિયારતનો શરફ પણ સૌ પ્રથમ આ જ હિંદુસ્તાનની ભૂમિ પર રહેનારાઓને હાંસલ થયો. હઝરત આદમ علیہ السلامએ હિંદુસ્તાનથી ચાલીને ચાલીસવાર બયતુલ્લાહનો હજ્જ કર્યો.

ઈબ્ને હાતિમે સદીથી રિવાયત કરી છે કે **જ્યારે આદમ علیہ السلامને જન્નતથી ઉતારવામાં આવ્યા તો તે 'હજરે અસ્વદ' પોતાની સાથે લાવ્યા હતા જે આપના વિસાલ બાદ હિંદમાં મહેફૂઝ રહ્યો. એ સફેદ ચમકદાર યાકૂતનો હતો. જ્યારે ઈબ્રાહીમ علیہ السلامએ કા'બતુલ્લાહનું બાંધકામ કર્યું તો જિબ્રઈલ علیہ السلام તેને હિંદથી લાવ્યા અને આપની ખિદમતમાં પેશ કર્યો.**

*(તારીખે મક્કા મુકર્રમા, ૨/૨૧૧)*

હઝરત કતાદા رضی اللہ عنہ તથા હઝરત અબૂ આલિયા رضی اللہ عنہથી (સમાન) મરવી છે કે, "આદમ علیہ السلامને હિંદમાં ઉતારવામાં આવ્યા." હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماની તથા હસન બસરી رضی اللہ عنہની પણ એવી જ રિવાયત છે. સદી رحمۃ اللہ علیہનો કૌલ છે કે આદમ علیہ السلام હિંદમાં ઉતર્યા. આપની સાથે 'હજરે અસ્વદ' અને જન્નતી ઝાડનાં પાંદડાં હતાં જે હિંદમાં ફેલાવી દેવામાં આવ્યાં અને તેનાથી ખુશબોદાર ઝાડ પેદા થયાં." *(તફસીરે ઈબ્ને કષીર, ઉર્દૂ, ૧/૧૨૫, લાહોર, ૨૦૦૬)*

માજી ગવર્નર ઓડિશા ડૉ. બી. એન. પાંડેએ લખ્યું છે કે, "અરબ વેપારીઓનો એક કાફલો આદમની ચોટી (પહાડની ટોચ જ્યાં આપનાં કદમોનાં નિશાન છે)ની ઝિયારતના માટે હિંદુસ્તાન રવાના થયો. કગાનૂરના બંદરે રાજા ચીરૂમન પીરૂમલે તે વેપારીઓનું સ્વાગત કર્યું. વેપારીઓએ મુહમ્મદ ﷺનો ચાંદના બે ટુકડા કરવાવાળો બનાવ રાજાને સંભળાવ્યો તો રાજા ખૂબ જ પ્રભાવિત થયો અને તેણે ઈસ્લામ સ્વીકારી લીધો. રાજાનું નામ અબ્દુર્રહમાન રાખવામાં આવ્યું અને એ સોદાગરોની સાથે મદીના મુનવ્વરાની ઝિયારત માટે ચાલી નીકળ્યો. પરત થતાં માર્ગમાં જ તેનું મૃત્યુ થઈ ગયું. ચીરૂમને મુસલમાનોને શાહી ફર્માન થકી મસ્જિદો બનાવવાની ઈજાઝત આપી. એ ફર્માનના હેઠળ મલબારમાં કેટલીયે જગાએ મસ્જિદો બનાવવામાં આવી....."

*(ભારત ઔર મનુ સંસ્કૃતિ, ૨/૧૪૫)*

આ રીતે વર્ણવેલ હવાલાઓથી જાહેર થાય છે કે ઈસ્લામ, નૂરે મુહમ્મદી, તૌહીદ તથા રિસાલતનો પયગામ, અઝાન તથા હજરે અસ્વદના ઉતરાણની સૌથી પ્રથમ જગા હિંદુસ્તાન છે અને હજ્જે બયતુલ્લાહથી મુશર્રફ (નસીબવંત) થવાનો શરફ તથા ગર્વ સૌ પ્રથમ હિંદુસ્તાનવાસીઓને મયસ્સર થયેલ છે. તે ઉપરાંત હઝરત નૂહ, હઝરત સુલૈમાન, હઝરત ઐયૂબ તથા હઝરત ઈસા علیہم السلام અને ખાસ કરીને હઝરત શીશ علیہ السلامનું પણ હિંદમાં તશરીફ લાવવું અને ઈસ્લામી તૌહીદ તથા રિસાલતની દા'વત તથા તબ્લીગનો ફરીઝો અંજામ આપવું અમુક રિવાયતોથી સાબિત થાય છે.

જનાબ ગુલામ મુહમ્મદ પોતાની કિતાબ "તારીખે ગુમ ગશતહ"માં લખે છે કે અયોધ્યાની વસ્તીથી એક માઈલ દૂર ચાલીસ ગજ લાંબી એક કબ્ર મૌજૂદ છે એ હઝરત આદમ علیہ السلامના પુત્ર હઝરત શીશ علیہ السلامની અંતિમ આરામગાહ છે. આપનો મઝાર અને કબ્રસ્તાન ચાલીસ વીંઘાના એરિયામાં ફેલાયેલ છે, જેમાં સેંકડો બુઝુર્ગાને દીન આરામ ફર્માવી રહ્યા છે. સુલ્તાન સિકંદર લોધીએ હઝરત શીશ علیہ السلامની કબ્ર તથા આસપાસના વિસ્તારનું રિનોવેશન તથા બાંધકામ કરાવેલું. આપ સ્થાનિક લોકોમાં જેમાં હિંદુ મુસ્લિમ બંનેવ સામેલ છે જેથી શીશ દાદા, શીશ દેવતા તથા શીશ પયગંબરના નામથી મશહૂર છે."

*(માહનામા સલામો પૈગામ, પેજ : ૨૦, તફસીરો અહાદીષમેં હિંદુસ્તાનકા તઝકેરા, પેજ : ૫૨)*

## ★ ઈસ્લામ હિંદ માટે કોઈ ગૈર દેશનો ધર્મ નથી ★

ઉપરોક્ત હવાલાઓથી સાબિત થાય છે કે ઈસ્લામ વૈશ્વિક ધર્મ હોવાની સાથોસાથ એક હિંદુસ્તાની ધર્મ પણ છે, બલ્કે **એવું કહેવામાં આવે તો ખોટુ નથી કે આ આપણે સૌ હિંદુસ્તાનીઓના બાપદાદાનો તથા પૂરાણો ધર્મ છે.** એટલા માટે સર્વ માનવોના પિતા હઝરત આદમ علیہ السلام વતની તરીકે હિંદુસ્તાની હતા, કેમ કે આપને અલ્લાહે હિંદુસ્તાનની ભૂમિ પર ઉતાર્યા અને છેવટ જીવન સુધી હિંદમાં વસેલા રહ્યા. આપની ઔલાદ પણ અહીં રહી, પણ તે ખૂબ જ પ્રમાણમાં વધી ગઈ તો તે વિશ્વમાં વિવિધ સ્થળે ચારેવ તરફ ફેલાઈ ગઈ. જાણો કે દુનિયાના સર્વ માનવો પોતાના બાપ હઝરત આદમ علیہ السلامના વતનના લેહાઝથી પૂરાણા હિંદુસ્તાની છે અને **સૌના બાપદાદાનો તથા પૂરાણો ધર્મ ઈસ્લામ છે. ઈસ્લામ હિંદુસ્તાનના માટે કોઈ ગૈર દેશોનો અથવા નવો ધર્મ કદાપિ નથી, બલ્કે એ જ પૂરાણો હિંદુસ્તાની ધર્મ છે.** તો સત્યના ચાહક દરેકે આ અસલ, પૂરાણા તથા હિંદુસ્તાનના બાપદાદાઓના ધર્મ તરફ ઘર વાપસી કરવી જોઈએ.

શૈતાનના વસવસાઓમાં આવીને હઝરત આદમ علیہ السلامનો લાવેલ મઝહબ છોડીને જ્યારે આદમની ઔલાદ બાતિલ મઅબૂદોની ઈબાદતમાં લાગી ગઈ ત્યારે રબ તઆલાએ વિવિધ પ્રદેશો અને વિવિધ કૌમોની હિદાયતના માટે ક્રમે ક્રમે નબીઓ, રસૂલોને મોકલ્યા. છેવટે આખરી નબી હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺને મોકલ્યા અને ઈસ્લામને ઝિંદા કર્યો. અને આપના દુનિયાથી પર્દો કર્યા બાદ હવે કોઈ નબી નહીં આવે, જેથી આ જિમ્મેદારી ઉમ્મતના ઉલમા તથા બુઝુર્ગાને દીનના શિરે રાખી અને તેમણે ઈસ્લામની તબ્લીગ વિશ્વભરમાં કરી. ખાસ કરીને હિંદમાં દાતા ગંજશ બખ્શ લાહોરી, તેમજ ચિશ્તી સિલસિલાના બુઝુર્ગો ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہએ તેમજ હઝરત કુત્બુદ્દીન બખ્તિયાર કાકી, હઝરત ફરીદુદ્દીન ગંજ શકર, હઝરત નિઝામુદ્દીન ઔલિયા, હઝરત નસીરુદ્દીન ચિરાગ દહેલ્વી, વગેરે તેમજ નકશબંદી, સુહરવર્દી, કાદરી દરેક સિલસિલાના અનેક બુઝુર્ગો (رحمۃ اللہ علیہم اجمعین)એ અખંડ ભારતમાં ઈસ્લામનો પરચમ લહેરાવ્યો અને જેઓ હઝરત આદમ علیہ السلامના હિંદમાં આગમન છતાં પોતાના બાપદાદાનો પૂરાણો મઝહબ ઈસ્લામ છોડીને ગૈર ખુદાની ઈબાદતમાં લાગી ગયા હતા તેમને હિદાયતના નૂરથી નવાઝી મૂળ ધર્મ ઈસ્લામ પર આણ્યા, ઈસ્લામની રોનકથી હિંદને ચમકાવી દીધું હતું.

**હે મુસલમાન ! તું ખુદાનું માન તો સૌ તારું માનશે !** : અફસોસ ! કે સમયના વહેણમાં ક્રમે ક્રમે ત્યાર પછીના મુસલમાનોમાં ઈસ્લામની તબ્લીગનો એ રંગ તથા જોશ ન રહ્યો અને ખુદ મુસલમાનો જ ઈસ્લામ વિરુદ્ધ વર્તવા લાગ્યા. આજે તેમના અક઼ીદા પણ અસલ ઈસ્લામી નથી રહ્યા, અનેક બાતિલ ફિર્કાઓ નબી, સહાબી, વલીના ગુસ્તાખ બની નામના મુસલમાન રહી ગયા અને જેમના અક઼ીદા સહીહ છે તેઓ અમલી જિંદગીમાં ઈસ્લામથી સદંતર વિરુદ્ધ વર્તી રહ્યા છે, (ઈલ્લા માશા અલ્લાહ!) એ જ કારણે આજે મુસલમાનો પર જાલિમ હાકિમો બેસી ગયા છે અને અનેક મુસીબતો દિન પ્રતિ દિન ખડી કરી રહ્યા છે. જો મુસલમાનોએ આ મુસીબતોથી બહાર આવવું હોય તો સર્વ આયોજનો કોરાણે મૂકીને અક઼ીદાની રીતે તથા અમલી રીતે સાચા ઈમાનદાર, શરીઅતના પાબંદ, ખૌફે ખુદાવાળા મો'મિન બનીને સાચા દિલથી ઈસ્લામની મહોબ્બત દિલમાં વસાવીને જીવવાની શરૂઆત કરવાની છે અને ઈસ્લામના પ્રચારની સાચી લગન સાથે જીવવાની જરૂર છે. તો જરૂર ઈસ્લામ તથા મુસલમાનોની ખોવાયેલી ઈજ્જત ફરી મળી શકે છે. ઈન્શા અલ્લાહ ! કેમ કે ખુદ રબનું જ ફર્માન છે : وَلَا تَهِنُوْا وَلَا تَحْزَنُوْا وَاَنْتُمُ الْاَعْلَوْنَ اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ "ન સુસ્તી કરો અને ન ગમગીન થાવ, તમો જ કામયાબ થશો જો ઈમાનવાળા છો." *(સૂરએ આલે ઈમરાન, ૩/૧૩૯)* સારાંશ કે સાચા મો'મિન બની જાવ તો કામયાબી તમારા ક઼દમો ચૂમશે. ❑ ❑ ❑

**આહ ! હાફિઝ ઐયૂબ મોટલી આપણામાં નથી રહ્યા !**

**દયાદરા** : તા. ૧૪–૮–૨૦૨૦ જુમ્આ મુ. ચાંદ ૨૩ ઝીલ હજ્જ, હિ.સ. ૧૪૪૧ના રોજ ૫૭ વરસની વયે મર્હૂમ હાફિઝ ઐયૂબ મોટલી (માસૂમ ટુરવાળા) આ ફાની જગતને અલવિદા કહી આપણી વચ્ચેથી અલ્લાહની રહ્મતમાં પહોંચી ગયા. اِنَّا لِلّٰهِ وَاِنَّآ اِلَيْهِ رٰجِعُوْنَ મર્હૂમ હાફિઝ સાહબ ખૂબ જ અચ્છા હાફિઝ, નેક, બાઅખ્લાક઼ દીનદાર, સખી સ્વભાવના, ખાસ કરીને ઉલમા, સાદાત તથા દીનદાર લોકો સાથે ખૂબ જ તા'ઝીમ તથા મહોબ્બતથી વર્તતા હતા. નઝરો નિયાઝથી નવાઝતા રહેતા હતા. હસમુખા સ્વભાવના અને ગરીબોને ગુપ્ત રીતે મદદ કરનાર હતા, સૌને અમારા ખાસ હમદર્દ મિત્ર હતા. દીની કામોમાં અમને ખૂબ જ પ્રોત્સાહન આપતા હતા. આપ હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہના મુરીદ હતા. તથા દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદી–દયાદરા તેમજ મદ્રસાએ મઝાહેરુલ ઉલૂમ–દયાદરાના ટ્રસ્ટી પણ હતા. દીની સંસ્થાઓમાં દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ, દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ, ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા, અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરાની સહાય તથા સુન્ની દા'વતે ઈસ્લામીના નાના મોટા ઈજતેમાઓમાં ન્યાઝ તેમજ અનેક સુન્ની સંસ્થાઓને ભરપુર ઈમદાદ કર્યા કરતા હતા. વરસો સુધી મુખ્તારુલ મસાજિદ–નૂરાની મસ્જિદ–દયાદરામાં રમઝાનમાં તરાવીહ પઢાવી અને કેટલાક વરસોથી છેલ્લી રમઝાન સુધી તરાવીહ પઢાવનાર હાફિઝોને સાંભળીને જરૂરત પડે લુકમો આપતા. તરાવીહ પઢનાર પાછળ રહી સાંભળવાનું સ્વેચ્છાએ ફીસબીલિલ્લાહ કરતા હતા. અનેકવાર હજ્જ, ઉમરા તથા ઝિયારત એમને નસીબ થઈ હતી. મર્હૂમ હાફિઝ સાહબના ઈન્તેક઼ાલના સમાચારે હૈયું હચમચાવી દીધું, અનેક લોકોની આંખો ભરાઈ આવી. સમગ્ર ગ્રામ્યજનો, ચાહકો, ઓળખીતાઓ તથા જેઓ એમના સંપર્કમાં હતા સૌ રંજ તથા શોકમાં ડૂબી ગયા. મોટા ચકલા–દયાદરા પર થતા દરેક દીની પ્રોગ્રામમાં નિયાઝ એમના તરફથી જ રહેતી તેમજ નઝરાણામાં પણ ભરપુર સહકાર રહેતો. રબ્બે કરીમ તેમની સર્વ નેકીઓનો તેની આ'લા શાન પ્રમાણે બેહતરથી બેહતર બદલો આપે અને તેમની ખતાઓને, કમીઓને પોતાની રહ્મતથી નેકીઓમાં તબદીલ કરી આપે. રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદક઼ામાં મર્હૂમ હાફિઝ સાહબની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

સૂરએ નિસાઅ્ મદીના તચ્યિબામાં ઉતરી, એમાં ૧૭૬ આયતો, ૨૪ રૂકૂઅ છે.

وَ مَا لَكُمْ لَا تُقَاتِلُوْنَ فِيْ سَبِيْلِ اللّٰهِ وَ الْمُسْتَضْعَفِيْنَ
مِنَ الرِّجَالِ وَ النِّسَآءِ وَ الْوِلْدَانِ الَّذِيْنَ يَقُوْلُوْنَ رَبَّنَاۤ
اَخْرِجْنَا مِنْ هٰذِهِ الْقَرْيَةِ الظَّالِمِ اَهْلُهَاۚ وَ اجْعَلْ لَّنَا
مِنْ لَّدُنْكَ وَلِيًّاۙۚ وَّ اجْعَلْ لَّنَا مِنْ لَّدُنْكَ نَصِيْرًا۝٧٥
اَلَّذِيْنَ اٰمَنُوْا يُقَاتِلُوْنَ فِيْ سَبِيْلِ اللّٰهِۚ وَ الَّذِيْنَ كَفَرُوْا
يُقَاتِلُوْنَ فِيْ سَبِيْلِ الطَّاغُوْتِ فَقَاتِلُوْۤا اَوْلِيَآءَ الشَّيْطٰنِۚ
اِنَّ كَيْدَ الشَّيْطٰنِ كَانَ ضَعِيْفًا۝٧٦ اَلَمْ تَرَ اِلَى الَّذِيْنَ
قِيْلَ لَهُمْ كُفُّوْۤا اَيْدِيَكُمْ وَ اَقِيْمُوا الصَّلٰوةَ وَ اٰتُوا
الزَّكٰوةَۚ فَلَمَّا كُتِبَ عَلَيْهِمُ الْقِتَالُ اِذَا فَرِيْقٌ مِّنْهُمْ
يَخْشَوْنَ النَّاسَ كَخَشْيَةِ اللّٰهِ اَوْ اَشَدَّ خَشْيَةًۚ وَ قَالُوْا
رَبَّنَا لِمَ كَتَبْتَ عَلَيْنَا الْقِتَالَۚ لَوْ لَاۤ اَخَّرْتَنَاۤ اِلٰۤى اَجَلٍ
قَرِيْبٍؕ قُلْ مَتَاعُ الدُّنْيَا قَلِيْلٌۚ وَ الْاٰخِرَةُ خَيْرٌ لِّمَنِ
اتَّقٰى۫ وَ لَا تُظْلَمُوْنَ فَتِيْلًا۝٧٧ اَيْنَ مَا تَكُوْنُوْا يُدْرِكْكُّمُ
الْمَوْتُ وَ لَوْ كُنْتُمْ فِيْ بُرُوْجٍ مُّشَيَّدَةٍؕ وَ اِنْ تُصِبْهُمْ
حَسَنَةٌ يَّقُوْلُوْا هٰذِهٖ مِنْ عِنْدِ اللّٰهِۚ وَ اِنْ تُصِبْهُمْ سَيِّئَةٌ
يَّقُوْلُوْا هٰذِهٖ مِنْ عِنْدِكَؕ قُلْ كُلٌّ مِّنْ عِنْدِ اللّٰهِؕ فَمَالِ
هٰۤؤُلَآءِ الْقَوْمِ لَا يَكَادُوْنَ يَفْقَهُوْنَ حَدِيْثًا۝٧٨ مَاۤ اَصَابَكَ

## સૂરએ નિસાઅ્ની તફસીર

અને તમને થયું શું કે અલ્લાહના માર્ગે ન લડો ?[૧૧૬] તેમજ અશક્ત પુરૂષો અને સ્ત્રીઓ અને બાળકો માટે, (જેઓ) આ દુઆ કરી રહ્યા છે, હે અમારા રબ ! અમને આ વસ્તીમાંથી કાઢ, જ્યાંના લોકો અત્યાચારી છે, અને અમને તારા પાસેથી કોઈ વાલી આપ, અને અમને તારા પાસેથી કોઈ મદદગાર આપ (૭૫) ઈમાનવાળાઓ અલ્લાહના માર્ગમાં લડે છે,[૧૧૭] અને કાફિરો શયતાનના રસ્તામાં લડે છે. તો શયતાનના મિત્રોથી[૧૧૮] લડો, બેશક ! શયતાનનો દાવ અશક્ત છે[૧૧૯] (૭૬) શું તમે તેમને ન જોયા જેમને કહેવામાં આવ્યું, તમારા હાથ રોકી લો[૧૨૦] અને નમાઝ કાયમ કરો, અને ઝકાત આપો. પછી જ્યારે તેમના પર જિહાદ ફર્ઝ કરવામાં આવ્યું,[૧૨૧] તો તેમનામાં અમુક લોકોથી એવા ડરવા લાગ્યા જેવા અલ્લાહથી ડરે, અથવા એથી પણ વધારે,[૧૨૨] અને બોલ્યા, હે અમારા રબ ! તેં અમારા પર જિહાદ કેમ ફર્ઝ કર્યું ?[૧૨૩] થોડી મુદ્દત સુધી અમને હજુ જીવવા દીધા હોત. તમે ફર્માવી દો કે દુનિયાનો વપરાશ થોડો છે[૧૨૪] અને ડરવાવાળાઓ માટે આખિરત સારી. અને તમારા

*પર દોરા જેટલો (પણ) જુલ્મ નહીં થાય[૧૨૫] (૭૭) તમે ગમે ત્યાં હોવ, મોત તમને પામી લેશે,[૧૨૬] ભલે પછી મજબૂત કિલ્લાઓમાં હોવ. અને તેમને કોઈ ભલાઈ પહોંચે[૧૨૭] તો કહે, આ અલ્લાહ તરફથી છે અને તેમને કોઈ બુરાઈ પહોંચે,[૧૨૮] તો કહે, આ હુઝૂર તરફથી આવી.[૧૨૯] તમે કહી દો, બધું જ અલ્લાહ તરફથી છે.[૧૩૦] તો આ લોકોનું શું થયું! કોઈ વાત સમજતા જણાતા જ નથી (૭૮) હે સાંભળનાર! તને જે ભલાઈ પહોંચે તે અલ્લાહ તરફથી છે[૧૩૧] અને જે બુરાઈ પહોંચે તે તારા પોતાના તરફથી છે.[૧૩૨] અને હે મહબૂબ! અમે તમને બધા લોકો માટે રસૂલ (બનાવીને) મોકલ્યા.[૧૩૩] અને અલ્લાહ પૂરતો છે ગવાહ[૧૩૪] (૭૯)*

## :: સમજૂતી ::

**૧૧૬** : અર્થાત જિહાદ ફર્ઝ છે, તેને છોડવાનું કોઈ કારણ તમારી પાસે નથી.

**૧૧૭** : આ આયતમાં મુસલમાનોને જિહાદ પ્રતિ ઉભારવામાં આવ્યા છે જેથી તેઓ તે મુસલમાનોને કાફિરોના અત્યાચારી પંજામાંથી મુક્તિ અપાવે જેમને મક્કા મુકર્રમામાં કાફિરોએ કેદ પકડી રાખ્યા હતા, અને જાત જાતના કષ્ટો આપી રહ્યા હતા, અને તેમની સ્ત્રીઓ તથા બાળકો ઉપર પણ નિર્દયપણે જુલ્મ કરતા હતા, અને તે લોકો એમના હાથોમાં લાચાર હતા. આવી પરિસ્થિતિમાં તેઓ ખુદા પાસે મુક્તિ અને મદદે ઈલાહી માટે દુઆ માગતા હતા. તેમની દુઆ કબૂલ થઈ અને અલ્લાહ તઆલાએ પોતાના હબીબ ﷺને તેમના વલી અને મદદગાર બનાવ્યા, અને તેમને મુશ્રિકોના હાથોમાંથી છોડાવ્યા અને મક્કા મુકર્રમા જીતીને તેમની જબરદસ્ત સહાય કરી.

مِنْ حَسَنَةٍ فَمِنَ اللّٰهِ ٝ وَ مَاۤ اَصَابَكَ مِنْ سَيِّئَةٍ فَمِنْ نَّفْسِكَ ؕ وَ اَرْسَلْنٰكَ لِلنَّاسِ رَسُوْلًا ؕ وَ كَفٰى بِاللّٰهِ شَهِيْدًا ﴿۷۹﴾

**૧૧૮** : દીનની બુલંદી અને ખુદાની ખુશી મેળવવા.

**૧૧૯** : અર્થાત કાફિરોને. અને અલ્લાહની મદદ આગળ તેની શું વિસાત છે.

**શાને નુઝૂલ** : યુદ્ધથી પહેલાં મક્કા શરીફમાં મુશ્રિકો મુસલમાનોને ઘણા કષ્ટો આપતા હતા. હિજરત પહેલાં સહાબાની એક જમાઅતે હુઝૂર ﷺને વિનંતી કરી કે, અમને લડવાની પરવાનગી આપો, તેઓ તેમને ખૂબ સતાવે અને દુઃખ આપે છે. હુઝૂરે ફર્માવ્યું, તેમની સામે લડવાથી હાથ રોકો. નમાઝ અને ઝકાત જે તમારા પર ફર્ઝ છે તેને અદા કરતા રહો.

**૧૨૧** : મદીના શરીફમાં અને બદ્ર(ની લડાઈમાં) હાજર થવાનો આદેશ આપવામાં આવ્યો.

**૧૨૨** : ડર સ્વાભાવિક હતો મનુષ્યની પ્રકૃતિ જ એવી છે કે મૃત્યુ અને નાશથી ગભરાય છે, અને ડરે છે.

**૧૨૩** : એનું રહસ્ય શું છે ? આ સવાલ એનું કારણ જાણવા માટે હતો, વાંધો ઉઠાવવા માટે ન હતો. એટલા માટે જ તેમને આ પ્રશ્ન બદલ ધમકાવવામાં આવ્યા નહીં, બલ્કે સંતોષકારક જવાબ આપવામાં આવ્યો.

**૧૨૪** : નાશવંત અને મટી જનાર છે.

**૧૨૫** : અને તમારો બદલો ઓછો કરવામાં નહીં આવે, માટે જિહાદમાં સોચ, વિચાર કે પાછી પાની ન કરો.

**૧૨૬** : અને એનાથી છૂટકારો મેળવવાનો કોઈ માર્ગ નથી, અને જ્યારે મૃત્યુ અનિવાર્ય છે, તો પછી

પથારી પર મરવા કરતાં ખુદાના માર્ગમાં જીવ આપવો ઉત્તમ છે, કારણ કે એ આખિરતની નેકબખ્તીનું કારણ છે.

**૧૨૭** : સોંઘવારી અને ખેતીવાડીની આવકમાં વધારો વગેરે.

**૧૨૮** : મોંઘવારી, દુકાળ વગેરે.

**૧૨૯** : આ હાલત મુનાફિક઼ોની છે. જયારે તેમને કોઈ મુસીબત આવતી ત્યારે તેનો સંબંધ હુઝૂર સાથે જોડી દેતા, અને કહેતા કે જ્યારથી આ આવ્યા છે, ત્યારથી આવાં જ કષ્ટોનો સામનો થાય છે.

**૧૩૦** : સોંઘવારી હોય કે મોંઘવારી, દુકાળ હોય કે સુકાળ, રંજ હોય કે રાહત, આરામ હોય કે તકલીફ, વિજય હોય કે પરાજય, વાસ્તવમાં બધુ અલ્લાહથી જ છે.

**૧૩૧** : તેની કૃપા અને રહમત છે.

**૧૩૨** : કે તેં એવા ગુનાહો કર્યા, જેથી તું એના લાયક ઠર્યો.

**મસ્અલો** : અહીં બુરાઈનો સંબંધ બંદા સાથે ઉપલકિયો છે, અને ઉપર જે બયાન થયું (બધું જ અલ્લાહ તરફથી છે તે વાસ્તવિક છે.) મુફસ્સિરોએ કહ્યું કે, બુરાઈની નિસ્બત બંદા સાથે અદબની રૂએ છે. ખુલાસો એ કે બંદો જ્યારે મૂળભૂત કર્તા (ફાઈલે હક઼ીક઼ી) તરફ દ્રષ્ટિ કરે, તો દરેક વસ્તુ તેના તરફથી જ જાણે અને જ્યારે સાધનો તરફ જુએ, ત્યારે બુરાઈઓને પોતાના નફસની બદબખ્તીના કારણે જાણે.

**૧૩૩** : અરબ હોય કે અજમ, આપ તમામ મખ્લૂક઼ માટે રસૂલ બનાવવામાં આવ્યા છો, અને આખી દુનિયા આપની ઉમ્મતી બનાવી દેવામાં આવી. આ સૈયદે આલમ ﷺના ઉચ્ચ દરજ્જા અને મહાન હોદ્દાનું બયાન છે.

**૧૩૪** : આપની રિસાલત આમ છે, માટે તમામ પર આપની તાબેદારી અને ફર્માબરદારી ફર્ઝ છે. *(ક્રમશઃ)*

## ઈન્તેક઼ાલ પુર મલાલ !

તા. ૫–૮–૨૦૨૦, મુ. ચાંદ ૫–ઝીલ હજ્જ, હિ.સ. ૧૪૪૧ના રોજ ઉસ્તાઝુલ હુફ્ફાઝ જનાબ હાફિઝ ઈબ્રાહીમ રઝવી કાપોદ્રાવાલા સાહબનો કાપોદ્રા મુકામે ઈન્તેકાલ થઈ ગયો. اِنَّا لِلّٰهِ وَاِنَّا اِلَیْهِ رٰجِعُوْنَ આ ગમનાક સમાચાર મળતાં ચાહકો શાગિર્દો સર્વનાં દિલો રંજમય બની ગયાં. પણ જેવી અલ્લાહની મરજી કે દરેકે એક ન એક દિવસ આ દુનિયાને અલવિદા કહેવાનું છે. મર્હૂમ હાફિઝ સાહબ ખૂબ જ દીનદાર, પરહેઝગાર, બાઅખ્લાક઼, આજીજીવાળા નમ્ર સ્વભાવના માણસ હતા. હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہથી બયઅત હતા. એમના હાથ નીચે હાફિઝ બનેલ સેંકડો હાફિઝો દેશ વિદેશમાં અહલે સુન્નતની ખિદમત કરી રહ્યા છે. ખૂબ મહેનત તથા ખંતપૂર્વક હિફ્ઝ કલાસના તલબા પાછળ મહેનત કરતા હતા. ગુજરાતના પ્રખ્યાત સુન્ની ઈદારા **દારુલ ઉલૂમ શાહે આલમ–અહમદાબાદ**માં ૨૭ વરસો સુધી તેમણે ખિદમત આપી હતી. પછી ત્યાંથી ઉમરના હિસાબે વતનની નજીક રહેવાના ઈરાદે વિદાય લીધી અને ૧૪ ઉપરાંત વરસો સુધી **દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ**માં રહી તલબાને હિફ્ઝ કરવાની ખિદમત અંજામ આપતા રહ્યા. એ સિવાય શરૂમાં અમુક સમય આપ દારુલ ઉલૂમ મિસ્કીનિયા–ધોરાજી તેમજ વચ્ચે ટંકારીઆ, હલદરવાના દારુલ ઉલૂમોમાં પણ ખિદમત આપી ચૂક્યા છે. ભરૂચ આવ્યા પછી ઉમરના તક઼ાઝા હેઠળ તબીઅત અલીલ રહેતી હોવાથી સ્વેચ્છીક રીતે ખિદમતથી મુક્ત થઈ પોતાના ઘરે કાપોદ્રામાં જ રહેતા હતા.

રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં મર્હૂમ હાફિઝ સાહબની કરવટ કરવટ મગફિરત ફર્માવે, જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે, સ્નેહીઓ ચાહકોને સબ્રે જમીલ અતા કરે. આમીન બિજાહિન્નબી કરીમ ﷺ.

*લિ. દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ,*
*દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ,*
*ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા,*
*સુન્ની દા'વતે ઈસ્લામી–ગુજરાત*

## દર્સે હદીષે પાક એટલે

## મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

## મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત (ભાગ : ૧)

**અઝ** : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

**કાર્યાલય**

*હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે ફર્માવે છે કે નબી કરીમ ﷺ એ ફર્માવ્યું કે પોતાની અમુક નમાઝો તમારા ઘરોના માટે નિશ્ચિત કરો[1] અને ઘરોને ક઼બ્રસ્તાન ન બનાવો[2]. (મુસ્લિમ, બુખારી)*

**૧.** એ રીતે કે ફર્ઝ મસ્જિદમાં પઢો અને સુન્નત તથા નફલ ઘરમાં આવીને. અથવા નમાઝે પંજગાના મસ્જિદમાં પઢો અને તહજ્જુદની તથા ચાશત વગેરે ઘરમાં, જેથી નમાઝનું નૂર ઘરોમાં રહે, અને સ્ત્રીઓ તથા બાળકોને તમને જોઈને નમાઝનો શોખ પેદા થાય. તેમજ ઘરની નમાઝમાં રિયા ઓછી હોય છે.

**૨.** એટલે કે ક઼બ્રસ્તાનની જેમ એમને નમાઝથી ખાલી ન રાખો અથવા ઘરોમાં મુડદાં દફન ન કરો. યાદ રાખશો કે ઘરમાં દફન થવું એ હુઝૂર ﷺ ની વિશિષ્ટતાઓમાંથી છે. પછી હુઝૂર નબી કરીમ ﷺ ના સદક઼ાથી હઝરત સિદીક઼ તથા ફારૂક઼ رضی اللہ عنہما ને આ બુઝુર્ગી નસીબ થઈ. અન્યોને શહેર બહાર ક઼બ્રસ્તાનમાં જ દફન કરવા જોઈએ. અમુક લોકો પોતાની બાંધેલી મસ્જિદ કે મદ્રસામાં પોતાની ક઼બ્રની જગા રાખે છે અને તેમને ત્યાં જ દફન કરવામાં આવે છે, તેઓ આ હદીષના હેઠળ નથી આવતા, કેમ કે એનાથી એ જગા ક઼બ્રસ્તાન નથી બની જતી. قبورًا માં એ તરફ નિર્દેશ છે. તેમની ક઼બ્ર ખોદીને લાશ કાઢવી જાઈઝ નથી કેમ કે દફન બાદ મૈયતની લાશ કાઢવી જાઈઝ નથી. الا لحق ادمی

**(વિભાગ : ૨)** *હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે, ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે પૂર્વ પશ્ચિમની દરમિયાન ક઼િબ્લો છે[1]. (તિર્મિઝી)*

**૧.** આ હદીષ મદીનાવાળાઓ માટે છે કેમ કે ત્યાં કા'બા દક્ષિણ બાજુ છે, આપણે ત્યાં ક઼િબ્લો પશ્ચિમ દિશામાં છે. આ પરથી એ નિર્દેશ મળે છે કે જો નમાઝીનું મો ૪૫ ડિગ્રીથી ઓછુ કા'બાથી ફરી જાય તો નમાઝ થઈ જશે. કેમ કે આ હાલતમાં એ પૂર્વ તથા પશ્ચિમના વચ્ચે જ રહેશે.

*હઝરત તલક઼ ઈબ્ને અલીથી ફર્માવે છે કે અમો પ્રતિનિધિમંડળના રૂપમાં રસૂલુલ્લાહ ﷺ ની ખિદમતમાં આવ્યા[1] તો અમે આપની બયઅત કરી. અને આપની સાથે નમાઝ પઢી[2] અને અમે આપને ખબર આપી કે અમારી જમીનમાં અમારો ગિર્જા છે. અમે હુઝૂર ﷺ થી આપના વુઝૂનું ધોવાણ માગ્યું તો આપે પાણી મંગાવીને વુઝૂ કર્યું અને કુલ્લી કરી પછી પાણી એક વાસણમાં ભરી આપ્યું અને અમને ફર્માવ્યું કે જાવ[3] જ્યારે તમારા વતન પહોંચો તો તમારો ગિર્જા તોડી નાખો અને તેની જગાએ આ પાણી છાંટી આપો[4] અને તેને મસ્જિદ બનાવી લો. અમે અર્ઝ કરી કે અમારુ શહેર દૂર છે અને ગરમી સખત છે જેથી પાણી સૂકાય જશે[5]. ફર્માવ્યું, એને અન્ય પાણીથી વધારતા રહો એનાથી બરકત જ વધશે[6]. (નિસાઈ)*

**૧.** એટલે કે પોતાની કૌમના પ્રતિનિધિ બનીને એ સૌના તરફથી ઈસ્લામ લાવવા અને અહકામ સાંભળવા માટે.

**૨.** આ બયઅત ઈસ્લામની બયઅત કહેવાય છે. આજકાલની આમ બયઅતો બયઅતે તૌબા હોય છે. બયઅતની હક઼ીક઼ત એ છે કે કોઈ મક઼બૂલના થકી રબથી કેટલાક વાયદા કરવા. બયઅત ચાર પ્રકારની છે. એની વિગત અમારી કિતાબ "શાને હબીબુર્રહમાન ﷺ"માં જુઓ. હુઝૂર નબી કરીમ ﷺની સાથે નમાઝ પઢવી મહાન નેઅમત છે, એટલા માટે એ હઝરાત એને ગર્વથી વર્ણવે છે.

**૩.** જાહેર એ છે કે એ પાણી હુઝૂર ﷺના મુબારક અંગોનું ધોવાણ હતું જેમાં ખાસ કરીને એક કુલ્લી (કોગળો) પણ કરી દેવામાં આવ્યો હતો અને શક્ય છે કે વુઝૂનું પાણી બચ્યું હોય અને એમાં કુલ્લી કરી દેવામાં આવી જે બરકતના માટે એમને આપવામાં આવ્યું. જાણવા મળે છે કે એ હઝરાત હુઝૂર ﷺના તબર્રુકાતને છુપો ખજાનો સમજતા હતા એટલા માટે આજીજીપૂર્વક માગ્યા કરતા હતા.

**૪.** જેથી કરીને તેની બરકતથી પાછલી કુફ્રની ગંદકી જતી રહે અને હવે પછીથી તમારી નમાઝો અધિક ક઼બૂલ થાય અને આ મસ્જિદ અન્ય મસ્જિદોથી અફઝલ થાય, કેમ કે એમાં અમારું તબર્રુક પહોંચ્યું છે.

**૫.** એટલે કે અમે રસ્તામાં બરકતના માટે પીશું પણ કે જેથી મસ્જિદની સાથે અમારાં દિલો પણ મુનવ્વર થાય, અને ગરમીથી પણ સૂકાય જશે.

**૬.** આ હદીષથી અમુક મસ્અલા જાણવા મળ્યા : એક એ કે જે ચીજ હુઝૂર ﷺના જિસ્મ મુબારકથી સ્પર્શી જાય તે તબર્રુક બની જાય છે, જેથી ખાકે મદીના તબર્રુક પણ છે અને શિફા પણ છે. બીજુ એ કે સરવરે કાઈનાત ﷺનું ગુસલનુ પાણી (ધોવાણ) રૂહાની (બાતિની) નાપાકીઓને દૂર કરી આપે છે. ત્રીજુ એ કે જે મસ્જિદમાં મુખ્તારે કુલ ખત્મે રુસુલ ﷺનું તબર્રુક હોય તે અન્ય મસ્જિદોથી અફઝલ છે. અમુક મસ્જિદોમાં સૈયદુલ અંબિયા ﷺના બાલ મુબારક રાખેલા છે, તેમનો માખઝ આ હદીષ છે. ચોથુ એ કે બુઝુર્ગોના તબર્રુકો અન્ય શહેરોમાં લઈ જવું કે મોકલવું સહાબાની સુન્નત છે. અમુક લોકો ઉર્સોનુ લંગર દૂર દૂર સુધી મોકલે છે તેનો માખઝ આ હદીષ છે. મિર્કાતમાં છે કે હુઝૂર ﷺ અમીરે મક્કાથી આબે ઝમઝમ મદીના મંગાવ્યા કરતા હતા. આજે પણ આબે ઝમઝમ દેશે દેશ પહોંચે છે. પાંચમુ એ કે તબર્રુકથી જે ચીજ ભળી જાય તે તબર્રુક બની જાય છે. આજે પણ આબે ઝમઝમમાં અન્ય પાણી ભેળવીને પીવડાવવામાં આવે છે. છઠ્ઠુ એ કે મુસલમાન કાફિરોનું ઈબાદતખાનુ પાડી નથી શકતા, પણ જો કાફિરો મુસલમાન બનીને પોતે જ પોતાનુ ઈબાદતખાનુ પાડી નાખીને ત્યાં મસ્જિદ બનાવી લે તો જાઈઝ છે. *(ક્રમશઃ)*


**અણમોલ કિતાબ મંગાવો**

**કાનૂને શરીઅત**

(ભાગ-૧ તથા ભાગ-૨) (કુલ-૭૪૦ પેજીસ)

:: લેખક ::

અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::

હાફેઝ મૂસા વેમી / ઈબ્રાહીમભાઈ વેમી

હદીયો : એક સેટના રૂા. ૨૫૦/-

જેમાં અક઼ીદા, તહારત, નમાઝ, રોઝા, હજ, ઝકાત, કુર્બાની, તલાક઼, અખ્લાક઼િયાત સંબંધી મસાઈલ દર્શાવેલા છે.

ઈલ્મે દીન શીખવું ફર્ઝ છે અને આ કિતાબમાં તદ્દન જરૂરી મસાઈલો જ છે જેથી મુસલમાનના ઘર ઘરમાં આ કિતાબ હોવી જોઈએ. જેથી પુરૂષ, સ્ત્રીઓ, બાળકો સર્વે ઘર બેઠાં ઈલ્મ પ્રાપ્ત કરી શકે. કુર્આન તથા હદીષના પરથી ઉત્તમ જીવન બંધારણ રજૂ કરતી આ કિતાબનો અભ્યાસ અવશ્ય કરશો. મૌલા તઆલા સૌને નેક તૌફીક આપે. આમીન.

પ્રકાશક

સુન્ની દા'વતે ઈસ્લામી-દયાદરા

મુ. પો. દયાદરા, તા. જિ. ભરૂચ મો. ૯૪૨૭૪૬૪૪૧૧

બેંક ઓફ બરોડા (દયાદરા બ્રાન્ચ)

A/c. No. 34620100000303
Razvi Kitab Ghar
IFSC Code :
BARB0DAYADR

## તઝકેરતુલ અવલિયા

# હઝરત ઝુન્નૂન મિસ્રીના رحمة الله علیه હાલાત તથા ખૂબીઓ

### હપ્તો ૩૨

**ખુદાથી મુલાકાતનો માર્ગ :** આપે ફર્માવ્યું કે મારી ત્રીસ વરસની હિદાયતનું પરિણામ એ નીકળ્યું કે કેવળ એક શાહઝાદો સાચા અર્થમાં હિદાયતવાળો થઈ શક્યો. અને તે પણ એ રીતે કે એકવાર તે મારી મસ્જિદની સામેથી પસાર થઈ રહ્યો હતો, તો હું તે વખતે આ શબ્દો કહી રહ્યો હતો કે કમજોરનું શક્તિવાન સાથે જંગ કરવું એ ખૂબ જ મૂર્ખતાપૂર્ણ કૃત્ય છે. એ સાંભળીને શાહઝાદાએ કહ્યું કે હું આપના શબ્દોનો ભાવાર્થ ન સમજ્યો. ફર્માવ્યું કે એનાથી વધુ મૂર્ખ કોણ હોય શકે છે જે ખુદાથી જંગ કરે ?! આ સાંભળીને તે ચાલ્યો ગયો અને બીજા દિવસે આવીને મને પૂછવા લાગ્યો કે વિસાલે ખુદાવંદી (ખુદાથી મુલાકાત) માટે કયો માર્ગ અપનાવવો જોઈએ ? કહ્યું કે, બે માર્ગો છે : એક નાનો અને બીજો લાંબો. નાનો એ છે કે દુનિયાની ખ્વાહિશો અને ગુનાહોને છોડી આપે. અને લાંબો માર્ગ એ છે કે ખુદા સિવાય સૌનાથી દૂર થઈ જાય. તેણે અર્ઝ કરી કે હું આ જ લાંબો માર્ગ અપનાવી રહ્યો છું. અને ત્યારબાદ તે પોતાની ઈબાદત તથા રિયાઝતથી અબ્દાલોના મક઼ામ સુધી પહોંચી ગયો.

**તખ્તે પૂરા મકાનનો ચક્કર માર્યો ! :** હઝરત અબૂ જઅફર અઊરે બતાવ્યું કે એકવાર હું આપની મજલિસમાં મૌજૂદ હતો અને આપ જમાદાત (નિર્જીવ ચીજો)ની ફર્માંબરદારીના વિષયે ચર્ચા કરતાં કહી રહ્યા હતા કે નિર્જીવ ચીજો અલ્લાહવાળાઓની એટલા પ્રમાણમાં આજ્ઞાંકિત હોય છે કે જો હું આ સામેવાળા તખ્તને એવું કહી દઉં કે પૂરા મકાનનો ચક્કર લગાડી લે તો તે કદાપિ ઈન્કાર નથી કરી શકતું. આટલુ કહેતા જ સામેવાળો તખ્ત પૂરા મકાનનો ચક્કર લગાડીને પછી પોતાના સ્થાને આવી ગયો. આ બનાવ જોઈને એક નવ જવાને રડતાં રડતાં પોતાની જાન આપી દીધી અને આપે એ જ તખ્ત પર ગુસ્લ આપીને દફન કરી દીધો. કોઈએ આપને અર્ઝ કરી કે હું કરજદાર થઈ ગયો છું તો આપે એક પથ્થર ઉઠાવ્યો જે જમર્રુદમાં ફેરવાય ગયો. અને તે જ પથ્થર તે શખ્સને આપી દીધો. જેથી તેણે તેને ૪૦૦ દિરહમમાં વેચીને પોતાના કરજને અદા કર્યું.

**અવલિયાના મર્તબા વિશે :** એક શખ્સ અવલિયાએ કિરામને દીવાના સમજતો હતો. તો આપે આપની અંગૂઠી આપીને ફર્માવ્યું કે આને ભઠિયારાની દુકાન પર એક દીનારમાં વેચી દો. પરંતુ ભઠિયારાએ કહ્યું કે એની કિંમત તું વધારે માગે છે, થોડી ઓછી કર. પછી જ્યારે સોનીને ત્યાં પહોંચ્યો તો તેણે એક હજાર દીનાર કિંમત લગાડી. અને જ્યારે તે શખ્સે પૂરો બનાવ વર્ણવ્યો તો ફર્માવ્યું કે જેવી રીતે ભઠિયારો વીંટીની કિંમતથી માહિતગાર નથી, એવી જ રીતે તું પણ અવલિયાના મર્તબાઓથી અજાણ છે.

**નફ્સ સાથે જંગ તે આને કહેવાય ! :** સતત દસ વરસો સુધી આપને સ્વાદિષ્ટ ખાણાઓની ખ્વાહિશ રહી પરંતું કદી ખાધુ નહીં. અને એકવાર જ્યારે ઈદની રાતમાં નફસે તકાઝો કર્યો કે આજે તો કોઈ ટેસ્ટી ખાવા મળવું જ જોઈએ ! તો ફર્માવ્યું કે જો તું બે રકાતમાં પૂરૂ કુર્આન ખત્મ કરી લે તો હું તારી ખ્વાહિશ પૂરી કરીશ. નફસે આપની એ શર્ત મંજૂર કરી લીધી અને ખત્મે કુર્આન બાદ જ્યારે આપ સ્વાદિષ્ટ ખાણાઓ લઈને આવ્યા તો પ્રથમ કોળિયો ઉઠાવીને હાથ ખેંચી લીધો અને નમાઝના માટે ઉભા થઈ ગયા. અને જ્યારે લોકોએ તેનું કારણ પૂછ્યું તો ફર્માવ્યું કે પ્રથમ જ કોળિયા પર નફસે ખુશ થઈને કહ્યું કે આજે દસ વરસ પછી તારી ઈચ્છા પૂર્ણ થઈ

રહી છે ! જેથી મેં કોળિયો મૂકી દઈને કહ્યું કે હું કદાપિ તારી ખ્વાહિશ પૂર્ણ કરીશ નહીં. પરંતું એ જ વખતે એક શખ્સ ઉમદા ખાણાની દેગ લઈને હાજર થયો અને અર્ઝ કરી કે હું ઘણો જ મુફલિસ અને બાળ બચ્ચાંવાળો છું, પરંતું આજે મેં સવારે ઈદના કારણે સ્વદિષ્ટ ભોજન પકાવ્યું અને સૂઈ ગયો. જેથી ખ્વાબમાં હુઝૂરે અકરમ ﷺની ઝિયારત થઈ તો આપે ફર્માવ્યું કે જો તું મેહશરમાં મારાથી મળવાનો ખ્વાહિશમંદ છે તો આ ખાણુ ઝુન્નૂનને આપી આવ, અને મારો એ પયગામ પહોંચાડી આપ કે ટેમ્પરરી રીતે પોતાની નફસ સાથે સુલહ કરીને એક બે કોળિયા આ ખાણુ ચાખી છે. હુઝૂર ﷺનો આ પૈગામ સાંભળીને કહ્યું કે આજ્ઞાંકિત માણસને એમાં શું સંકોચ હોય શકે કે, આવું કહીને આપે થોડુક સરખુ ખાણુ ચાખી લીધું.

**આપની કેદનો બનાવ :** જે વખતે આપ બુલંદ મર્તબા પર બિરાજમાન થઈ ગયા તો લોકોએ મર્તબાઓની અજ્ઞાનતાના કારણે આપને ઝિંદિક (અધર્મી)નો લક્બ આપીને સમયના ખલીફાને આપની ફરિયાદ કરી દીધી. જેથી જ્યારે આપને બેડીઓ પહેરાવીને લઈ જવામાં આવી રહ્યા હતા તો એક વૃધ્ધાએ કહ્યું કે ભયભીત ન થશો કેમ કે તે પણ તમારી જેમ ખુદાનો એક બંદો છે. એ જ સમયે માર્ગમાં એક ભિશ્તીએ (પખાલીએ) આપને ઠંડા પાણી વડે તૃપ્ત કર્યા અને બદલામાં જ્યારે આપે પોતાના એક સાથીને કહ્યું કે એને એક દીનાર આપી દો, તો ભિશ્તીએ અર્ઝ કરી કે કેદીઓ પાસેથી કાંઈક લેવું એ બુઝદિલીની નિશાની છે. ત્યાર બાદ આપને ખિલાફતના દરબારમાં ચાલીસ દિવસની કેદ થઈ ગઈ. અને એ જ અરસામાં આપનાં બહેન રોટીની એક ટીકડી (નાનો રોટલો) દરરોજ આપની પાસે લઈને જતાં પરંતું મુક્તિ બાદ દિવસોના હિસાબે રોટીની ટીકડીઓ આપની પાસે મેહફૂઝ હતી. અને જ્યારે આપની બહેને કહ્યું કે એ તો જાઈઝ કમાઈની હતી છતાં તમે કેમ ન ખાધી ? તો ફર્માવ્યું, કેમ કે જેલનો દરવાન બદબાતિન પ્રકારનો માણસ છે એટલા માટે એના હાથ વડે મોકલવામાં આવેલી રોટીથી મને કરાહત મહેસૂસ થઈ. પછી જ્યારે આપ રવાના થવા લાગ્યા તો પડી ગયા અને માથામાં સખત ચોટ લાગી, પણ એ અજબની વાત છે કે લોહીનું એક ટીપુ પણ આપના લિબાસ પર ન પડયું, અને જે લોહી જમીન પર પડયું હતું તે પણ અદશ્ય થઈ ગયું. અને જ્યારે આપ ખલીફાની રૂબરૂ રજૂ થયા તો તેના સવાલોના જડબાતોડ જવાબો આપીને દરબારીઓને આશ્ચર્યમાં નાખી દીધા. જેથી ખલીફાએ આપના દસ્તે મુબારક પર બયઅત કરી અને ખૂબ જ માન સન્માન સાથે આપને મિસર રવાના કર્યા.

**આપના મુરીદનો હાલ :** આપના એક મુરીદે જેણે ચાલીસ ચિલ્લાં ખેંચ્યાં, ચાલીસ હજો કરી, ૭૦ વરસ સૂતો નહીં અને મુરાક઼બો કરતો રહ્યો, અર્ઝ કરી કે આટલી ઈબાદત તથા રિયાઝત છતાં આજ સુધી અલ્લાહ તઆલા મારાથી કદી હમકલામ ન થયો, અને ન કદી ખુદાવંદીનાં રહસ્યો મારા પર જાહેર થઈ શક્યાં. પરંતું નઊઝુબિલ્લાહ ! આ અલ્લાહ તઆલાનો શિકવો નથી બલ્કે પોતાની બદનસીબીનો ઈઝહાર કર્યો છે. આપે ફર્માવ્યું કે ખૂબ ધરાઈને ખાવા ખાવ અને ઈશાની નમાઝ પઢયા વિના આરામથી સૂઈ જાવ. તેણે હુકમના પાલનમાં ખાવા તો ખૂબ સારી રીતે ખાધુ પણ નમાઝ છોડવાનું દિલે માન્ય ન રાખ્યું એટલા માટે નમાઝ પઢીને સૂઈ ગયો. અને ખ્વાબમાં હુઝૂર ﷺની ઝિયારત નસીબ થઈ તો હુઝૂરે ફર્માવ્યું કે અલ્લાહ તઆલા સલામ બાદ ફર્માવે છે કે અમારી બારગાહથી નાઉમ્મીદ પરત થનારો નામર્દ છે અને હું તારી ૪૦ રિયાઝતનો બદલો જરૂર આપીશ. પરંતું ઝુન્નૂનને અમારો પયગામ પહોંચાડી આપજે કે અમે તને શહેરભરમાં એટલા માટે ઝલીલ કરીશું કે તું ફરી કદી અમારા દોસ્તોને ધોકામાં ન નાખી શકે. અને જ્યારે પોતાનો ખ્વાબ ઝુન્નૂનને સંભળાવ્યો તો

આંખોથી ખુશીનાં આંસુ સરી પડયાં. પરંતું જો કોઈ વાંધો ઉઠાવનાર એવું કહે કે કોઈ મુર્શિદ શું કોઈ નમાઝ ન પઢવાનો હુકમ આપી શકે છે ? તો એના જવાબ એ છે કે મુર્શિદ ડોક્ટરના સ્થાને હોય છે અને ડોક્ટર કદીક ઝહેરથી પણ બીમારનો ઈલાજ કરે છે. અને કેમ કે આપને સારી રીતે ખબર હતી કે મારા કહેવાથી કદાપિ નમાઝ તર્ક નથી કરી શકતો. એટલા માટે આપે આવો હુકમ આપ્યો. અને તદ્ઉપરાંત તરીકતની રાહોમાં એવા સંજોગો પણ પેશ આવી જાય છે જે જાહેરી રીતે શરીઅતથી વિરૂધ્ધ હોય છે પણ હકીકતમાં તે પોતાની જગાએ બિલ્કુલ સહીહ હોય છે. જે રીતે હઝરત ખિઝરને છોકરાને કત્લ કરવાનો હુકમ આપવામાં આવ્યો, પરંતુ ખુદાની મન્શા એ જ હતી. સારાંશ કે એ વાત એની જગાએ સાબિત થયેલ છે કે શરીઅત વિરૂધ્ધ કોઈ કામ ન કરવામાં આવે. પરંતું તરીકતની રાહમાં એવા સંજોગો જરૂર ઉપસ્થિત થાય છે જેનાથી ઈન્કાર નથી કરી શકાતો.

કોઈક કમજોર ગામડાવાસીને કાબાનો તવાફ કરતો જોઈને આપે ફર્માવ્યું કે શું તું ખુદાનો મેહબૂબ છે ? તેણે હકારમાં જવાબ આપ્યો. પછી પૂછયું કે તે મેહબૂબ તારાથી નજીક છે કે દૂર ? તેણે જવાબ આપ્યો, નજીક છે. પછી સવાલ કર્યો કે તે તારી સાથે મુવાફિકત (તારા ધાર્યા મુજબનું) કરે છે ? તો તેણે અર્ઝ કરી કે મુવાફિકત કરે છે. આ સાંભળીને ફર્માવ્યું કે જ્યારે તું ખુદાનો મહબૂબ પણ છે અને તે નજીક તથા મુવાફિક પણ છે, તેમ છતાં તું આટલા પ્રમાણમાં કમજોર તથા અશકત કેમ છે ? તેણે જવાબ આપ્યો કે દૂર રહેનારાઓના અઝાબની નિસ્બતથી તે લોકો અધિક હેરાન તથા પરેશાન રહે છે જેમને કુર્બ નસીબ થાય છે.

એક ખુદસાખ્તા (બની બેઠેલો) ખુદાનો આશિક જેણે પોતાને ખુદાનો દોસ્ત મશહૂર કરી રાખ્યો હતો તેની અયાદત (બીમારપુર્સી)ના માટે આપ તશરીફ લઈ ગયા તો તેણે કહ્યું કે જે ખુદાના અતા કરેલા દર્દમાં તકલીફનો એહસાસ કરે તે કદી ખુદાનો દોસ્ત નથી હોય શકતો. પરંતું આપે ફર્માવ્યું કે જે પોતાને ખુદાનો દોસ્ત કહેતો હોય તે કદી તેનો દોસ્ત નથી હોય શકતો. આ સાંભળીને તેણે તૌબા કરતાં કહ્યું કે આજથી હું પોતાને ખુદાનો દોસ્ત કહીશ નહીં. એક શખ્સ આપની અયાદત (બીમારપુર્સી) માટે હાજર થયો અને અર્ઝ કરી કે દોસ્તનું અતા કરેલ દર્દ પણ મહબૂબ હોય છે. આપે ફર્માવ્યું કે જો તમે એનાથી વાકેફ હોત તો આવા ગેર અદબભર્યા અંદાઝમાં તેનું નામ ન લેત.

પોતાના ચાહકોમાંથી આપે કોઈને લખ્યું કે અલ્લાહ તઆલા આપણને બંનેને નાદાનીની ચાદરથી ઢાંકીને તમામ દુનિયવી ચીજોથી એ પ્રમાણે બેખબર કરી દે કે આપણે એની મરજીના પ્રમાણે કામ કરીએ અને તે આપણાથી ખુશ રહે. આપ ફર્માવ્યા કરતા હતા કે હું સફર દરમ્યાન એક બરફ છવાયેલા રણમાંથી પસાર થયો તો જોયું કે એક અગ્નિપૂજક ચો તરફ દાણા વિખેરી રહ્યો હતો. એને જ્યારે આપે કારણ પૂછયું તો તેણે કહ્યું કે આવી હાલતમાં પક્ષીઓને ક્યાંયથી પણ દાણા નથી મળી શકતા એટલા માટે હું સવાબની નિય્યતથી દાણા વિખેરી રહ્યો છું. મેં કહ્યું, તેને ત્યાં ગૈરની રોજી નાપસંદીદા છે. પરંતું તેણે અર્ઝ કર્યું કે મારા માટે બસ એટલુ જ પૂરતુ છે કે તે મારી નિય્યતને જોઈ રહ્યો છે. ત્યારબાદ મેં તે અગ્નિપૂજકને હજના દિવસોમાં ખૂબ જ શોખપૂર્વક ઉમંગભેર કા'બાના તવાફમાં વ્યસ્ત પામ્યો. અને તવાફ બાદ તેણે મને કહ્યું, તમે જોયું કે મેં જે દાણા વિખેર્યા હતા એને બદલો કેટલા બેહતરીન સ્વરૂપમાં મળ્યો ?! (એટલે કે મને ઈમાનની દૌલત નસીબ થઈ) આ સાંભળતાં જ મેં પુરજોશ લહેજામાં અલ્લાહ તઆલાથી અર્ઝ કરી કે તેં ચાલીસ વરસ અગ્નિપૂજા કરનારાને થોડાક દાણાઓના બદલામાં સસ્તો સોદો કરતાં આટલી મહાન નેઅમત કેમ અતા કરી દીધી ?! નિદા આવી કે અમે અમારી મરજીના મુખ્તાર છીએ ! અમારા કામોમાં કોઈને દખલગીરી કરવાની રજા નથી.

# મુસલમાનોની બુઝદિલીના સબબો

**હપ્તો : ૦૨**

**અઝ** : દાઈએ કબીર મૌલાના **મુહમ્મદશાકિર નૂરી**
*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)*

**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**
*(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*

## દુનિયાથી મહોબ્બત

''દુન્યા'' અરબી શબ્દ છે. આ ઈસ્મે તફઝીલ મુઅન્નષનો સેગો છે. એનો શાબ્દિક અર્થ છે ''ખૂબ જ પ્રમાણમાં ઉતરતી કક્ષાનુ.'' આ શબ્દથી જ દુનિયાની હક઼ીક઼ત જાહેર થઈ જાય છે કે એ દિલ લગાડવાની ચીજ નથી, એટલા માટે કે કોઈ પણ હલકી, બેઈજ્જત, હલકી કક્ષાની ચીજથી કોઈ શખ્સ મહોબ્બત કરવાનું પસંદ નથી કરતો.

કુર્આને મુક઼દ્દસ તથા મુબારક હદીષોમાં ઠેક ઠેકાણે દુનિયાની હક઼ીક઼ત સ્પષ્ટ કરવામાં આવી છે અને મુસલમાનોને તેની સચ્ચાઈથી માહિતગાર કરવામાં આવેલ છે. અમુક આયતો જોઈ લઈએ :

### ★ દુનિયાની જિંદગી કેવળ લહ્‌વો લઈબ (ખેલકૂદ) છે ★

''લહ્‌વ'' તેને કહે છે જેનાથી કોઈ પ્રકારનો કોઈ ફાયદો ન મળે, અને ''લઈબ''નો મતલબ થાય છે ખેલકૂદ જેમાં ટેમ્પરરી આનંદ હોય છે, પછી જેવો ખેલકૂદ પૂરો થઈ જાય તેવી જ મજા ખત્મ થઈ જાય છે. કુર્આને મુક઼દ્દસે દુનિયવી જિંદગીને લહ્‌વ તથા લઈબ (ખેલકૂદ) ઠરાવેલ છે. ઈર્શાદ થયો :

وَ مَا هٰذِهِ الْحَیٰوةُ الدُّنْیَاۤ اِلَّا لَهْوٌ وَّ لَعِبٌؕ وَ اِنَّ الدَّارَ الْاٰخِرَةَ لَهِیَ الْحَیَوَانُۘ لَوْ كَانُوْا یَعْلَمُوْنَ﴿۶۴﴾

''અને આ દુનિયવી જિંદગી તો નથી પણ ખેલકૂદ, અને **બેશક ! આખેરતનું ઘર જરૂર તે જ સાચી જિંદગી** છે, કેટલુ સારુ થાત જો જાણતા.''

*(સૂ. અન્ક઼બૂત, આ. ૬૪)*

આ આયતે મુબારકમાં દુનિયવી જિંદગીની હક઼ીક઼ત સ્પષ્ટ કરવામાં આવી રહી છે કે આ દુનિયવી જિંદગી એવી છે જેવી રીતે બાળકો ભેગાં થાય છે અને ખેલમાં મગ્ન થઈ જાય છે અને પછી ખેલ છોડીને સર્વ બાળકો વિખેરાય જાય છે. એ જ પ્રમાણે આ દુનિયાની જિંદગી છે કે દુનિયામાં આવનારા એમાં મગ્ન થઈ જાય છે અને પછી અચાનક એને છોડીને રવાના થવું પડે છે. એની સરખામણીમાં આખેરતની જિંદગી કાયમી તથા મજબૂત છે. જેથી દુનિયામાં રહીને આખેરતની ફિકર અને તેની તૈયારી કરનારા હક઼ીક઼તમાં બુધ્ધિમય કામ કરી રહ્યા છે. અને જે લોકો દુનિયાની જિંદગીમાં મગ્ન થઈને આખેરતને ભૂલી બેસે છે તેઓ યક઼ીનન ! નુકસાન ઉઠાવનારા છે.

### ★ દુનિયવી જિંદગીની હક઼ીક઼ત ★

માણસ દુનિયામાં માલ તથા રોજીની ભરમાર અને દુનિયાની ઝાક ઝમાળ જોઈને ધોકો ખાય જાય છે અને વિચારવા લાગે છે કે આ જ સર્વ કાંઈ છે. એવા લોકો પર દુનિયવી જિંદગીની હક઼ીક઼ત આ શબ્દોમાં સ્પષ્ટ કરવામાં આવી રહી છે :

وَمَا الْحَیٰوةُ الدُّنْیَاۤ اِلَّا مَتَاعُ الْغُرُوْرِ﴿۱۸۵﴾

''અને દુનિયાની જિંદગી તો આ જ ધોકોનો

માલ છે." *(સૂ. આલે ઈમરાન, આ. ૧૮૫)*

દુનિયાની હકીકત આ આયતે મુબારકામાં સ્પષ્ટપણે દર્શાવવામાં આવી રહી છે કે એક શખ્સ દુનિયવી જિંદગીને જોઈને ધોકામાં પડી જાય છે, તેને સરમાયો સમજવા લાગે છે અને ફુરસદના સમયોને બેકારમાં વેડફી નાખે છે. છેવટમાં તેને માલૂમ પડે છે કે આમાં કાયમીપણુ (બકા) ન હતું, એમાં દિલ લગાડવું કાયમી જિંદગી એટલે આખેરતની જિંદગી માટે ખૂબ જ નુકસાનકર્તા સાબિત થયું.

હઝરત સઈદ બિન જુબૈર رضی اللہ عنہએ ફર્માવ્યું, દુનિયા, દુનિયા તલબ કરવાવાળા માટે ઘમંડનો સામાન તથા ધોકાનો સરમાયો છે, પરંતુ આખેરતના તલબગાર માટે કાયમની દૌલત પ્રાપ્તિનો ઝરીયો તથા નફો આપનાર સરમાયો છે.

દુનિયાની જિંદગીમાં મગ્ન થઈ જનારાઓનું દષ્ટાંત કુર્આન મજીદમાં બે ભાઈઓના બનાવ પરથી સમજાવવામાં આવેલ છે. કુર્આની આયતોનો ફક્ત અનુવાદ રજૂ કરીએ છીએ :

اضْرِبْ لَهُمْ مَّثَلًا رَّجُلَيْنِ جَعَلْنَا لِأَحَدِهِمَا جَنَّتَيْنِ مِنْ
أَعْنَابٍ وَّ حَفَفْنٰهُمَا بِنَخْلٍ وَّ جَعَلْنَا بَيْنَهُمَا زَرْعًا

"અને તેમની સામે બે પુરૂષોનો હાલ વર્ણવો કે તેમનામાંથી એકને અમે દ્રાક્ષના બે બાગ આપ્યા અને તેને ખજૂરોથી ઢાંકી લીધા અને તેની વચ્ચે ખેતી રાખી." *(સૂ. કહફ, આ. ૩૨)*

આ બની ઈસ્રાઈલમાં બે ભાઈ હતા. એક કાફિર હતો જેનું નામ કતરૂસ હતું. બીજો મુસલમાન હતો જેનું નામ યહૂઝા હતું. બંનેવને પોતાના પિતાના વારસામાંથી આઠ હજાર દીનાર મળ્યા તેને તે બંનેવે બે ભાગોમાં વહેંચી લીધા. કાફિરે એક હજાર દીનારથી જમીન ખરીદી. એ જોઈને મો'મિને કહ્યું, હે અલ્લાહ ! મારા ભાઈએ એક હજાર દીનારમાં જમીન ખરીદી છે, હું એક હજાર દીનારમાં જન્નતમાં જમીન ખરીદુ છું. આવું કહીને તેણે એક હજાર દીનાર સદકો કરી આપ્યા. પછી તેના ભાઈએ એક હજાર દીનાર વડે ઘર બનાવ્યું. આ જોઈને તેણે કહ્યું કે હે અલ્લાહ ! મારા ભાઈએ એક હજાર દીનારમાં ઘર બનાવ્યું છે અને હું તારાથી જન્નતમાં મહેલ ખરીદુ છું. આવું કહીને તેણે એક હજાર દીનાર સદકો કરી દીધા.

પછી તેના ભાઈએ એક હજાર દીનાર મહેરમાં આપીને એક સ્ત્રી સાથે શાદી કરી. તેના પર તેણે કહ્યું કે, હે અલ્લાહ ! હું એક હજાર દીનાર હૂરોની મહેર બનાવું છું, અને તેણે એક હજાર દીનાર સદકો કરી આપ્યા. પછી તેના ભાઈએ એક હજાર દીનારમાં ખાદિમો તથા માલ સામાન ખરીદયો. તો તેણે કહ્યું, હે અલ્લાહ ! હું એક હજાર દીનારમાં વલદાને મુખ્લદૈન (સદા રહેનાર છોકરા) ખરીદુ છું, અને તેણે એક હજાર દીનાર સદકો કરી આપ્યા. પછી જ્યારે તેને કોઈ જરૂરત ઉભી થઈ તો પોતાના ભાઈના રસ્તામાં બેસી ગયો. તેનો ભાઈ તેના લાવ લશ્કર સાથે પસાર થયો તો તે તેની સામે ઉભો થઈ ગયો. તેણે તેને રસ્તેથી હટાવી દીધો અને પોતાનો માલ સદકો કરવા પર તેને ભલુબુરુ કહેવા લાગ્યો.

*(તફસીરુલ મદારિકિત્તંઝીલ, આયત ઉપર મુજબ)*

આ કાફિર માલદાર અને તેના નાદાર મુસ્લિમ ભાઈ વચ્ચે જે કાંઈ મામલો બન્યો તેને કુર્આને મુકદ્દસે આ રીતે વર્ણવેલ છે :

"બંનેવ બાગ પોતાનાં ફળ લાવ્યાં અને તેમાં કાંઈ કમી ન આપી. અને બંનેવની વચ્ચે અમે નહેર બનાવી. અને તે ફળ ધરાવતો હતો તો પોતાના સાથીને બોલ્યો, અને તે તેની સાથે તકરાર કહી રહ્યો હતો કે હું તારા કરતાં માલમાં અધિક છું અને

માણસોનું અધિક જોર ધરાવું છું. પોતાના બાગમાં ગયો અને પોતાની જાન પર જુલ્મ કરતાં બોલ્યો મને ગુમાન નથી કે આ કદી ફના થાય, અને હું ગુમાન નથી કરતો કે કયામત કાયમ થાય, અને જો હું મારા રબની તરફ ફરીને ગયો પણ તો જરૂર આ બાગથી બેહતર પલટવાની જગા પામીશ.

તેના સાથીએ તેની સાથે ચર્ચા કરતાં જવાબ આપ્યો, શું તું તેની સાથે કુફ્ર કરે છે જેણે તને માટીથી બનાવ્યો પછી સાફ સ્વચ્છ પાણીના ટીપા વડે, પછી તને બરાબર પુરૂષ બનાવ્યો પરંતુ હું તો કહું છું કે એ અલ્લાહ જ મારો રબ છે. અને હું કોઈને મારા રબનો શરીક નથી કરતો. અને કેમ ન થયું કે જ્યારે તું તારા બાગમાં ગયો તો કહ્યું હોત, જે ચાહે અલ્લાહ, અમારામાં કાંઈ શક્તિ નથી પણ અલ્લાહની મદદની. જો તું મને તારા કરતાં માલ તથા ઔલાદમાં ઉતરતો જોતો હતો તો નજીક છે કે મારો રબ મને તારા બાગ કરતાં સારો આપે અને તારા બાગ પર આસ્માનથી વીજળીઓ ઉતારે તો તે ઉજ્જડ મેદાન થઈને રહી જાય. અથવા તેનું પાણી જમીનમાં ધસી જાય, તું એને કદાપિ શોધી ન શકે. અને એનાં ફળો ઘેરી લેવામાં આવ્યાં, તું તારા હાથ ઘસતો રહી ગયો એ ખર્ચા પર જે એ બાગમાં ખર્ચ કર્યો હતો. અને તે છાપરાંઓ પર પડેલો હતો અને કહી રહ્યો હતો, હે કાશ ! મેં મારા રબનો કોઈને શરીક ન કર્યો હોત. અને તેની પાસે કોઈ જમાઅત ન હતી કે અલ્લાહની સામે તેની મદદ કરતી, ન તે બદલો લેવાને પાત્ર હતો. અહીં ખુલે છે કે ઈખ્તિયાર સાચા અલ્લાહનો છે. તેનો સવાબ સૌથી બેહતર અને તેને માનવાનો અંજામ સૌથી ભલો.''

આ બનાવથી જાણવા મળ્યું કે જે લોકો દુનિયવી જિંદગીને જ સર્વ કાંઈ સમજી બેસે છે અને દુનિયામાં ખોવાયને આખેરતને ભૂલી જાય છે, અસલમાં તેઓ ધોકામાં પડી જાય છે. પછી એક દિવસે જયારે તેમનો દુનિયવી માલ સામાન ખત્મ થઈ જાય છે ત્યારે તેમને એહસાસ થાય છે કે તેમણે તો ખૂબ જ નુકસાનવાળો સોદો કર્યો છે, એની સરખામણીમાં જેઓ દુનિયાને આખેરતની ખેતી બતાવે છે અને એમાં આખેરતની તૈયારી કરે છે તેઓ દુનિયામાં પણ સંતુષ્ઠ રહે છે અને આખેરતમાં તો તેમને એશ આરામનો એવો સામાન નસીબ થશે જે કદી ફના થનારો નથી.

ઉપરોક્ત બનાવ વર્ણવ્યા બાદ અલ્લાહ તબારક વ તઆલાએ દુનિયવી જિંદગીનું દષ્ટાંત આ શબ્દોમાં રજૂ કર્યું :–

وَ اضْرِبْ لَهُمْ مَّثَلَ الْحَيٰوةِ الدُّنْيَا كَمَآءٍ اَنْزَلْنٰهُ مِنَ السَّمَآءِ فَاخْتَلَطَ بِهٖ نَبَاتُ الْاَرْضِ فَاَصْبَحَ هَشِيْمًا تَذْرُوْهُ الرِّيٰحُ ؕ وَ كَانَ اللّٰهُ عَلٰى كُلِّ شَیْءٍ مُّقْتَدِرًا ﴿۴۵﴾

''અને તેમની સામે દુનિયવી જિંદગીની કહેવત વર્ણન કરો જેવી રીતે એક પાણી અમે આસ્માનથી ઉતાર્યું તો એના કારણે જમીનની લીલોતરી ગાઢ બનીને નીકળી કે સૂકી ઘાસ થઈ ગયો જેને હવાઓ ઉડાડે, અને અલ્લાહ દરેક ચીજ પર કાબૂવાળો.

*(સૂ. કહફ, આ. ૪૫)*

આ આયતમાં દુનિયાની તરો તાઝગી અને ત્યારબાદ તેની તબાહીને ઘાસના દષ્ટાંત વડે સમજાવવામાં આવેલ છે કે જેવી રીતે ઘાસ લીલીછમ હોવાના થોડાક જ દિવસો બાદ સૂકાયને ફના થઈ જાય છે અને એવી નેસ્તોનાબૂદ થઈ જાય છે કે તેનું નામો નિશાન નષ્ટ થઈ જાય છે. એ જ પ્રમાણે દુનિયવી જિંદગીનો હાલ છે કે આજે તેની ખુશીઓ તથા આનંદોમાં ગુમ થનારા જાણી લે કે દુનિયા હમેશાં રહેશે નહીં, તેણે એક ન એક દિવસ ફના થવાનું છે.

## ★ ક્યાંક ધોકામાં ન પડશો ! ★

દુનિયાની હૈસિયત કુર્આન મજીદમાં ઠેક ઠેકાણે સ્પષ્ટ કરવામાં આવેલી છે. વળી અલ્લાહ તબારક વ તઆલાએ પોતાના બંદાઓને માહિતગાર પણ કરી આપ્યા કે દુનિયામાં તમારી જિંદગી ગુજારો અને તેની નેઅમતોથી ફાયદો ઉઠાવો પરંતું ખબરદાર ! તેની રંગીનીઓને જોઈને ધોકામાં ન પડી જશો. કુર્આનનો ઈર્શાદ છે :

يٰاَيُّهَا النَّاسُ اِنَّ وَعْدَ اللّٰهِ حَقٌّ فَلَا تَغُرَّنَّكُمُ الْحَيٰوةُ الدُّنْيَا وقفة وَ لَا يَغُرَّنَّكُمْ بِاللّٰهِ الْغَرُوْرُ ﴿۵﴾

"હે લોકો ! બેશક ! અલ્લાહનો વાયદો સાચો છે, તો કદાપિ તમને ધોકો ન આપે દુનિયાની જિંદગી અને કદાપિ તમને અલ્લાહના હુકમ પર ધોકો ન આપે તે મોટો ધોકાબાઝ." *(સૂ. ફાતિર, ૩૫/૫)*

## ★ દુનિયાની જિંદગીમાં ખોવાય જવાનો અંજામ ★

દુનિયાની જિંદગીમાં ખોવાય જવું ભયાનક અંજામનો સબબ છે. એવા લોકો જેઓ દુનિયાના ધોકામાં સપડાયને આખેરતને ભૂલાવી બેસે છે તેમના માટે જહન્નમનો અઝાબ તૈયાર કરવામાં આવી ચૂક્યો છે. અલ્લાહ તબારક વ તઆલા ફર્માવે છે :–

اِنَّ الَّذِيْنَ لَا يَرْجُوْنَ لِقَآءَنَا وَ رَضُوْا بِالْحَيٰوةِ الدُّنْيَا وَ اطْمَاَنُّوْا بِهَا وَ الَّذِيْنَ هُمْ عَنْ اٰيٰتِنَا غٰفِلُوْنَ ﴿۷﴾

"બેશક ! તેઓ જેઓ અમને મળવાની ઉમ્મીદ નથી ધરાવતા અને દુનિયાની જિંદગી પસંદ કરી બેઠા અને તેમાં સંતુષ્ઠ થઈ ગયા, અને તેઓ જેઓ અમારી આયતોથી ગફલત વર્તે છે તે લોકોનું ઠેકાણુ દોઝખ છે, બદલો તેમની કમાઈનો." *(સૂ. યૂનુસ, આ. ૭)*

## ★ મુરદાર કરતાં વધુ તુચ્છ ★

આ દુનિયા જેની પાછળ આજે લોકો ભાગી રહ્યા છે અને જેને હાંસલ કરવાના માટે કાંઈ પણ કરવા તૈયાર રહે છે, તેમની હૈસિયત અલ્લાહ તબારક વ તઆલા નજીક શું છે ? તેને હદીષે પાકથી સમજો :

હઝરત જાબિર رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂર સૈયદે કાઈનાત صلی اللہ علیہ وسلم બકરીના નાના કાનોવાળી મુરદાર બકરીની પાસેથી પસાર થયા. આપે ફર્માવ્યું, આને એક દિરહમમાં ખરીદવું કોણ પસંદ કરશે ? લોકોએ અર્ઝ કરી, અમે તો એને કોઈ પણ કિંમત પર નથી ખરીદી શકતા. એના પર અલ્લાહના રસૂલ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું :

فَوَاللّٰهِ لَلدُّنْيَا اَهْوَنُ عَلَى اللّٰهِ مِنْ هٰذَا عَلَيْكُمْ

**"ખુદાની કસમ ! યકીનન ! દુનિયા અલ્લાહની નજીક એનાથી કેટલાય અંશે અધિક ઝલીલ (તુચ્છ) છે જેટલુ આ બકરીનું બચ્ચુ તમારી નજીક તુચ્છ છે."**

*(મિશ્કાતુલ મસાબીહ, ૩/૧૪૨૭)*

જેવી રીતે બકરીનું એક મુરદાર બચ્ચુ જો કોઈ આપણને વિના કિંમતે પણ આપી દે તો પણ આપણી નજરમાં તેની કોઈ કદર હશે નહીં, એ જ પ્રમાણે મો'મિનની નજરમાં દુનિયાની કોઈ કદર હોવી ન જોઈએ. *(ક્રમશઃ)*


**છે કોઈ આ'લા હઝરતનો ચાહક !**

**''બરકાતે રઝા'' કિતાબ મંગાવો !**

*આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہની શાનમાં આપની અજોડ ખૂબીઓ તથા આપના વિવિધ વિષયે ઈલ્મો તથા દુનિયાથી બેનિયાઝી, આપનો તક્વો તેમજ આપની કરામતો વગેરે સંબંધી બરકાતે ખ્વાજા મંથલીના વિશિષ્ટ લેખોનો સંગ્રહ એટલે **'બરકાતે રઝા'** (પેજીસ : ૪૯૨) કિતાબ અવશ્ય મંગાવો. સંપર્ક કરો :–*

**રઝવી કિતાબ ઘર**
C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા,
તા. જિ. ભરૂચ–૩૯૨૦૨૦ Mo. 94274 64411

*હદિયો* Rs. 250/-

# કોરોના વાયરસની વબા અને મુસ્લિમ કૌમ

હપ્તો : ૦૧

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ ○

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَارَسُوۡلَ اللّٰہِ ﷺ

કોરોના વાયરસની વબા આજકાલ પૂરી દુનિયાને પોતાની લપેટમાં લઈ ચૂકી છે. અત્યાર સુધીમાં દુનિયાના ૨૦૦થી અધિક દેશો આ તબાહ કરનાર વબાની ભયાનકતાનો શિકાર બની ચૂકી છે. ચીનથી આ વબાની શરૂઆત થઈ અને જોતજોતામાં દુનિયાના તમામ ખંડોના શહેરો, કસ્બાઓ તથા ગામડાંઓમાં દરેક જગાએ પોતાનો પંજો જમાવી ચૂકી છે. બુધ્ધિશાળીઓ આશ્ચર્યમાં છે, વૈજ્ઞાનિકો લાચાર છે અને સત્તાધારીઓ ભયમાં સપડાયેલા છે. દુનિયાની મજબૂર અને કમજોર કૌમોને કૈદ કરનારા, તેમને શહેરો તથા આબાદીઓથી કાઢીને સમુદ્રોના કિનારાઓ, જંગલો અને ભયંકર ટાપુઓમાં બેબસીની તસ્વીર બનાવનારા આજે ખુદ એ જ કૈફિયતો (હાલતો)થી ભેટી ચૂક્યા છે.

બ્રિટનના વડા પ્રધાનનો એ કટાક્ષ કે મુસ્લિમ છોકરીઓનો નિક઼ાબ લેટર બોક્સ જણાય છે ! આજે તેણે જ પૂરી ક઼ૌમને તે જ લેટર બોક્સ પહેરવા ! મજબૂર કરી રહેલ છે ! અને પોતે જ બીમાર થઈને તંદુરસ્ત થવાની રાહ જોઈ રહેલ છે. દરેક શખ્સ ક્યાં તો ખુદ હિફાઝતીના હેઠળ ઘરોમાં કૈદ છે અથવા ક઼ાનૂનના બળે તેને નજર કેદ કરી રાખ્યો છે. સડકો સુમસામ, આબાદીઓ વેરાન અને બ્રિટનના ઈન્ટરનેશનલ સ્ટોરો જે બીજા વિશ્વયુદ્ધ વખતે પણ બંધ ન થયા હતા તેમને આજે તાળાં લાગી ગયાં છે ! તમામ હરવા ફરવાના સ્થળો સુનસાન (નિર્જન) છે. સમુદ્રના કિનારાઓ અને રમત ગમતના સ્ટેડિયમ વેરાન છે. દરિયા કિનારાઓ (ચોપાટીઓ), કલબો તથા ડાન્સ ઘરોમાં માલદાર ઘરાનાના પ્યાસા લોકોની નગ્નતાના દશ્યો ખત્મ થઈ ચૂક્યાં છે. દુનિયાના વડા પ્રધાનો, પ્રમુખો તથા ચાન્સેલરો ટી.વી. તથા મીડિયાના અન્ય માધ્યમો થકી પબ્લિકને ઘરોમાં બંધ રહેવાની સૂચના આપી રહ્યા છે.

કેટલાય દેશોમાં પોલીસ તથા ફોજ લોકોની ધરપકડ કરી રહી છે, કેટલાક સ્થળે પોલીસની સખ્તીથી લોકો મૌતને ભેટી ચૂક્યા છે. લોકડાઉનના માહોલમાં ભૂખના માર્યા મજબૂર થઈને મોટા મોટા શહેરોના લોકો કેટલાક સેંકડો માઈલોની મુસાફરી પગપાળા કરીને પોતાના ઘરોની તરફ જનારા આ સામૂહિક સફરમાં ક્યાં તો કોરોનાના શિકાર થશે અથવા કેટલાક લોકો ભૂખથી મરી જશે. **ખભાઓ પર પોતાના નાનાં બાળકોનો બોજ ઉઠાવીને અને પોતાની પીઠ પર પોતાની અપંગ પત્ની અથવા માને લાદીને ઘરો તરફ જનારાઓ તે સત્તાધારીઓની આંખો ખોલી દેવા માટે પૂરતા છે જેમણે હમણા નજીકના ભૂતકાળમાં બર્માના હિજરતીઓને સફર કરતા જોયા છે, પણ કેમ કે તેઓ મુસલમાન હતા એટલા માટે કોઈ પણ દેશ તેમની મદદ માટે ન પહોંચ્યો.**

લોકડાઉનની પીડાથી તડપતા લોકો કાશ ! એ મજબૂર દેશોના બારામાં વિચારી શકે જેમને

**અઝ : અલ્લામા કમરુઝ્ઝમાંખાં આ'ઝમી** مدظلہ العالی *(સેક્રેટરી જનરલ : વર્લ્ડ ઈસ્લામિક મિશન–યુ.કે.)*

શક્તિશાળી કૌમોએ પોતાની સત્તા લાલસાની પ્યાસ બુઝાવવા માટે મુદ્દતોથી લોકડાઉનની દર્દનાક સ્થિતિમાં ઘેરેલા છે.

૨૧મી સદીની શરૂઆની સાથે ન્યુ વર્લ્ડ ઓર્ડરના થકી દુનિયાનો રાજનૈતિક, આર્થિક તથા ભૌગોલિક નકશો તબદીલ કરનારાઓ આજે પોતાના અંજામથી ભયભીત છે. આલમગીરિયત (ગ્લોબલાઈઝેશન)નો નારો મારનારાઓ પાસે આ વિશ્વ વ્યાપી વબાનો હાલમાં કોઈ ઈલાજ નથી.

કાશ ! દુનિયાના સત્તાધારીઓ એ મઝલૂમ કૌમોના બારામાં વિચારતા જેઓ એક વિશ્વવ્યાપી ષડયંત્ર હેઠળ લાગુ કરેલ જંગોના કારણે મૌત, ભૂખ, બીમારી, દર બદર ભટકાવાનો અને બેવતનીનો શિકાર થઈ ગઈ. જેમના દેશો તથા શહેરોને "તોરા બોરા"માં તબદીલ કરી નાખવામાં આવેલ છે. ઈરાક઼, લીબિયા, શામ (સીરિયા), પેલેસ્ટાઈન, બોસ્નિયાની ખોફનાક જંગો કહેવાતી પ્રગતિ પામેલ કૌમોની સામે છે. પણ દુનિયાભરના મઝલૂમોના હક઼્ક઼માં ક્યાંયથી કોઈ અવાજ બુલંદ થતો નજર નથી આવી રહ્યો. માનવ અધિકારની સંસ્થાઓ, ઓ.આઈ.સી. વગેરે ખામોશ પ્રેક્ષક છે ! અથવા જાલિમોની તરફદારી કરતી જોવા મળે છે. **આ સંજોગોમાં નિર્દોષ મઝ્લૂમોની આહોએ બાબે ઈજાબતે ઈલાહીને દસ્તક આપી જેના જવાબમાં મશિય્યતે આજના નમરૂદો તથા ફિરઔનોને મચ્છરોથી અધિક બારિક અને ગૈર મહેસૂસ વાઈરસના થકી અઝાબમાં સપડાવી દીધા છે.** કાશ ! કોરોનાના વાયરસ દુનિયાના જાલિમોની આંખો ખોલી નાખે અને તેમને એહસાસ થઈ જાય કે આ તેમના જુલ્મોની સજા છે.

بترس از آہ مظلوماں کہ ہنگام دعا کردن
اجابت از در حق بہر استقبال می آید

**(ભાવાર્થ)** : "મઝલૂમોની આહથી ડર ! દુઆ કરવાના સાથે જ અલ્લાહના દરબારથી કબૂલિયત તેના સ્વાગત માટે આવે છે."

*કરીબ આયા હૈ રોઝે મેહશર,*
*છુપેગા કશ્તિયોં કા ખૂન ક્યૂં કર*
*જો ચુપ રહેગી ઝબાન,*
*ખંજરે લહૂ પકારેગા આસ્તીન કા*

વર્તમાનકાળના ફિરઔનોએ મુસ્લિમ દેશોમાં આતંકવાદની ખેતી કરી, અને તેમને સહાબાએ કિરામ જેવાં નામો આપ્યાં. પ્રથમ તેમને 'મુજાહિદીન'નું નામ આપવામાં આવ્યું. પણ અફઘાનિસ્તાનમાં રશિયાની હાર પછી તેમને 'આતંકવાદી' કહેવાનું શરૂ થયું. અને પછી પૂરા ઈસ્લામી જગતને આતંકવાદીના નામ પર મિટાવવાની કોશિશ કરવામાં આવી.

મઆઝલ્લાહ ! કુર્આને અઝીમને આતંકવાદની કિતાબ, પયગંબરે ઈસ્લામ ﷺને આતંકવાદીઓના પયગંબર અને ઈસ્લામને આતંકવાદનો ધર્મ ઠરાવવામાં આવ્યો, અને પોતાના પાળેલા મીડિયા થકી એનો એટલા પ્રમાણમાં પ્રોપેગન્ડો (દુષ્પ્રચાર) કરવામાં આવ્યો કે દુનિયાના આ સૌથી મહાન જૂઠને સત્ય સમજી લેવામાં આવ્યું, અને યક઼ીન કરી લેવામાં આવ્યું કે મુસલમાનો અને મુસ્લિમ દેશોની સાથે જે થઈ રહ્યું છે તેઓ એને લાયક જ છે ! આજે પણ વધી રહેલ ઈસ્લામોફોબિયા અને તેના થકી પેદા કરવામાં આવેલી નફરતના પરિણામે કોઈ સમયે પણ દુનિયામાં બોસ્નિયા જેવી ટ્રેજડી (દર્દનાક બનાવ)

જન્મ લઈ શકે છે. અરબ દેશોએ પશ્ચિમના આંધળા અનુકરણમાં પોતાની તૂટી રહેલી આર્થિક સ્થિતિ સીનેમા ઘરો, હોટલો, કલબો અને શરાબખાનાના કલ્ચરને રિવાજ આપ્યો, ત્યાં સુધી કે કોરોનાના અઝાબથી થોડાક અગાઉ હિજાઝ મુક઼દ્દસનાં કેટલાંક શહેરોમાં નાચગાનની રંગ રાગની મેહફિલો સજાવવી શરૂ થઈ. જિદ્દા કે જ્યાં મુસલમાન એહરામ પહેરીને જાય છે ત્યાં આ જ પ્રકારના સ્ટેજ પ્રોગ્રામો થવા લાગ્યા. છેવટે મશિય્યતને જલાલ આવી ગયો અને રબ્બે કા'બાની નારાઝીનો અંજામ એ થયો કે કા'બા અને મસ્જિદે નબવી અને રોઝએ રસૂલ ﷺનો દરવાજો પણ તેમના માટે બંધ કરી દેવામાં આવ્યો. ખુદા પાક આ સત્તાધારીઓને તૌબાની તૌફીક઼ અતા ફર્માવે જેથી હરમૈનની રોનકો ફરીથી યથાવત થાય.

પાછલા દિવસોમાં કોરોના અઝાબના પ્રવેશ થવાના થોડાક પહેલાં મુસ્લિમ દેશની આવારા છોકરીઓએ એક જુલૂસ કાઢયું, જેમાં એવો નારો લગાડયો કે "અમારું શરીર અમારી મરજી !" એટલે કે એના પર અમારાં બાપ કે કોઈ મઝહબે પાબંદી લગાડવાનો કોઈ હક્ક઼ નથી. અમે જેવી રીતે ફાવે જિંદગી ગુજારીએ, અમને અમારા પર આ રીતની કોઈ પાબંદી મંજૂર નથી. એ તો ખૈર કે એ જ દેશની બાગૈરત, ઈજ્જતવાળી અને ઈસ્લામ પસંદ બચ્ચીઓએ એનાથી મોટુ જુલૂસ કાઢીને તેમના વિચારોનો રદિયો આપી દીધો, અને પોતાની દીની તથા ક઼ૌમી ગૈરતની સાબિતી આપી દીધી. મેં પણ બયાનોમાં તે આબરૂ વિનાની સ્ત્રીઓને રદીયો આપ્યો અને એ સ્પષ્ટ કર્યું કે આ શરીર તમારું નથી, તમારા પરવરદિગારનું પેદા કરેલું છે, અને તમારાં મા, બાપ આ અલ્લાહના સર્જનના ઝરીયા છે. એટલા માટે તમારા પર સૌ પ્રથમ અલ્લાહનો હક્ક઼ છે અને ત્યાર બાદ તમારાં મા, બાપનો પણ હક્ક છે.

કુદરતી આફતો તથા બલાઓનો નુઝૂલ પહેલાં પણ થતો હતો, પણ કોઈ એક દેશ અથવા કોઈ એક શહેરમાં થતો. ભૂતકાળમાં ક઼ૌમે આદ, ક઼ૌમે ષમૂદ, ફિરઔન તથા નમરૂદની ક઼ૌમો અને ત્યાર બાદ પણ વિવિધ ક઼ૌમો પર અઝાબ આવતા રહ્યા છે. હઝરત શયખ સઅદી رحمۃ اللہ علیہના જમાનામાં દમિશ્ક દુકાળનો શિકાર બન્યુ અને લાખો લોકો મૌતના ભેટ ચઢી ગયા. શયખ સઅદીએ તેનો નક઼શો ખેંચ્યો છે :–

چناں قحط سالے شد اندر دمشق - کہ یاراں فراموش کردند عشق

**(ભાવાર્થ)** : "દમિશ્કમાં એક વરસ એવો દુકાળ પડયો કે યાર લોકો ઈશ્ક઼ ભૂલી ગયા."

પરંતુ એ કેવળ મુલ્કે શામ (સીરિયા) અને ખાસ કરીને દમિશ્ક સુધી સીમિત હતો. પણ ગ્લોબલાઈઝેશનના આ દૌરમાં કોરોનાએ પણ ગ્લોબલાઈઝેશનનો ઓળો ઓઢી લીધો છે, જો ખુદા ન ખ્વાસ્તા કોરોનાનો ક્રમ લંબાયો તો દુનિયામાં પ્રથમ તથા બીજા વિશ્વ યુદ્ધથી વધુ તબાહકારીઓ તથા આર્થિક બર્બાદીઓ અસ્તિત્વ પામશે.

અસલમાં કોરોનાની આ વિશ્વવ્યાપી વબા દુનિયાના જાલિમોને ખબરદાર કરવા માટે છે કે તેઓ જુલ્મથી દૂર થઈ જાય, અને મઝલૂમ ક઼ૌમો પર જુલ્મો સિતમના અધિક પહાડો ન તોડે અને દુનિયામાં હક઼ીક઼ી અમ્ન સ્થાપવાની કોશિશો કરે, નહીં તો જાણી લે કે તેઓ એ કહ્હાર તથા જબ્બાર ઝાતની પકડથી બચી શકશે નહીં જે સર્વ સૃષ્ટિનો ખાલિક઼ (સર્જનહાર) તથા માલિક છે.

આ શક્તિઓ તથા કૌમોએ દુનિયાને તબાહીના મોઢામાં પહોંચાડી દીધી છે. હાલત એ છે કે જો કોઈ સમયે પણ કોઈ તકસાધુ પાગલની આંગળી એટમ બોમ્બરના બટનને દબાવી દે તો પૂરી દુનિયા ફના થઈ જશે. (العیاذ باللہ)

પણ સવાલ એ પેદા થાય છે કે કોરોનાના અઝાબમાં કેવળ જાલિમ કૌમ જ સપડાયેલી નથી બલ્કે મઝલૂમ કૌમો ખાસ કરીને મુસલમાન પણ એનો શિકાર છે. એના અનુસંધાનમાં મારુ માનવું એ છે કે **કોરોના દુનિયાની શક્તિવાન તથા જાલિમ કૌમો માટે અઝાબ છે, અને દુનિયાના ગુનેહગારો માટે અલ્લાહ પ્રતિ વળવાનો ઝરીયો છે, અને તક્વાવાળાઓ માટે દરજાઓની બુલંદીનો ઝરીયો છે.**

પ્રથમ સ્થિતિમાં કુર્આને અઝીમની એ સર્વ આયતો સાક્ષી છે જેનો સંબંધ માઝી કૌમોની અઝાબ પામેલી કૌમોની ખબરથી છે. બીજી સ્થિતિમાં જો તમો મુસ્લિમ ઉમ્મતનું વ્યક્તિગત તથા સામૂહિક રીતે નિરીક્ષણ કરો તો એ હકીકતથી આપ ઈન્કાર નહીં કરી શકો કે ઉમ્મતે મુસ્લિમા એક લાંબા કાળથી જુલ્મો સિતમનો શિકાર છે. **આ સંજોગોમાં તો એવું થવું જોઈતુ હતું કે મુસ્લિમ કૌમ અલ્લાહની તરફ રુજૂઅ કરતી (વળતી), પણ સ્થિતિ એવી છે કે હજારો જુલ્મો સિતમ સહેવા છતાં આ કૌમની અંદર રુજૂઅ ઈલલ્લાહ (અલ્લાહ પ્રતિ વળવાની) સામૂહિક સમજ જાગૃત નથી થઈ રહી.** ખૌફે ઈલાહી દિલોએથી નીકળી ચૂક્યો છે અને દરેક મુસીબત પછી મુસલમાનોનાં હાકિમો જાલિમ કૌમોની પનાહમાં જવા ચાહે છે.

*બુતોંસે તુઝે ઉમ્મીદેં ખુદાસે નવમીદી*
*મુઝે બતા તો સહી ઔર કાફિરી કયા હૈ*

કા'બતુલ્લાહ અને મદીના તયબહના મુતવલ્લી પણ રબ્બે કા'બાની તરફ રુજૂઅ કરવાને બદલે પશ્ચિમની પનાહમાં જવા ચાહે છે. આ સંજોગોમાં તેઓ અલ્લાહની રહમત તથા મદદના મુસ્તહિક કઈ રીતે થઈ શકે છે ?

આકાએ દો જહાં ﷺએ આજથી ચૌદસો વરસો પહેલાં મુસ્લિમ ઉમ્મતને ખબરદાર કરી આપી હતી કે જ્યારે મુસ્લિમ ઉમ્મત ગુનાહોમાં સપડાવા લાગે અને ઈસ્લામી કાનૂનોનો ભંગ કરવાનું આ કૌમનો સામૂહિક મિઝાજ બની જાય તો તેના પર આ પ્રકારના અઝાબો આવશે. ઈમામ મુહમ્મદ તથા ઈમામ તિર્મિઝી رحمۃ اللہ علیہما એ આ હદીષ નકલ કરી છે :–

૦૧. જ્યારે માલે ગનીમત વિના લાયકાતે લોકોમાં વહેંચાવા લાગશે.

૦૨. જ્યારે અમાનતને નફો ખયાલ કરવામાં આવશે.

૦૩. જ્યારે ઈલ્મ કેવળ દુનિયાના માટે હાંસલ કરવામાં આવશે.

૦૪. જ્યારે પુરૂષો પોતાની પત્નીની ઈતાઅત (કહ્યાનુસાર) કરવા લાગશે.

૦૫. જ્યારે પુરૂષ પોતાનાં મા બાપની નાફર્માની અને તેમનાથી સંબંધો કટ કરવા લાગશે.

૦૬. જ્યારે લોકો પોતાના દોસ્તને નજીક અને બાપને દૂર કરવા લાગશે.

૦૭. જ્યારે મસ્જિદોમાં અવાજો મોટા થવા લાગશે.

૦૮. જ્યારે કબીલાની સરદારી ફાસિક લોકોના હાથોમાં રહેશે.

૦૯. જ્યારે કૌમનો સૌથી નીચ શખ્સ તેનો લીડર હશે.

**૧૦.** જ્યારે માણસ તેની ઈજ્જત તેની બુરાઈના ડરથી કરવા લાગશે.

**૧૧.** જ્યારે ગાવા વગાડનારાઓ લોકો પર છવાય જશે.

**૧૨.** જ્યારે આ ઉમ્મતના આખરી લોકો આગલાઓ પર લઅનત કરવા લાગશે.

એ વખતે તમે લાલ આંધી (બોમ્બ ધમાકા વગેરે અથવા આજકાલની જંગો *–આ'ઝમી*), ધરતીકંપ, ધસાવી દેવામાં આવવું, બર્બાદ કરી દેવામાં આવવું, અને હલાકતનો ઈન્તેઝાર કરો. આ સૌ એક પછી એક એવી રીતે થશે જેવી રીતે એક દોરામાં પરોવેલ મણકાઓ એક પછી એક પડવા લાગે છે.

એક અન્ય હદીષમાં હુઝૂર સૈયદે આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, એ વખતે તમારો શો હાલ થશે જ્યારે તમારામાં પાંચ વાતો પેદા થશે, હું અલ્લાહની પનાહ માગુ છું કે તમારામાં આ વાતો જોવા મળે અથવા તમે એ વાતોને પામી શકો.

**૦૧.** જ્યારે કોઈ કૌમમાં બુરાઈઓ તથા બદ્કારીઓ આમ થઈ જાય અને લોકો તેમાં ઓપનલી પડવા લાગે. તો એ કૌમમાં પ્લેગ અથવા એવી તકલીફો થશે જેનાથી તેમના અસ્લાફ (પૂર્વજ બુઝુર્ગો) તદ્દન નાવાકેફ હશે. (દા.ત. એઈડઝ, કોરોના વાયરસ. *–આ'ઝમી*)

**૦૨.** જ્યારે કોઈ કૌમ ઝકાત રોકી દે તો તેના પર આસ્માનની વર્ષા રોકી દેવામાં આવે. અને જો જાનવર ન હોય તો તેમના પર કદી વરસાદ ન વરસે.

**૦૩.** જ્યારે કોઈ કૌમ માપ તોલમાં કમી કરવા (કાંટી મારવા) લાગે તો સૂકો દુકાળ, સખત સંજોગો અને ઉપરથી બાદશાહનો જુલ્મ થશે.

**૦૪.** જ્યારે કોઈ કૌમના અમીરો અલ્લાહની કિતાબની વિરુદ્ધ કરવા લાગશે તો અલ્લાહ તેમના પર દુશ્મનોને સવાર કરી દેશે જેઓ તેમની પાસેથી તેમના ઈખ્તિયારો છીનવી લેશે.

**૦૫.** અને જ્યારે તેઓ કિતાબુલ્લાહ અને સુન્નતે રસૂલ ﷺને છોડી દેશે તો એકબીજાને કત્લ કરવા લાગશે.

**આ મુબારક હદીષોની રોશનીમાં તમો જો મુસ્લિમ ઉમ્મતના કિરદારનું નિરીક્ષણ કરો તો જાણવા મળશે કે તે કઈ બુરાઈ છે જે આ કૌમની અંદર મૌજૂદ નથી ?!**

કુર્આને અઝીમનું ફર્માન છે :

وَ مَاۤ اَصَابَكُمْ مِّنْ مُّصِيْبَةٍ فَبِمَا كَسَبَتْ اَيْدِيْكُمْ وَ يَعْفُوْا عَنْ كَثِيْرٍ ۞

"અને તમને જે મુસીબત પહોંચી તે એના સબબે છે જે તમારા હાથોએ કમાયી અને ઘણુ બધું તો માફ ફર્માવી દે છે." *(સૂ. શૂરા, આ. ૩૦, કન્ઝુલ ઈમાન)*

**'નમાઝ' જે નજાતની જામિન છે. અફસોસ એનો છે કે લગભગ ૯૦% મુસલમાન નમાઝ નથી પઢતા !** હદીષે પાકમાં સરવરે આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :

مَنْ تَرَكَ الصَّلٰوةَ مُتَعَمِّدًا فَقَدْ بَرِئَتْ مِنْهُ ذِمَّةُ اللّٰهِ

**"જે નમાઝને ઈરાદાપૂર્વક છોડશે તેને અલ્લાહના જિમ્મએ કરમથી દૂર કરી દેવામાં આવશે."**

મતલબ કે તે દુનિયાવાળાઓના હવાલે થઈ જશે કે દુનિયાવાળા જે સુલૂક (વર્તાવ) ચાહશે તે તેની સાથે કરશે. 'નમાઝ' મો'મિનની મેઅરાજ છે. અલ્લાહ પ્રતિ રુજૂઅ થવાનો સૌથી મહાન ઝરીયો છે. જો મુસલમાનો ચાહે છે કે તેમને ઉન્નતિ મળે તો તેમણે રુજૂઅ ઈલલ્લાહના નિસાબ પર (અલ્લાહની રાહમાં તૌબા કરી તેની સમક્ષ ઝુકવા પર) અમલ કરવો પડશે. *(ક્રમશઃ)*

# અફઝલિયતે સૈયેદોના સિદ્દીકે અકબર رضی اللہ عنہ

❑ અઝ ❑

**મૌલાના મુહમ્મદઅમીન અકબરી સાહબ**
*(નાઝિમે આ'લા દારુલ ઉલૂમ ગૌષે સમદાની,
મુ. પીપળીયા રાજ, તા. વાંકાનેર, મો. ૯૮૭૯૭ ૬૩૨૫૯)*

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ
نَحۡمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِہِ الۡکَرِیۡمِ

હઝરાતે મોહતરમ ! જબ સે સોશિયલ મીડિયા કા ખાસકર દૌર શુરૂ હુવા હૈ તબ સે હમ દેખ રહે હૈં, કે ઉસકે ફાયદોં કે સાથ ઉસકે નુકસાનાત ભી હદ સે બળ્હતે જા રહે હૈં. જિસે દેખકર કૌમે મુસ્લિમ કે નૌજવાનોં કે આમાલો અખ્લાક તો બરબાદ હો રહે હૈં, સાથ હી ઈમાનો અક઼ાઈદ ભી ખરાબ હો રહે હૈં.

**અફઝલિયતે સૈયેદોના સિદ્દીકે અકબર رضی اللہ عنہ પર એહલે સુન્નત વ જમાઅત કા ઈજમાઅ હૈ ઔર ઈસ કા ઈન્કાર ગુમરાહી હૈ**

ગુમરાહ વ બદમઝહબ વ બાતિલ ફિર્કોંકે લોગોં કે બયાનાત સુનકર વોટ્સએપ ઔર ફેસબુક વગૈરહ પર ગુમરાહિયત વાલી પોસ્ટેં પળ્હકર નૌજવાનોં કે અક઼ીદોં મેં ગુમરાહિયત ઔર નાસ્તિકતા કે જરાષીમ દાખિલ હો રહે હૈં. યહી વજહ હૈ કે હુઝૂર નબીએ અકરમ ﷺ કા કલેમા પળ્હને કે બા વજૂદ આપ કી તાઝીમ વ તૌકીર કો શિર્ક વ બિદઅત સમઝને લગે. ઈલ્મે ગૈબ વ વસીલાએ મુસ્તફા ﷺ કા ઈન્કાર ઔર મીલાદે મુસ્તફા ﷺ કો નાજાઈઝો બિદઅત કહને લગે.

અહલે બૈતે અત્હાર વ સહાબાએ કિરામ વ ઉમ્મહાતુલ મો'મિનીન કા અદબ વ એહતરામ દિલોં સે નિકલને લગા. હાલાંકે તાજદારે કાએનાત ﷺ કી ઝાત હમારે ઈમાન કા મર્કઝ હૈ ઔર આપસે નિસ્બત રખને વાલી તમામ હસ્તીયોં સે મહબ્બત ઔર અદબ હમારે ઈમાન કા હિસ્સા હૈ.

હમ સહાબાએ કિરામસે મહબ્બત રખતે હૈં, વોહ ભી નિસ્બતે મુસ્તફા ﷺ કી વજહસે ઔર અહલે બૈતે અત્હાર સે મહબ્બત રખતે હૈં, વોહ ભી નિસ્બતે મુસ્તફા ﷺ કી વજહ સે. જિસને દોનોં મેં સે કિસી એક સે અપના મુંહ ફેરા ઉસને અપને ઈમાન કો ખતરેમેં ડાલા.

લિહાઝા હમારા તો યહી અક઼ીદા હૈ, કે હમ અહલે બૈત અત્હાર કે ભી ગુલામ હૈં, સહાબાએ કિરામ رِضۡوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیۡہِمۡ اَجۡمَعِیۡنَ કે ભી ગુલામ હૈં. કોઈ શખ્સ અગર સહાબાએ કિરામ કી મહબ્બતકી આળ લેકર અહલે બૈતે અત્હાર સે દુશ્મની રખ્ખે વોહ ખારજી, નાસબી ગુમરાહ હૈ, ઔર જો અહલે બૈતસે મહબ્બતકી આળ લેકર સહાબાએ કિરામ رِضۡوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیۡہِمۡ اَجۡمَعِیۡنَ સે દુશ્મની રખ્ખે વોહ રાફઝી, શીઆ ગુમરાહ હૈ.

اَلۡحَمۡدُ لِلّٰہِ હમ અહલે સુન્નત વ જમાઅત કા અક઼ીદા ચૌદહસો સાલ સે યહી હૈ કે હમ અહલે બૈત અત્હાર સે ભી મહબ્બત રખતે હૈં ઔર સહાબાએ કિરામ સે ભી મહબ્બત રખતે હૈં. رِضۡوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیۡہِمۡ اَجۡمَعِیۡنَ

આ'લા હઝરત ઈમામે અહલે સુન્નત رحمۃ اللہ علیہ ફર્માતે હૈં :

*અહલે સુન્નતકા હૈ બેળા પાર અસ્હાબે હુઝૂર,*
*નજમ હૈં ઔર નાવ હૈ ઈતરત રસૂલુલ્લાહ કી*

સોશિયલ મીડિયા પર કુછ મુલ્ક ઔર બૈરુને

મુલ્ક કે રાફઝી ઝાકિરોં ઔર મોલ્વીયોં ઔર કુછ અપને કો સુન્ની કહનેવાલે મોલ્વીયોંને સવાદે આ'ઝમ અહલે સુન્નત વ જમાઅત કે મૌક઼ફ સે હટકર પૈકરે ઈશ્ક઼ે રસૂલ હઝરતે સય્યેદોના અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہકી અફઝલિયત કા ઈન્કાર કરના શરૂ કિયા હૈ. જિસે સુનકર કહીં હમારે નૌજવાન ગુમરાહ ન હો જાએ, ઈસ લિયે હમ યહાં પર દલાઈલ કે સાથ યે બાત ખુલાસા વાર ઝિક્ર કરના ચાહતે હૈં કે તમામ અંબિયા علیہ السلام કે બાદ સબસે અફઝલ ઝાત હઝરતે સય્યેદોના અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہકી હૈ ઔર ખુલફાએ રાશેદીન رضی اللہ عنہم કે મરતબે કિસ તરહ હૈ ઉસકા યહાં ખુલાસા પેશ કરતે હૈં. આઈયે પળ્હતે હૈ!

## અફઝલિયતે સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہ

અહલે સુન્નત વ જમાઅત કા ઈસ બાત પર ઈજમાઅ હૈ કે અંબિયાએ કિરામ વ રસૂલાને ઈઝામ કે બાદ સબ સે અફઝલ હઝરતે સય્યેદોના અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ હૈં, ઉનકે બાદ હઝરતે સય્યેદોના ઉમર ફારૂક઼ رضی اللہ عنہ ઉનકે બાદ હઝરતે સય્યેદોના ઉસ્માને ગની رضی اللہ عنہ ઉનકે બાદ હઝરત સય્યેદોના અલીય્યુલ મુર્તઝા શેરે ખુદા کرم اللہ وجہہ الکریم ઉનકે બાદ અશરહે મુબશશરા, ઉનકે બાદ અહલે બદર, ઉનકે બાદ અહલે ઓહદ, ઉનકે બાદ અહલે બૈઅતે રિદવાન ફિર તમામ સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْن અજમઈન.

*(બહારે શરીઅત, જિ.૧, ફતાવા ફૈઝુર્રસૂલ, જિ. ૧)*

## અફઝલિય્યતે સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہ બ ઝબાને રસૂલે ખુદા صلی اللہ علیہ وسلم

હઝરતે સય્યેદોના અબૂદર્દા رضی اللہ عنہ ફર્માતે હૈં કે મુઝે નબીએ અકરમ صلی اللہ علیہ وسلمને હઝરતે સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہસે આગે ચલતે હુએ દેખા તો ઈર્શાદ ફર્માયા, અય અબૂ દર્દા! તુમ ઉસ શખ્સ સે આગે ચલતે હો જો દુન્યા ઔર આખેરત મેં તુમ સે બેહતર હૈ. તમામ નબીયોં ઔર રસૂલોં કે બાદ કિસી ઈન્સાન પર સૂરજ ન તુલૂઅ હુવા ન ગુરૂબ હુવા કે જો અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہસે અફઝલ હો.

*(હિલયતુલ ઔલિયા, જિલ્દ–૩, સફા–૩૭૩)*

## અફઝલિય્યતે સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہ બ ઝબાને જિબ્રઈલે અમીન علیہ السلام

એક દીન નબીયે કરીમ صلی اللہ علیہ وسلمને ખુત્બા ઈર્શાદ ફર્માયા ફિર તવજ્જુહ ફર્માઈ તો હઝરતે સય્યેદોના અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ નઝર ન આએ તો આપ صلی اللہ علیہ وسلمને ઉનકા નામ લેકર દો મર્તબા પુકારા. ફિર ઈર્શાદ ફર્માયા, બેશક! રૂહુલ કુદ્સ જિબ્રઈલે અમીન علیہ السلامને થોળી દેર પહલે મુઝે ખબર દી કે આપકે બાદ આપકી ઉમ્મત મેં સબસે બેહતર અબૂબક્ર સિદ્દીક઼ હૈં. *(અલ મોઅજમુલ અવસત, જિ–૫, સફા–૧૮)*

ક્યા રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم કે ફર્માનકે બાદ ભી કોઈ હઝરતે સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہકી અફઝલિયત કા ઈનકાર કર સકતા હૈ ?!

## અફઝલિય્યતે સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہ બ ઝબાને ફારૂક઼ે આ'ઝમ رضی اللہ عنہ

હઝરતે સય્યેદોના ફારૂક઼ે આ'ઝમ رضی اللہ عنہ ફર્માતે હૈં કે હઝરતે અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ હમારે સરદાર હૈં. હમ મેં સબ સે બહેતર ઔર રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم કે નઝદીક સબ સે ઝિયાદહ મહબૂબ હૈં.

*(સુનને તિર્મિઝી કિતાબુલ મનાક઼િબ, જિલ્દ–૫, સફા–૩૭૨)*

હઝરતે સય્યેદોના ફારૂક઼ે આ'ઝમ رضی اللہ عنہ ફર્માતે હૈં, નબીયે કરીમ صلی اللہ علیہ وسلم કે બાદ ઈસ ઉમ્મતમેં સબસે અફઝલ હઝરતે અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ હૈં ઔર અગર ઈસકે અલાવા કિસીને કોઈ દૂસરી બાત કહી તો વોહ મુફતરી યાની ઈલ્ઝામ લગાનેવાલા હૈ, ઔર ઉસકી સઝા ભી વહી હો જો ઈલ્ઝામ લગાને વાલે કી

હે. (યાની અસ્સી કોળે).

*(કન્ઝુલ ઉમ્માલ, કિતાબુલ ફઝાઈલ, બાબો ફઝાઈલિસ્સહાબા જિ–૫, જુઝ–૧૨, સફા–૨૨૩)*

**અફઝલિય્યતે સિદ્દીકે અકબર رضی اللہ عنہ બ ઝબાને સય્યેદોના અલીય્યુલ મુર્તઝા શેરે ખુદા کرم اللہ وجہہ الکریم**

હઝરતે અસ્બગ બિન નબાતા رضی اللہ عنہ સે રિવાયત હે. ફર્માતે હૈં, મૈંને અમીરૂલ મો'મિનીન હઝરતે સય્યેદોના અલી મુર્તઝા رضی اللہ عنہસે પૂછા, ઈસ ઉમ્મત મેં રસૂલુલ્લાહ ﷺ કે બાદ સબસે અફઝલ કોન હે ? ફર્માયા, ઈસ ઉમ્મત મેં સબ સે અફઝલ હઝરત સય્યદોના અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ હૈં. ઉનકે બાદ હઝરત સય્યેદોના ઉમર ફારૂક رضی اللہ عنہ ફિર સય્યેદોના ઉષ્માને ગની رضی اللہ عنہ ફિર મૈં (યાની હઝરતે સય્યેદોના અલીય્યુલ મુર્તઝા رضی اللہ عنہ.

*(અર્રિયાદુન્નદરહ, જિ.–૧, સફા–૫૭)*

ઈબ્નુસ્સમાન કિતાબુલ મુવાફેકામેં હઝરત ઈમામ જઅફર સાદિક رضی اللہ عنہ સે સનદે સહીહ કે સાથ રિવાયત કરતે હૈં કે ઉન્હોંને અપને વાલિદે બુઝુર્ગવાર ઈમામ મુહમ્મદ બાકિર સે ઉન્હોંને અપને વાલિદે ગિરામી હઝરતે સય્યેદોના ઈમામ ઝૈનુલ આબેદીન સે, ઉન્હોંને સૈયદુશ્શોહદા નવાસાએ રસૂલ હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہસે ઔર ઉન્હોંને અમીરૂલ મો'મિનીન હઝરતે સય્યેદોના અલી کرم اللہ وجہہ الکریم સે રિવાયત ફર્માઈ કે આપ ફર્માતે થે કે મૈંને હુઝૂર ﷺસે સુના કે અંબિયાઓ મુર્સલીન علیہم السلام કે બાદ ઐસે પર સૂરજ તુલૂઅ હુવા ન ગુરૂબ જો કે અબૂબક્ર સે બહતર હો. *(તફસીરે અઝીઝી, પારા નં ૩૦)*

અબૂ ઉમર બિન અબ્દુલ્લાહ હકમ બિન હજબસે ઔર દારે કુત્ની અપની સુનનમેં રાવી હૈં. જનાબે અમીરૂલ મો'મિનીન અલી کرم اللہ وجہہ الکریم ફર્માતે હૈં : જિસે મૈં પાઉંગા કે શૈખૈન (હઝરતે અબૂબક્ર વ ઉમર رضی اللہ عنہما)સે મુઝે અફઝલ બતાતા હે ઉસે બોહતાન લગાનેવાલેકી હદ (સઝા) મારૂંગા કે અસ્સી કોળે હૈં.

*(અસ્સવાએકુલ મુહર્રિકા, સફા–૬૦)*

યહાં પર હઝરતે અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہકી અફઝલિય્યત કા ઈન્કાર કરનેવાલોં ઔર કિસી ઔર ઝાત કે લિયે અફઝલિયત કી દલીલ દેનેવાલોં સે હમ પૂછના ચાહતે હૈં કે આપકે યે દલાઈલ હઝરતે મૌલાએ કાએનાત કો ક્યા સમઝમેં નહીં આએ હોંગે, જો આજ ચૌદહસો સાલ બાદ તુમ્હેં સમઝ મેં આ ગયે ? (અલ્લાહ તઆલા સચ્ચી સમઝ અતા ફર્માએ)

**અફઝલિય્યતે સય્યેદોના સિદ્દીકે અકબર رضی اللہ عنہ બેશુમાર સહાબાએ કિરામ વ અકાબિરીને ઉમ્મત સે ષાબિત હૈ. તફસીલ ઔર હવાલાજાત હમારે પાસ મૌજૂદ હૈં. ઉનકે મુબારક નામ યહાં પર ઝિક્ર કરતેં હૈ :** (૧) હઝરત સય્યેદોના અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (૨) હઝરતે સય્યેદોના અબૂ હુરૈરહ (૩) હઝરતે સય્યેદોના મુહમ્મદ ઈબ્ને અલી (૪) હઝરતે સય્યેદોના અસ્બગ ઈબ્ને નબાતા (૫) હઝરતે સય્યેદોના અબૂ દર્દા (૬) હઝરત સય્યેદોના સલમા બિન અકવઅ (૭) હઝરતે સય્યેદોના અમ્ર બિન આસ (૮) હઝરત સય્યેદોના હસ્સાન ઈબ્ને ષાબિત (૯) હઝરતે સય્યેદોના અબૂ હુસૈન رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَ (૧૦) હઝરત અલ્લામા નસ્ફી (૧૧) સિરાજુલ ઉમ્મત હઝરતે સય્યેદોના ઈમામે આ'ઝમ અબૂ હનીફા (૧૨) હઝરત સૈયદોના ઈમામ શાફઈ (૧૩) હઝરત સૈયદોના ઈમામ માલિક (૧૪) હઝરતે સય્યેદોના તહાવી (૧૫) હઝરત ઈમામ અબૂબક્ર બાકિલાની (૧૬) હઝરત શૈખ તકિય્યુદ્દીન (૧૭) હાફિઝ ઈબ્ને અબ્દુલબર્ર (૧૮) અલ્લામા અબ્દુશ્શકૂર સાલમી (૧૯) હઝરત ઈમામે ગઝાલી (૨૦) હઝરત ઈમામ

કમાલુદ્દીન (૨૧) ઈમામ કાઝી અયાઝ (૨૨) હઝરતે સય્યેદોના ગૌષુલ આ'ઝમ દસ્તગીર (૨૩) હાફિઝે ઈબ્ને અસાકિર (૨૪) ઈમામ શર્ફુદ્દીન નવવી (૨૫) ઈમામ મુહમ્મદ બિન હુસૈન બગવી (૨૬) અલ્લામા ઈબ્ને હજર અસ્કલાની (૨૭) ઈમામ જલાલુદ્દીન સિયૂતી (૨૮) ઈમામ અબ્દુલ વહાબ શઅરાની (૨૯) ઈમામ ફખ્રુદ્દીન રાઝી (૩૦) ઈમામ ઈબ્ને હૈતમી (૩૧) હઝરત ઈમામે રબ્બાની મુજદ્દિદે અલ્ફેષાની શૈખ અહમદ ફારૂકી (૩૨) અલ્લામા મુલ્લા અલી કારી (૩૩) અલ્લામા કસ્તલાની (૩૪) મીર સય્યદ અબ્દુલ વાહિદ બેલગ્રામી (૩૫) શૈખ અબ્દુલહક્ક મુહદ્દિષ દહેલ્વી (૩૬) શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી (૩૭) અલ્લામા અબ્દુલ અઝીઝ પરહારવી (૩૮) હઝરત સય્યદ પીર મહેર અલી શાહ ગોલળવી (૩૯) હઝરત સય્યદ પીર મશાયખ ચિશ્તી (૪૦) આ'લા હઝરત ઈમામે અહલે સુન્નત ફાઝિલે બરેલ્વી (૪૧) હઝરત સદરૂલ અફાઝિલ મુફતી નઈમુદ્દીન મુરાદાબાદી (૪૨) હઝરત સદરૂશ્શરીઅહ મુફતી અમજદ અલી (૪૩) હઝરત સય્યદ અબુલ મુહામિદ મુહમ્મદ મુહદ્દિષે આ'ઝમે હિંદ કિછૌછવી. رحمۃ اللہ علیہم اجمعین

## અફઝલિય્યતે સય્યેદોના સિદ્દીકે અકબર رضی اللہ عنہ બ ઝબાને હઝરત સય્યદ પીર મશાયખ ચિશ્તી رحمۃ اللہ علیہ

હઝરત પીર મશાયખ ષાની ચિશ્તી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُકી કિતાબ દીવાને મશાયખ કી સાતવીં ફસ્લ ખુલફાએ રાશેદીન મેં હૈ. જિસમેં ખુલફાએ રાશેદીન કે ફઝાઈલ વ મરાતિબ ગુજરી ઝબાન મેં બયાન ફર્માતેં હૈં ઔર સાથ હી સય્યેદોના સિદ્દીકે અકબર رضی اللہ عنہકી અફઝલિયત કા ઝિક્ર ભી ફર્માયા હૈ.

તીન શેઅર યહાં પર હવાલા કે તૌર પર ઝિક્ર કીયે જાતે હૈં :

*સહી નબી બાઝ ખલકત જગકે માંહા*
*સો ચાર યારોં બિના અવરકો નાંહા*
*સો નબી પીછે ખૂબી યૂં સુનકર લહીએ*
*ઐ અબૂબક્ર અફઝલ ખલાયક રે લહીએ*
*અને પીછે ઉમર પીછે ઉષ્માન જાનો*
*અને પીછે અલી સહી રે પિછાનો*

*–(દીવાને મશાયખ, ફસ્લ સાતવીં)*

## હુઝૂર મુહદ્દિષે આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ ફર્માતે હૈં

*મર્તબા હઝરતે સિદ્દીક કા હો કિસ સે બયાં 'સૈયદ'*
*હર ફઝીલત કે વોહ જામેઅ હૈં, નબુવ્વત કે સિવા*

આ'લા હઝરત અઝીમુલ બરકત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝાખાન رحمۃ اللہ علیہ ફર્માતે હૈં : (હઝરત સય્યેદોના સિદ્દીક વ ઉમર કી અફઝલિયત પર) જબ ઈજમાએ કતઈ હુવા તો ઉસકે મફાદ યાની તફઝીલે શૈખૈન કી કતઈય્યત મેં ક્યા કલામ રહા ? હમારે ઔર હમારે મશાઈખે તરીકત વ શરીઅતકા યહી મઝહબ હૈ.

*(મત્લઉલ કમરૈન ફી ઈબાનતે સબકતિલ ઉમરૈન, સફા–૮૧)*

## અહલે સુન્નતકે અકાઈદ યહી હૈં !

તમામ આશિકાને સહાબા વ આશિકાને અહલે બૈત કો બહારે શરીઅત કે હવાલે સે ફિર અકીદા વાઝેહ કર દેતે હૈં :

**અકીદા** : બાદ અંબિયા વ મુર્સલીન તમામ મખ્લૂકાતે ઈલાહી ઈન્સો જિન વ મલક સે અફઝલ સિદ્દીકે અકબર હૈં. ફિર ઉમર ફારૂકે આ'ઝમ, ફિર ઉષ્માને ગની, ફિર મૌલા અલી رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْنَ જો શખ્સ મૌલા અલી کرم اللہ وجہہ الکریم કો સિદ્દીક યા ફારૂક رضی اللہ عنہما સે અફઝલ બતાએ વો ગુમરાહ બદમઝહબ હૈ.

*(બહારે શરીઅત, હિસ્સા–૧, ઈમામતકા બયાન)*

**અક઼ીદા** : ખુલફાએ અરબઆ રાશેદીન (ચાર ખલીફા) કે બાદ બક઼િય્યાહ અશરએ મુબશ્શરહ વ હઝરાતે હસનૈન કરીમૈન વ અસ્હાબે બદર વ અસ્હાબે બૈઅતુર્રિદ્‌વાન કે લિયે અફઝલિયત હૈ ઔર યે સબ ક઼તઈ જન્નતી હૈં.

*(બહારે શરીઅત, હિસ્સા-૧, ઈમામતકા બયાન)*

અહાદીષ કી કિતાબોં ઔર ફિક઼હકી કિતાબોં મેં બેશુમાર દલાઈલ કે બાદ અપનેકો સુન્ની હનફી કહનેવાલા અફઝલિયતે સિદ્દીક઼ે અકબર કા ઈન્કાર કર નહીં સકતા.

આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માતે હૈં કે અફઝલિયત કા મસ્અલા હરગિઝ ફઝાઈલ કે બાબ સે નહીં, જિસમેં ઝઈફ હદીષેં સુની જા સકે બલ્કે અક઼ાઈદ કે બાબ સે હૈ.

લિહાઝા તમામ મુસલમાન ભાઈઓંસે ખુસૂસન નવજવાનોંસે ગુઝારિશ હૈ. સુન્ની સહીહુલ અક઼ીદા ઉલમાએ કિરામકે બયાન સુનેં ઔર સોશિયલ મીડિયા પર આનેવાલે બયાનાત કો બગૈર તહક઼ીક઼ ન તો ખૂદ સુનેં ઔર ન દૂસરોં કો સેન્ડ કરેં ઔર અપને ઈમાન કી હિફાઝત કરેં.

અહલે બૈતે અત્હર ખુસૂસન સય્યેદાએ કાએનાત હઝરતે ફાતેમતુઝ્ ઝહરા વ હઝરતે મૌલા અલી મુશકિલકુશા વ હસ્નૈન કરીમૈન વ ઉમ્મહાતુલ મોમિનીન સે અપની જાનસે ઝિયાદહ મહબ્બત કરેં ઔર અદબ કરેં. સાથ હી તમામ સહાબાએ કિરામ સે ભી મહબ્બત ઔર ઉનકા અદબ દિલમેં રખ્ખેં. (رضوان اللہ تعالیٰ علیہم اجمعین)

હઝરતે અમીરે મુઆવિયહ ઔર ઉન્કે વાલિદ હઝરતે અબૂ સુફિયાન رضی اللہ عنہما સહાબીએ રસૂલ હૈં. ઉનકે મુતઅલ્લિક઼ કોઈ બુરા ખયાલ ન દિલમેં લાએં ન ઝબાન પર ઔર અપને ઈમાન કી હિફાઝત કરેં. સાથ હી અકાબિરીને ઉમ્મત, ઔલિયાએ ઉમ્મત, ઉલમાએ રબ્બાનિય્યીન વ મુજદ્દિદે દીને કિરામ કા અદબ કરેં.

આ'લા હઝરત ઈમામે ઈશ્ક઼ો મહબ્બત ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہ મુજદ્દિદે આ'ઝમ હૈં ઔર હર મુજદ્દિદ અલ્લાહ તબારક વ તઆલા કી અતા હૈ કે હમ ઉનકા અદબો એહતરામ દિલ મેં રખ્ખેં. આ'લા હઝરત કા અહલે સુન્નત વ જમાઅત પર અઝીમ એહસાન હૈ. કોઈ સુન્ની ઉનકી મુખાલિફત ઔર બે અદબી કર હી નહીં સકતા.

હમારા યેહ બયાન સિર્ફ ઔર સિર્ફ ઈસ્લાહ કે લિયે હૈ. લિહાઝા કિસી ભી નૌજવાન કે દિલ મેં અફઝલિયતે સય્યેદોના સિદ્દીક઼ે અકબર કે બારે મેં શક પૈદા હુવા યા ઝબાનસે નિકલા હો યા કિસી ભી મુક઼દ્દસ બારગાહ કી બે અદબી હો ગઈ હો તો અપને રબ કી બારગાહ મેં તૌબા કર લેં ઔર ગલત લોગોં કે બયાનાત ઔર સંગત સે દૂર રહેં. અપને ઈમાન વ સુન્નિયત પર ષાબિત ક઼દમ રહેં.

آمین بجاہ النبی الکریم علیہ افضل الصلوٰۃ والتسلیم۔


**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો કરેલ કુર્આન શરીફનો શ્રેષ્ઠ તર્જુમો તથા હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہની લખેલ ઉમદા તફસીર એટલે.....**

**કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન** (ગુજરાતી તર્જુમા સાથે)

અનુવાદક : મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ
હદિયો : **રૂા. ૪૫૦/-** (ટપાલ ખર્ચ રૂા.૭૫ અલગ)

:: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન ::
**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા,
તા. જિ. ભરૂચ, ગુજરાત,
ફોન : ૦૨૬૪૨-૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# બરકાતી ખાનકાહમાં ઈમામ અહમદ રઝાનો વિશિષ્ટ મકામ رضی اللہ عنہ

**(ઉર્સ શરીફ : ૨૫ સફર)**

> "ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ના પીરો મુર્શિદ તાજદારે તરીકત, ખાતિમુલ અકાબિર હઝરત સૈયદ આલે રસૂલ અહમદી મારહરવી رحمۃ اللہ علیہ ફર્માવે છે : "હું ફિકરમાં હતો કે જો કયામતના દિવસે અલ્લાહ તઆલાએ ઈર્શાદ ફર્માવ્યો કે હે આલે રસૂલ ! તું દુનિયાથી મારા માટે શું લાવ્યો ? તો હું શું જવાબ આપીશ ? અલહમ્દુલિલ્લાહ ! આજે તે ફિકર દૂર થઈ ગઈ. મને રબ તઆલા جل جلالہ જ્યારે એવું પૂછશે કે દુનિયાથી મારા માટે શું લાવ્યો છે ? તો હું મૌલાના અહમદ રઝાને પેશ કરી દઈશ."

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ (વિલાદત : ૧૦ શવ્વાલ, હિ.સ. ૧૨૭૨/ઈ.સ. ૧૮૫૬, વિસાલ : ૨૫ સફર હિ.સ. ૧૩૪૦ / ઈ.સ. ૧૯૨૧) અસાતીને ઈલ્મો મઅરેફતના ફર્દે ફરીદ (ઈલ્મ તથા મઅરેફતના સ્તભોમાં અજોડ હસ્તી) શરીઅત અને તરીકતના તાજદાર હતા. આપ જિંદગીભર વાણી તથા વર્તન અને જીભ તથા કલમથી માનવજાતના અકીદા અને અમલની સુધારણા તથા કલ્યાણ માટેનું કામ અંજામ આપતા રહ્યા. એક બાજુ આપે જાહિલ અને દુનિયાદાર સૂફીઓ અને તેમના પાયાવિહાણા સિદ્ધાંતોનો રદ કર્યો અને એહસાન તથા તસવ્વુફનો ચહેરો ખીલવ્યો તો બીજી બાજુ સૂફીઈઝમની અસલિયતને ગૈર ઈસ્લામી ગોરખ ધંધો બતાવનારા આધુનિક્તાવાળાઓની રેવડી દાણા દાણા કરીને તેમના જવાબમાં ખૂબ જ મહત્વપૂર્ણ અને સુસંગત કિતાબો લખી.

સૂફીઈઝમના ક્ષેત્રમાં તેમની સેવાઓને સ્વીકારતાં હઝરત ખ્વાજા હસન નિઝામી દહેલ્વી લખે છે :–

"બરેલીના મૌલાના અહમદ રઝા ખાન સાહબ જેમને તેમના માનવાવાળા હાલના સમયના મુજદિદ કહે છે, ખરેખર સૂફિયાએ કિરામના તબકામાં ઈલ્મી હેસિયતના કારણે મુજદિદના સ્થાનના હક્કદાર છે. તેમણે એ ઈખ્તેલાફી (વિવાદાસ્પદ) મસાઈલ પર ખૂબ જ મહત્વની કિતાબો લખી છે, જે વર્ષોથી વહાબી ફિર્કાના લખાણો અને તકરીરો હેઠળ હતાં, અને જેના જવાબમાં સૂફીઓના ગિરોહ તરફથી હજી સંપૂર્ણ સચોટપણે રદિયો આપવામાં આવ્યો ન હતો. તેમની લખેલી તથા સંપાદિત કરેલી કિતાબોની એક ખાસ શાન અને ખાસ સ્ટાઈલ છે. આ કિતાબો ખૂબ જ મોટી સંખ્યામાં છે અને એવી દલીલબદ્ધ છે કે જેને જોઈને લખનારની ઈલ્મી સમૃદ્ધતાનો મોટાથી મોટા વિરોધીએ પણ સ્વીકાર કરવો પડે છે.

મૌલાના અહમદ રઝા ખાન સાહબ જે કહે છે તે કરે છે. અને આ એક એવી ખૂબી છે જેને આપણે બધાએ અનુસરવું જોઈએ. તેમના વિરોધીઓ વાંધો ઉઠાવે છે કે મૌલાનાના લખાણોમાં સખતાઈ ઘણી છે અને ખૂબ જ જલ્દી બીજાઓ પર કુફ્રનો ફત્વો લગાવી દે છે, પરંતુ કદાચ તેમણે મૌલાના ઈસ્માઈલ (દહેલ્વી) અને તેમના સાથીઓની (નબી વલીની ગુસ્તાખીથી ભરેલી) લખેલી દિલ દુઃખાવે તેવી

❑ **લેખક : મૌલાના મુબારકહુસૈન મિસ્બાહી** *(એડિટર : અશરફિયહ મંથલી–મુબારકપુર)*
❑ **અનુવાદક : હાફેઝ મુહમ્મદસજ્જાદ પટેલ** *(ઈંગ્લિશ/કોમ્પ્યુટર ટીચર, દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ)*

કિતાબો નથી પઢી, જેમને કેટલાય વર્ષો સુધી સૂફિયાએ કિરામ સહન કરતા રહ્યા. એ કિતાબોમાં જેવી સખત કલામી વર્તવામાં આવી છે તેની સરખામણીમાં તો જ્યાં સુધી મારો ખયાલ છે ત્યાં સુધી મૌલાના અહમદ રઝા ખાને અત્યાર સુધી ખૂબ જ ઓછુ લખ્યું છે. સૂફીઓની જમાઅત ઈલ્મની હૈસિયત (લાયકાત)થી મૌલાનાને પોતાનો બહાદુર, સફ તોડનાર, સૈફુલ્લાહ સમજે છે અને ઈન્સાફ એ છે કે બિલ્કુલ જાઈઝ સમજે છે."

*(ખ્વાજા હસન નિઝામી, હફ્ત રોઝા ખતીબ, દિલ્હી, ૨૨ માર્ચ ૧૯૧૫, ભાગ : ૧૧, પેજ : ૧૭૩, ૧૭૪)*

આ સાબિત થયેલ છે કે તસવ્વુફ એ કુર્આન અને સુન્નતની જ રોશની અને શરીઅતના સમુદ્રની એક મનમોહક મોજ છે. સૈયદુત્તાઈફા હઝરત જુનૈદ બગદાદી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

"આ રાહને તે પામશે જેના જમણા હાથમાં કુર્આન અને ડાબા હાથમાં સુન્નતે રસૂલ હોય. અને તે આ બંને ચિરાગોના પ્રકાશમાં રસ્તો પાર પાડે કે જેથી ન કોઈ શકના ખાડામાં પડે કે ન બિદઅતના અંધકારમાં ગબડે." *(તઝકેરુલ અવલિયા, પેજ : ૦૮)*

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہને કુર્આન અને સુન્નત અને અન્ય દીની ઈલ્મો તથા અકલિયામાં જે મહારત અને અજોડ નિપૂણતા હાંસલ હતી તે કોઈ દષ્ટિવાનથી છુપાયેલ નથી. એટલા માટે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ અસ્રાર તથા તસવ્વુફના તરવૈયા અને રાતને રોશન કરનાર ચમકતા તરીકતના હિરા હતા. તરીકત અને મઅરેફતના કઠિનથી કઠિન મસાઈલમાં તરીકતવાળાઓ અને ખાનકાહોના સજ્જાદાનશીન તેમના પ્રતિ રજૂ થતા હતા. ફતાવા રઝવિય્યહ્ અને આપની બીજી તસવ્વુફની કિતાબોમાં તેની સેંકડો સાક્ષીઓ મૌજૂદ છે.

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ તસવ્વુફનું ઈલ્મ ન કોઈ દર્સગાહથી મેળવ્યું અને ન કોઈ ખાનકાહમાં વર્ષો સુધી નફ્સની સફાઈ માટે રિયાઝત કરી, પરંતુ કિતાબ તથા સુન્નત અને રિવાજ મુજબના દીની ઈલ્મોની રોશનીથી તસવ્વુફના સર્વ રહસ્યો તથા ભેદો આપના સમક્ષ ખુલી ગયા. ઈમામ અહમદ રઝા પોતાના ઈરફાને તસવ્વુફના વિશે લખે છે :–

"તસવ્વુફનો ઈલ્મ જેની હદ જો કે બુદ્ધિમાં સમાય શકે એમ નથી અને વાસિલે ઈલલ્લાહ થયા વિના ત્યાં સુધી નથી પહોંચી શકાતુ, પરંતુ જાહેરી તા'લીમના કારણે તથા નજર અને ચિંતનમાં કોશિશ કરવાના સબબથી અથવા હુસ્ને તદબ્બુર અથવા સોચ વિચારથી જેટલુ તસવ્વુફ હાંસલ કરી શકાતુ હતું તેટલું હાંસલ કર્યું છે."

*(ઈમામ અહમદ રઝા અલ્ ઈજાઝતિલ મુતનૈયહ લિ ઉલમાઈ બક્કા વલ્મદીના, મુતરજિમ, બરેલી, પેજ : ૧૫૧)*

આ એક સચ્ચાઈ છે કે તસવ્વુફની મંઝિલો કામિલ મુર્શિદ વિના પાર નથી કરી શકાતી. ઘણુ શકય છે કે એક શખ્સ એ'તેકાદી અને ઈલ્મી રીતે તસવ્વુફની વ્યાખ્યાઓ અને તસવ્વુફના મસાઈલની માહિતી પ્રાપ્ત કરી લે, પરંતુ અમલના મેદાનમાં કામિલ મુર્શિદની નિગાહે ખાસ અને દસ્તગીરી વિના લક્ષ્યસ્થાન સુધી નથી પહોંચી શક્તો. કેટલાય રિયાઝતવાળા અને મુજાહિદાવાળા લોકો આવ્યા અને શૈતાનના હાથનું રમકડુ બનીને રહી ગયા.

સુલૂકના (સૂફીપણાના) માર્ગે ચાલવા માટે મુર્શિદે કામિલની જરૂરતના વિશે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના નીચે જણાવેલ ઈર્શાદો જુઓ. ઈમામ અહમદ રઝા લખે છે :

કુર્આન તથા હદીષમાં **શરીઅત**, **તરીકત** અને **હકીકત** બધુ જ છે. અને તેમાં સૌથી વધુ જાહેર તથા આસાન શરીઅતના મસાઈલ છે અને આ

આસાન મસાઈલનો એ હાલ છે કે જો "મુજતહિદ ઈમામો" તેની સ્પષ્ટતા ન કરતા તો લોકો "ઈમામો"ના આદેશો સમજવાથી પણ લાચાર રહેતા. ..... જ્યારે શરીઅતના હુકમોમાં આ હાલત છે તો ચોખ્ખુ જાહેર છે કે મઅરેફતની કઠણાઈઓ મુર્શિદે કામિલ વિના જાતે જ કુર્આન હદીષથી હલ કરી લેવી કેટલા પ્રમાણમાં અશક્ય છે. આ રસ્તો સખ્ત, બારીક અને મુર્શિદની નિગાહ વિના અંધકારભર્યો છે. મોટા મોટાઓને શૈતાન મરદૂદે આ રસ્તામાં એવી રીતે માર્યા કે તહતુષ્ષરા સુધી પહોંચાડી દીધા તો મારી શું હકીકત છે કે કામિલ રહબર વિના એમાં ચાલું ! અને સલામત નીકળી જવાનો દાવો કરું ?! અઈમ્માએ કિરામ (ઈમામો) ફર્માવે છે, માણસ ભલે કેટલો મોટો અમલ કરવાવાળો અને કામિલ ઝાહિદ હોય પણ તેના પર વાજિબ છે કે આરિફ વલીને પોતાનો મુર્શિદ બનાવ્યા વિના તેને કદાપિ કોઈ ચારો જ નથી.

*(ઈમામ અહમદ રઝા, નિકાઉસ્સલાફા ફી અહકામિલ બયઅત વ ખિલાફહ્, પેજ : ૯, ૧૦, રઝા એકેડમી–મુંબઈ)*

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہને પણ કામિલ મુર્શિદની જરૂરત હતી. આપને મુહિબ્બુર્રસૂલ, તાજુલ ફહુલ, હઝરત અલ્લામા અબ્દુલ કાદિર બદાયૂની ઉષ્માની رحمۃ اللہ علیہથી ખૂબ અકીદતભર્યો સંબંધ હતો. તેમની જ આગેવાની અને માર્ગદર્શનમાં હિ.સ. ૧૨૯૪માં પોતાના પિતા હઝરત અલ્લામા મૌલાના નકી અલીખાંની સાથે મારેહરા મુતહ્હરા પહોંચ્યા. તે સમયે ઈમામ અહમદ રઝાની ઉમર ૨૨ વર્ષની હતી. બરકાતી ખાનદાનના તાજદાર ખાતિમુલ અકાબિર હઝરત સૈયદ શાહ આલે રસૂલ કાદરી બરકાતી رحمۃ اللہ علیہએ જોતાં જ ફર્માવ્યું : "આવો ! અમે તો ઘણા સમયથી તમારી રાહ જોઈ રહ્યા હતા."

પછી રિવાજ મુજબ ખાનકાહથી બયઅત ફર્માવ્યા અને તે જ સમયે ખિલાફત અને તરીકતના તમામ સિલસિલા, અને બધા વારસાગત અવરાદો વઝાઈફની ઈજાઝત પણ આપી અને ખાનદાની વારસાગત વઝીફાઓની પેટી (સંદૂકચી) પણ આપવામાં આવી.

સિલસિલાએ કાદરિયા બરકાતિયા મારેહરા મુતહ્હરા વિના શંકાએ અખંડ ભારતની મહાન રૂહાની ખાનકાહ છે. ત્યાં ખાનકાહી દસ્તૂર એ રહસ્યો છે કે પહેલાં મુરીદ ફર્માવતા ત્યાર પછી બાકાઈદા નફ્સની સફાઈ અને દિલની પાકી માટે ખાનકાહમાં ચિલ્લો કરાવતા હતા. પરંતુ અહીંયાં હુઝૂર ખાતિમુલ અકાબિર رحمۃ اللہ علیہએ ફકત મુરીદ જ ન ફર્માવ્યા, બલ્કે એ જ સમયે ખાનકાહે કાદરિયા બરકાતિયામાં રૂહાની રીતે જે કાંઈ પણ આપવું શક્ય હતું બધું જ ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી قُدِّسَ سِرُّهُ الْعَزِيْز અને આપના વાલિદ હઝરત અલ્લામા શાહ નકી અલી રઝા رحمۃ اللہ علیہને અતા ફર્માવી દીધું. રૂહાની ભેટોની અમુક વિગતનું વર્ણન નીચે કરવામાં આવ્યું છે :–

(૧) કાદરિયહ્ બરકાતિયા જદીદયહ્ (૨) કાદરિયહ્ આબાઈયા કદીમા (૩) કાદરિયહ મુનવ્વરિયહ્ (૪) કાદરિયહ્ રઝ્ઝાકિયહ્ (૫) કાદરિયહ્ મુનવ્વરિયહ્ (૬) ચિશ્તિયહ નિઝામિયહ્ કદીમા (૭) ચિશ્તિયહ્ મહેબૂબિયહ્ જદીદા (૮) સુહરવર્દિયહ્ વાહિદિયહ્ (૯) સુહરવર્દિયહ્ ફઝલિયહ્ (૧૦) નક્શબંદિયહ્ ઉલાઈયહ્ સિદ્દીકિયહ્ (૧૧) નક્શબંદિયહ્ ઉલાઈયહ્ ઉલવિયહ્ (૧૨) બદીઈયહ્ (૧૩) ઉલવિયહ્ મનામિયહ્ વગેરે વગેરે.

*(હામિદ રઝા, અલ ઈજાઝતુલ મતિનહ, પેજ : ૪૦, ૪૧)*

ઉપર વર્ણવેલ સિલસિલાઓમાં ઈજાઝત ઉપરાંત મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہને મુસાફહાતે અરબહની સનદો પણ મળી જેનું વર્ણન મૌસૂફે આ રીતે લખેલ છે :–

(૧) મુસાફહતુલ જનિયહ (૨) મુસફહતુલ ખિઝરિયહ્ (૩) મુસાફહતુલ મુઅમ્મરિયહ્ (૪) મુસાફહતુલ્ મનામિયહ્

આ મુસાફહાત અને ઈજાઝતો ઉપરાંત વિવિધ ઝિક્રો, અશ્ગાલ તથા અમલો વગેરેની પણ આપને ઈજાઝત હાંસલ હતી. જેમ કે ખવાસુલ કુર્આન, અસ્માએ ઈલાહિયહ્, દલાઈલુલ ખૈરાત, હિસ્ને હસીન, હિઝબુલ બહર, હિઝબુન્ નસર, હિરઝુલ અમીરન, હિરઝુલ યમાની, દુઆએ મુગ્ની, દુઆએ હૈદરી, દુઆએ ઈઝરાઈલી, દુઆએ સરયાની, કસીદએ ગૌષિયહ્, સલાતુલ અસ્રાર, કસીદા બુરદા વગેરે.

ઈમામ અહમદ રઝાએ પોતાના મુર્શિદના હાથમાં ફકત હાથ નથી આપ્યો પરંતુ જાન, દિલ, હોશ અને બુદ્ધિ પણ તેમના હવાલે કરી દીધી હતી. તેમની મહોબ્બત રગ રગમાં લોહીની જેમ ઘર કરી ગઈ, હવે તેમના દિલનો કિબ્લો અને આરઝૂનું મર્કઝ ફકત અને ફકત મારેહરા મુત્તહરા હતું. અને આ જ કામિલીને તરીકતના કામિલોની રવિશ પણ રહી છે અને મઅરેફત તથા તરીકતના કાનૂન પણ છે.

ઈમામ અલ્લામા મુહમ્મદ અબ્દરી મક્કી શહીર બિઈબ્ને અલ્હાજ رحمۃ اللہ علیہ ''મુદખલ શરીફ''માં ફર્માવે છે :–

المرید یعظم شیخه ویؤثره علی غیر ممن هو فی وقته لأن النبی ﷺ یقول من رزق شئ فلیلزمه إلی آخر ما أفاد وأجاد۔ هذا مختصر۔

''મુરીદ પોતાના પીરે તરીકતની તા'ઝીમ (ઈજ્જત) કરે અને તેના સમકાલિનો પર અગ્રતા આપે. એટલા માટે હુઝૂર ﷺ ફર્માવે છે, જેને જેમાં આપવામાં આવે તેને જોઈએ કે તેને મજબૂતીથી પકડી લે.

આ જ ''મુદખલ્ શરીફ''માં લખે છે :–

المرید له اتساع فی حسن الظن بهم وفی ارتباطه مع شخص واحد واحد یعول علیه فی اموره ویحذر من تقضی أوقاته بغیر فائدة۔ *(مدخل شریف بحواله نقاء السلافة فی أحکام البیعة والخلافة۔ ص:۲۰)*

''આનાથી તરીકતનો એ મસ્અલો સ્પષ્ટ થઈ ગયો કે **એક મુરીદે જોઈએ કે તે પોતાના સમયના સર્વ મશાઈખથી સારુ ગુમાન અને અકીદત રાખે, પરંતુ ઈશ્કનું કેન્દ્ર દિલનો કિબ્લો પોતાના પીરને જ જાણે અને તરીકત તથા મારેફતની મંઝિલો, પોતાના સાચા પીરના સાચા હેઠળ પાર કરે.** ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ આ આરિફાના દષ્ટિકોણને ખૂબ જ હૃદયાકર્ષક, દીવાનગીભર્યા રીતે અને ઉમંગ તથા સોઝ તથા સાઝની સાથે વર્ણવેલ છે. દિલ અને દિમાગને બરાબર હાજર રાખી નીચેના ફકરાને જુઓ. ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ લખે છે :–

પીરે સાદિક (સાચો પીર) એ કિબ્લએ તવજ્જોહ (ધ્યાનનું કેન્દ્ર) છે, અને નમાઝમાં કિબ્લાથી વિમુખ થવું નમાઝને તોડી નાખે છે. જયારે કે કુર્આનમાં છે : فَأَيْنَمَا تُوَلُّوا فَثَمَّ وَجْهُ اللّٰهِ ''તો તમો જે તરફ મોં કરો તે તરફ વજહુલ્લાહ (ખુદાની રહમત તમારી તરફ ધ્યાનિત) છે.'' *(સૂરએ બકરહ, ૨/૧૧૫)* છતાં તાલિબાને વજહુલ્લાહ (ખુદાની રહમતના તાલિબ)ને અલ્લાહ એ જ સંભળાવે છે કે :–

حَيْثُ مَا كُنْتُمْ فَوَلُّوا وُجُوهَكُمْ شَطْرَهٗ ۚ الْمَسْجِدِ الْحَرَامِ

''હે મુસલમાનો ! તમે જ્યાં પણ હોઉ તમારું મોં એની (મસ્જિદે હરામની) તરફ કરો.''

*(સૂરએ બકરહ, ૨/૧૫૦)*

આ મહલ (સંજોગ) મહલ્લે તહર્રી (કિબ્લાની દિશા માલૂમ ન થતાં પોતાના ખયાલથી કોઈ દિશાને

ક઼િબ્લો જાણીને તે બાજુ મોં કરવું) છે અથવા આ અરબાબે વફા દુનિયાના આક઼ાઓનો દરવાજો છોડીને બીજા દરવાજા પર જવું એ નમકહરામી જાણે છે. (શેઅર)

*સર ઈં જા, સજદા ઈં જા, બંદગી ઈં જા, ક઼રાર ઈં જા*

(સર, સજદો, બંદગી તથા ચૈન આ જ જગાએ છે)

વળી દુનિયાના એહસાનોને હઝરત શયખના એહસાનોથી શું નિસ્બત ?! એનાથીય અજબની વાત કે પીરની મહોબ્બત તથા ઈખ્લાસનો દાવો કરે અને તેના હોવા છતાં ઈં વ આં (આ અને તે)નો દમ ભરે !

چوں دل با دلبری آرام گیرد
زوصل دیگر ے کے کام گیرد
نہی صر دستہ ریحاں پیش بلبل
نخواہی خاطرش جز نکہت گل

**અર્થ** : ''જ્યારે દિલ દિલબરથી જ આરામ પામે છે તો પછી બીજાની મહોબ્બતથી દિલને શું કામ ? જો તું બુલબુલની સામે ફૂલોના સો ગુલદસ્તા પણ રાખી દે તો પણ તેનું દિલ ગુલાબની ખુશ્બુ સિવાય અન્ય કાંઈ નથી ચાહતુ.''

*(ઈમામ અહમદ રઝા, નિક઼ાઉસ્સલાફ઼ા ફ઼ી અહકામિલ બયઅહ્ વલ્ ખિલાફ઼હ, રઝા એકેડમી, પેજ : ૨૨, ૨૩)*

વધુમાં ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ફર્માવે છે : પીરનો ફયઝ ''મન્ન'' તથા ''સલ્વા'' છે અને لَنْ نَّصْبِرَ عَلٰى طَعَامٍ وَّاحِدٍ (અમારાથી એક ખાવા પર કદાપિ સબ્ર ન થશે. –સૂરએ બક઼રહ, આ. ૨/૬૧) કહેવાનું પરિણામ બુરૂ છે. (જેમ કે મૂસા علیہ السلامની ક઼ૌમ પર મન્ન તથા સલ્વા ખાણુ ઉતરેલુ, છતાં તેમણે આ પ્રમાણે કહેલું તો તેનું પરિણામ બુરૂ આવ્યું હતું. સારાંશ પીરનો ફયૂઝ એ મીઠો ખોરાક છે, એટલે કે એક પીરથી જે ફયૂઝ મળી રહ્યો છે એ જ બેહતર છે, અને એવું કહેવું કે હું એક પર સબ્ર નહીં કરી શકું તો તેનું પરિણામ બુરૂ છે) પછી આગળ આ'લા હઝરત رحمۃ اللہ علیہ લખે છે કે :–

فلا تكن اسرائيليا و كن محمد يا يأتى رزقك بكرة وعشيا. يا هذا!

તો તમે ઈસ્રાઈલી ન બનો કે જેવી રીતે તેમણે (બની ઈસ્રાઈલે) ''મન્ન'' તથા ''સલ્વ'' જે મીઠી ચીજ આવતી હતી તેના પર સબ્ર ન કરતાં ''અમારાથી એક ખાવા પર સબ્ર ન થશે'' કહ્યું અને પ્યાજ, કાકડી વગેરે માગ્યું. તમે મુહમ્મદી બની જાવ, એટલે કે તમે હુઝૂરના નક઼શે ક઼દમ પર ચાલો. તો હે બંદા ! જો તું મુહમ્મદી બની જઈશ તો સવાર સાંજ અલ્લાહ તારા પર ગયબથી રિઝ્ક઼ અતા કરશે. બાપ જે હોય છે શરીરનો બાપ હોય છે અને પીર દિલનો બાપ હોય છે. બાપ શરીરની કેળવણી કરનારો હોય છે અને પીર જાન તથા રૂહાની તર્બિયત દેવાવાળો છે.

*(હવાલો ઉપર મુજબ, પેજ–૨૩)*

ઈમામ અહમદ રઝા ઈશ્ક઼ તથા ફિદાપણામાં ડૂબીને પોતાના મુર્શિદે કામિલની બારગાહમાં અર્ઝ કરે છે :–

خوشادلے دہندش دلاے آل رسول
خوشاسرے کنندش فداے آل رسول
منم امیر وجہاں گیر و کج کلاہ یعنی
کمینہ بندہ مسکیں گداے آل رسول
مراز نسبتِ ملک است امید آنکہ بہ حشر
ندا کنند بیا اے رضاے آل رسول

**અર્થ** : ''તે દિલ ખુશ ક઼િસ્મત છે જે આલે રસૂલને આપી દેવામાં આવ્યું. તે માથુ ખુશનસીબ છે કે જે આલે રસૂલ પર ફ઼િદા કરી દેવામાં આવ્યું. હું અમીર, જહાંગીર તથા બાદશાહ છું ! કેમ કે હું કમીનો બંદો અને હું મિસ્કીન બંદો આલે રસૂલનો ગદા (ભીખારી)

છું. મને અલ્લાહની બારગાહમાં આ નિસ્બત પર ઉમ્મીદ છે કે હશ્રના દિવસે નિદા આપવામાં આવે કે, આ તરફ આવ ! હે આલે રસૂલના રઝા ! મને અલ્લાહની બારગાહથી આ નિસ્બત પર ઉમ્મીદ છે કે હશ્રના દિવસે મને બોલાવવામાં આવે કે હે આલે રસૂલના રઝા !"

પોતાના મુર્શિદની બારગાહમાં મહોબ્બતનો હદિયો (તોહફો) અને ખિરાજે અક઼ીદત પેશ કરવી અને તેને નજાતનો ઝરીયો સમજવું મુરીદના સાચા ઈશ્ક઼ અને ઈરાદતની સલામતીની દલીલ છે, પરંતુ આશ્ચર્ય તથા તઅજ્જુબમાં ડૂબી જવાનો મક઼ામ એ છે કે એક પીરે કામિલ પોતાના સાચા મુરીદને આખેરતનો સરમાયો બનાવે ! સાંભળો ! તાજદારે તરીક઼ત, ખાતિમુલ અકાબિર ઈમામ અહમદ રઝાના મુર્શિદે ગિરામી હઝરત સૈયદ આલે રસૂલ અહમદ મારહરવી ફર્માવે છે : "હું ચિંતામાં હતો કે જો ક઼યામતના દિવસે રબ્બુલ્ ઈઝ્ઝતે ઈર્શાદ ફર્માવ્યો કે આલે રસૂલ તું દુનિયાથી મારા માટે શું લાવ્યો ? તો હું શું જવાબ આપીશ ? અલ્હમ્દુલિલ્લાહ ! આજે એ ફિકર દૂર થઈ ગઈ. મને રબ તઆલા ﷻ જ્યારે એવું પૂછશે કે દુનિયાથી મારા માટે શું લાવ્યો ? તો હું મૌલાના અહમદ રઝાને પેશ કરી આપીશ."

ખાનક઼ાહે બરકાતિયહ્ની હમેશાંથી એ વિશિષ્ટતા રહી છે કે ત્યાં આમ ખાનક઼ાહોની જેમ ખિલાફતો ખાલી આફતોની જેમ વહેંચવામાં નથી આવતી કે કોઈનાથી પણ કોઈ પ્રકારનો દુનિયવી ફાયદો નજર આવ્યો તેને પકડીને દસ્તારે ખિલાફત લપેટી દીધી અથવા ખિલાફતની સનદ આપી દીધી. બલ્કે અમુક મશાઈખે તરીક઼ત કોશિશપૂર્વક પોતાનો હલક઼એ ઈરાદત (મુરીદોનું વર્તુળ) વધારવા અને માલદારોને પોતાની કુર્બાનીનો બકરો બનાવવાના માટે પોતે જ દલાલો બનામે ખલીફાઓની તલાશમાં રહે છે. પછી તે કહેવાતા ખલીફાઓ (ખાલીફાંફાં) પોતાના નામની સાથે "ખલીફએ શૈખુલ મશાઈખ હુઝૂર ફલાણા"નું ટાઈટલ લગાડીને જાહિલોમાં પોતાના પીરની કરામતો વર્ણવે છે અને પછી દિવસના અજવાળામાં છાપો મારીને نصف لی ونصف لک (આધા તુમ્હારા આધા મેરા)નું કારનામુ અંજામ આપે છે. અલ્અમાન વલ્હફીઝ.

સારાંશ એ કે ખાનક઼ાહે બરકાતિયહ્માં ખિલાફત ખૂબ જ છાનબીન કરીને ભરપુર રિયાઝત તથા મુજાહિદા, દિલની સફાઈ અને નફ્સની સફાઈ પછી આપવામાં આવતી હતી. પહેલાં મહિનાઓ તથા વરસો સુધી હાલત પ્રમાણે સખત રિયાઝત તથા મુજાહિદા બાદ દિલોનો મેલ કુચેલ દૂર કરવામાં આવતો અને પછી કુંદન (પ્યોર સોનુ) બનાવીને ઈજાઝત તથા ખિલાફતથી સરફરાઝ કરવામાં આવતા હતા. પરંતુ નિયમની વિરુદ્ધ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ને પ્રથમ જ મુલાકાતમાં બયઅત તથા ખિલાફતથી લઈને સર્વ અવરાદો વઝાઈફ અને તમામ તરીક઼તના સિલસિલાઓની ઈજાઝત સુધીના મરહલાઓ (મંઝિલો) પાર કરાવી દીધા. હઝરત ખાતિમુલ અકાબિરની આ નવાઝિશે ખુસ્રુવાના પર શયખે તરીક઼ત હુઝૂર અબુલ હુસૈન નૂરી મિયાં رحمۃ اللہ علیہ વગેરેને આશ્ચર્ય થયું તો હઝરત ખાતિમુલ અકાબિરે પોતાની ફયઝ વેરતી ઝબાન વડે ઈર્શાદ ફર્માવ્યો : "મિયાં સાહબ ! અન્ય લોકો કાટવાળા, મેલુ ઘેલુ દિલ લઈને આવે છે એટલા માટે તેમની સફાઈ અને પાકીઝગીના માટે લાંબા મુજાહિદા તથા સખત રિયાઝતોની જરૂરત પડે છે. આ બંનેવ હઝરાત સાફ સુથરુ દિલ લઈને અમારી પાસે આવ્યા હતા. તેમને કેવળ નિસ્બતના જોડાણની જરૂરત હતી તે મુરીદ થતાં જ હાંસલ થઈ ગઈ." *(હાશિયા તઝકેરએ નૂરી, પેજ : ૪૦)*

હઝરત ખાતિમુલ અકાબિર قُدِّسَ سِرُّهُ الْعَزِيْز એ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ના દિલની પાકીઝગી અને નફ્સની પવિત્રતાની જ શહાદત આપી ન હતી, બલ્કે એહસાન તથા તસવ્વુફ અને મઅરેફત તથા હક઼ીક઼તમાં આપની ગહરી બસીરત, કામિલ પહોંચ તથા સંપૂર્ણ ઈરફાન તથા જાણકારીની પણ સનદ અતા ફર્માવી હતી.

હઝરત ખાતિમુલ અકાબિર ફર્માવે છે :–

"મિયાં સાહબ ! મારી અને મારા મશાઈખની સર્વ કિતાબો છપાયેલી કે વણછપાયેલી જ્યાં સુધી મૌલાના અહમદ રઝાને ન દેખાડી દેવામાં આવે ત્યાં સુધી પ્રસિદ્ધ કરવામાં ન આવે. જેને એ બતાવે કે છપાવો તો છપાવવામાં આવે, અને જેને મના કરે તેને કદાપિ ન છાપવામાં આવે. જે ઈબારત (લખાણ) એ વધારી દે તો મારી અને મારા મશાઈખની તરફથી વધારેલી સમજવામાં આવે, અને જે લખાણને કટ કરી દે તે કટ થયેલુ સમજવામાં આવે. આ ઈખ્તિયારો એમને બારગાહે નબી ﷺ થી અતા થયેલા છે."

*(ક઼ારી અમાનત રસૂલ, તજલ્લિયાતે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ, પેજ : ૩૨, કરાંચી)*

શું મુર્શિદના ઈર્શાદે ગિરામીથી તસવ્વુફ તથા મઅરેફતમાં ઈમામ અહમદ રઝાના આકાશને આંબતા બુલંદ મક઼ામનો અંદાઝો નથી થતો ?! જાહેર છે કે મશાઈખે ખાનક઼ાહે બરકાતિયહ્‌ની મોટાભાગની કિતાબો તસવ્વુફ તથા મઅરેફતના વિષયો પર છે. અને તેમાં ઈરફાને તસવ્વુફ (તસવ્વુફની પહેચાન)ના હજારો મસાઈલ તથા મઆરિફ છે જેમને ઉચ્ચ કક્ષાના તરીક઼તવાળાઓ તથા હક઼ીક઼તવાળાઓ જ સમજી શકે છે. આ કિતાબોના હવાલાથી મુર્શિદે કામિલના મુરીદે સાદિક઼ (સાચા મુરીદ) પર આ સંપૂર્ણ ભરોસાની સૌથી ઊંચી ટોચથી એલાન થઈ રહેલ છે કે જ્યારે ઈમામ અહમદ રઝા બાવીસ વરસની ઉમરમાં મારહરા શરીફ બયઅત કરવા ગયા હતા તો સુલૂક તથા મઅરેફતના સર્વ મક઼ામો હાંસલ કરી ચૂક્યા હતા, જાણે કે તસવ્વુફ તથા મઅરેફતના તાજ મહલની ઈમારત બની ચૂકી હતી, બસ મહોબ્બતના સંબંધને જોડવાની જ વાર હતી. હયાતની રગ પર મુર્શિદે પોતાનો દસ્તે મસીહાઈ રાખ્યો અને પૂરી દિલની ઈમારત નૂરનો પુંજ બનીને જગમગી ઉઠી અને ઈમામ અહમદ રઝા પોકારી ઉઠયા :–

*નૂરે જાં ઈત્રે મજમૂઆ 'આલે રસૂલ'*
*મેરે આક઼ાએ નેઅમતપે લાખોં સલામ*

*(માહનામા અશ્રફિયહ, માર્ચ–૨૦૨૦, મુબારકપુર)*


*અહલે સુન્નત વ જમાઅતના અક઼ીદાઓનું સમર્થન કરતી, વહાબી, અહલે હદીષ, દેવબંદીઓની બદ્‌અક઼ીદગીની રદ કરતી કુર્આન, હદીષ, અક઼વાલ થકી મઝહબે હક્કને રોશન કરતી કિતાબ....*

**જાઅલ્ હક્ક**

(પેજીસ : ૯૩૬) *(સંપૂર્ણ કિતાબ)*

**હદિયો : રૂા. ૩૨૦/–**

*(ટપાલ ખર્ચ રૂા. ૩૦/–)*

**લેખક :** હકીમુલ ઉમ્મત હઝરત મુફતી અહમદ યારખાં નઈમી અશરફી رحمۃ اللہ علیہ

**અનુવાદક :** પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

**પ્રકાશક : સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**

મુ.પો. **દયાદરા–૩૯૨૦૨૦**, તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪૬૪૪૧૧

**અપીલ :** *પ્રસ્તુત કિતાબ છપાવવાનો ખર્ચ મોટો છે અને કિતાબોનો ઉપાડ ખાસ રહેતો નથી જેથી છાપકામમાં સહાય કરવાની નમ્ર અપીલ છે. મર્હૂમોના સવાબ અર્થે ૧૦૦-૨૦૦ કોપી અથવા જે બને તેનો ખર્ચ ઉપાડવા સખીદાતાઓને અપીલ છે. આ કિતાબનું મહત્વ સમજતા હોવ તો જરૂર સહાય કરશો. અલ્લાહ જઝાએ ખૈર આપે. –તંત્રી*

# અવામી ગલતફેહમિયાં ઔર શરઈ હલ

અલ્લાહ ﷻને કુર્આને મજીદ મેં ઈર્શાદ ફર્માયા:

يَاَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوا ادۡخُلُوۡا فِى السِّلۡمِ كَآفَّةً وَّلَا تَتَّبِعُوۡا خُطُوٰتِ الشَّيۡطٰنِ‌ؕ اِنَّهٗ لَـكُمۡ عَدُوٌّ مُّبِيۡنٌ

''અય ઈમાનવાલો ! ઈસ્લામમેં મુકમ્મલ તરીકે પર દાખિલ હો જાઓ ઔર શૈતાન કે કદમોં પર ન ચલો. બેશક ! વોહ તુમ્હારા ખુલા દુશ્મન હૈ. *(સૂ. બકરહ, ૨/૨૦૮)*

ઉપર ઝિક્ર કી ગઈ આયત મેં ઉન લોગોં કો, જો અલ્લાહ ઔર ઉસ કે રસૂલ ﷺ પર ઈમાન લાકર મુઅ્મિન હો ચુકે, યે હુકમ દિયા જા રહા હૈ કે વોહ ઈસ્લામ મેં કામિલ તરીકે પર દાખિલ હો જાએ યાની ઈસ્લામી એહકામ ઔર ઈસ્લામી તા'લીમાત કો દિલો જાન સે તસ્લીમ કરકે ઉન પર અમલ કરેં. ઔર અપની ઝિંદગી કે કિસી ભી ગોશે મેં ઈસ્લામી એહકામો તા'લીમાતકો તર્ક ન કરેં.

આજકલ હમારે મુસ્લિમ મુઆશરે મેં ઈલ્મે દીન સે દૂરી કી બુનિયાદ પર યે દેખા જા રહા હૈ કે અવામ કે દરમિયાન બહોત સે મુઆમલાત ઔર મસાઈલ મેં શરીઅત કે એહકામ કે હવાલે સે ગલતફેહમિયાં પાઈ જા રહી હૈં. ચુનાંચે અવામ કે દરમિયાન બહોત સી ચીઝેં હલાલ સમઝી જા રહી હૈં હાલાં કે વોહ શરીઅત કે એતેબાર સે હરામ હૈં, ઔર બહોત સી ચીઝેં હરામ સમઝી જા રહી હૈં હાલાં કે શરીઅત કે એતેબાર સે વોહ હલાલ હૈ. ઈસી તરહ બહોત સી ચીઝેં સહીહ સમઝી જા રહી હૈં હાલાં કે શરીઅત કે એતેબાર સે વોહ ગલત હૈં ઔર બહોત સી ચીઝેં ગલત સમઝી જા રહી હૈં હાલાં કે શરીઅત કે એતેબાર સે વોહ સહીહ હૈ. લિહાઝા અપને તજરબાત કી રોશનીમેં મૈંને ઈસ તરહ કી કુછ ગલતફેહમિયાં જમઅ કી હૈં જિન કો આગે તેહરીર કિયા જાએગા ઔર ઉન કે હવાલે સે શરીઅત કા જો હુકમ હૈ વોહ ભી વાઝેહ કિયા જાએગા. (اِنۡ شَاءَ اللّٰه)

ફિકહી અબ્વાબ કી તરતીબ કે એતેબાર સે ઈન ગલતફેહમિયોં કો બયાન કિયા જા રહા હૈ.

## તહારત કે બારે મેં ગલતફેહમિયાં ઔર ઉન કા શરઈ હલ

**(૦૧) ક્યા સતર ખુલ જાનેસે વુઝૂ ટૂટ જાતા હૈ ?**

બાઝ અવામ કે દરમિયાન મશ્હૂર હૈ કે સતર કા હિસ્સા (યાની બદન કા વોહ હિસ્સા જિસે છુપાના ઝરૂરી હૈ) ખુલ જાને સે યા ઉસ પર અપની યા દુસરે કી નઝર પર જાને સે વુઝૂ ટૂટ જાતા હૈ. યે બિલ્કુલ ગલત હૈ. શરીઅત કે એતબાર સે ઈસસે હરગિઝ વુઝૂ નહીં ટૂટતા. હાં ! યે હૈ કે બગૈર ઝરૂરત સતર ખોલના નાજાઈઝ હૈ. જૈસા કે ''બહારે શરીઅત'' મેં હૈ :

''અવામ મેં જો મશ્હૂર હૈ કે ઘુટના યા ઔર સતર ખુલને યા અપના યા પરાયા સતર દેખને સે વુઝૂ જાતા રહતા હૈ મહઝ બે અસ્લ બાત હૈ. હાં ! વુઝૂ કે આદાબ સે હૈ કે નાફ સે ઝાનુ કે નીચે તક સબ સતર છુપા હો બલ્કે ઈસ્તિન્જે કે બાદ ફૌરન હી છુપા લેના ચાહીયે કે બગૈર ઝરૂરત સતર ખુલા રહના મના હૈ ઔર દુસરોં સામને સતર ખોલના હરામ હૈ.''

*(બહારે શરીઅત, જિલ્દ–૧, હિસ્સા–૨/૩૦૭)*

ઐસે હી ''ફતાવા રઝવિય્યહ, ૧/૪૭૦'' પર હૈ.

અઝ : હઝરત મુફ્તી સાબિર મિસ્બાહી (સદર મજલિસે કઝા ઈદારા શરઈય્યહ–ભરૂચ, C/o. દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ, જિ. ભરૂચ)

**(૦૨) ક્યા દૂધ પીતે બચ્ચે ઔર બચ્ચી કા પૈશાબ પાક હૈ ?**

"બહારે શરીઅત "હિસ્સા–ર, સફહા : ૩૯૦ પર હૈ : "દૂધ પીતે લળકે ઔર લળકી કા પૈશાબ નજાસતે ગલીઝા હૈ (યાની બળોં કી તરહ ઈનકા પૈશાબ ભી નાપાક હૈ) યે જો અકષર અવામમેં મશ્હૂર હૈ કે દૂધ પીતે બચ્ચોં કા પૈશાબ પાક હૈ, મહઝ ગલત હૈ."

**(૦૩) હલાલ જાનવરો કે પૈશાબ કી છીટોં કા ક્યા હુકમ હૈ ?**

બહોત સારે મુસલમાન હલાલ જાનવર (યાની જિનકા ગોશ્ત ખાના હલાલ હૈ જૈસે બેલ, ભેંસ, બકરી, બકરા, વગૈરા)કે પૈશાબ કો મુતલક઼ન નાપાક સમઝતે હૈં ઈસ તૌર પર કે ઉસ કે ચંદ છીંટે અગર કપળે યા બદન પર લગ જાએં તો વોહ અપને આપકો નાપાક ગુમાન કરને લગતે હૈં યહાં તક કે અગર ધોને યા કપળે બદલને કા મૌક઼ા ન મિલે તો નાપાકી કે ગુમાન કી વજહ સે નમાઝ છોળ દેતે હૈં. જબ કે હલાલ જાનવરોં કે પૈશાબ કા હુકમ "બહારે શરીઅત" હિસ્સા–ર, સફહા–૩૯૧ પર ઈસ તરહ બયાન કિયા ગયા હૈ.

"જિન જાનવરોં કા ગોશ્ત હલાલ હૈ (જૈસે ગાય, બેલ, ભેંસ, બકરી, ઊંટ વગૈરા) ઉન કા પૈશાબ નજાસતે ખફીફા હૈ."

ઔર "નજાસતે ખફીફા"કા હુકમ "બહારે શરીઅત" હિસ્સા–ર, સફહા–૩૮૯ પર ઈસ તરહ બયાન કિયા ગયા હૈ :

"નજાસતે ખફીફા કા યે હુકમ હૈ કે કપળે કે હિસ્સે યા બદન કે જિસ ઉઝવ મેં લગી હૈ, અગર ઉસ કી ચોથાઈ સે કમ હૈ (મષલન દામન મેં લગી હૈ તો દામન કી ચોથાઈ સે કમ, આસ્તીનમેં ઉસ કી ચોથાઈ સે કમ. યૂંહી હાથ મેં હાથ કી ચોથાઈ સે કમ હૈ) તો મઆફ હૈ કે ઉસ સે નમાઝ હો જાએગી ઔર અગર પૂરી ચોથાઈ મેં હૈ તો બે ધોએ નમાઝ ન હોગી."

લિહાઝા હલાલ જાનવરોં કા પૈશાબ કપળે યા બદન કે કિસી હિસ્સે પર ઉસકી ચોથાઈ કે બરાબર લગ જાએ તો ઉસે ધોના ઝરૂરી હૈ ઔર ઉસ સે કમ લગે તો ધો લેના બેહતર હૈ મગર બગૈર ધોએ ભી નમાઝ સહી હોગી.

**(૦૪) અગર કુત્તા બદન યા કપળે સે છૂ જાએ યા ઘરમેં દાખિલ હો જાએ તો ક્યા હુકમ હૈ ?**

બાઝ લોગ યે સમઝતે હૈં કે કુત્તે કા પૂરા બદન નાપાક હૈ. ચુનાંચે અગર કુત્તા બદન યા કપળે સે છૂ જાએ તો યે સમઝા જાતા હૈ કે બદન ઔર કપળા નાપાક હો ગયા. ઈસી તરહ અગર કુત્તા ઘર મેં દાખિલ હો ગયા તો નાપાકી કે ગુમાન કી વજહ સે ઘર કો ધોના ઝરૂરી સમઝા જાતા હૈ. હાલાંકે કુત્તે કે બારે મેં હુકમે શરઅ યે હૈ કે ઉસકા થૂક ઔર પસીના નાપાક હૈ. ઈન દો ચીઝોં કે અવાલા બાકી ઉસકા પૂરા બદન પાક હૈ. જૈસા કે "બહારે શરીઅત હિસ્સા : ર, સફહા : ૩૫૫" ઔર "ફતાવા આલમગીરી જિલ્દ : ૧, સફહા : ૨૪ પર હૈ.

લિહાઝા બદન ઔર કપળે પર કુત્તેકા થૂક ઔર પસીના ન લગે ઔર ન હી ઉસ કે જિસ્મ પર કોઈ નાપાકી લગી હો તો ઐસી સૂરત મેં સિર્ફ કુત્તે કે છૂ જાને કી વજહ સે કપળા ઔર બદન નાપાક નહીં હોગા. હાં ! થૂક યા પસીના યા ઉસકે બદન પર લગી હૂઈ નજાસત લગ જાએ તો કપળા ઔર બદન નાપાક હો જાએગા.

"બહારે શરીઅત" મેં હૈ : "કુત્તા બદન યા કપળે સે છૂ જાએ તો અગર ચે ઉસકા જિસ્મ તર (ભીગા) હો, બદન ઔર કપળા પાક હૈ. હાં ! અગર ઉસ કે બદન પર નજાસત લગી હો તો ઔર બાત હૈ યા ઉસ કા લુઆબ (થૂક) લગે તો નાપાક કર દેગા."

*(બહારે શરીઅત, જિલ્દ : ૧, હિસ્સા : ર, સફહા : ૩૯૫)*

## ફિક્હી જરૂરી મસાઈલ

અઝ : મુહક્કિકે મસાઈલે જદીદા
**મુફ્તી મુહમ્મદ નિઝામુદીન રઝવી-મુબારકપુર**

### મોબાઈલના ખરીદ વેચાણની હૈસિયત

*મોબાઈલના ખરીદવેચાણની શરઈ હૈસિયટ સ્પષ્ટ કરશો :–*

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

**જવાબ** : મોબાઈલનું ખરીદ વેચાણ શરીઅતની રૂએ જાઈઝ તથા દુરુસ્ત છે. એના પર મુસ્લિમ જગત તેમજ ખાસ તથા આમ લોકોનો અમલ છે. એ એક ખાસ પ્રકારની મશીન છે જેના થકી કેટલાક સંદેશાઓ આવે તથા જાય છે. અથવા કેટલાંક દશ્યો જોવામાં આવે છે અથવા મેહફૂઝ કરવામાં આવે છે અને આ સૌ કામ વાપરનારાનાં હોય છે. મોબાઈલનો પોતાના ઈરાદા તથા ઈખ્તિયારથી એમાં કોઈ રોલ નથી હોતો. તે એક નિર્જીવ યંત્ર છે જે ન પોતે ગુનોહ છે ન ગુનાહના માટે નિશ્ચિત છે ન તેના પાર્ટસ તથા ભાગોમાં કોઈ શરઈ ખરાબી કે બુરાઈ છે. જેમ કે કલમ, ટાઈપિંગ મશીન, ફોટો કોપી મશીન વગેરે, તેમાં દરેક કેવળ એક યંત્ર છે અને તેમનું ખરીદ વેચાણ જાઈઝ છે, જેના પર મુસલમાનોનો અમલ છે એ જ હાલ આજના જમાનામાં મોબાઈલના પણ છે. ઈર્શાદે બારી છે : اَحَلَّ اللّٰهُ الْبَیْعَ "અલ્લાહે વેપારને હલાલ કર્યો."

*(સૂ. બકરહ, ૨/૨૭૫)*

અને હદીષ છે :

مَا رَاٰهُ الْمُسْلِمُوْنَ حَسَنًا فَهُوَ عِنْدَ اللّٰهِ حَسَنٌ

"મુસલમાન જે કામ સારુ સમજે તે અલ્લાહ તઆલાની નજીક પણ સારું છે."

*(બદાએઉસ્સનાએ લિલ્કાસાની, ૧/૩૬૭, કિતાબુસ્સલાત, બાબુલ અઝાન, ફસ્લુત્તષ્વીબ, ૧/૩૬૭, બરકાતે રઝા)*

હા ! એનો અતિ ઉપયોગ તંદુરસ્તી માટે નુકસાનકર્તા છે, જેથી જરૂરત પૂરતી વાતચીત અથવા મેસેજ વગેરે પર સંતોષ લેવો જોઈએ. અલ્લાહ બેહતર જાણનાર છે.

### ગેરંટી કે વોરંટીની શર્ત પર મોબાઈલ ખરીદવો

*ગેરંટી કે વોરંટીથી શર્ત પર મોબાઈલના ખરીદ વેચાણનો શું હુકમ છે?*

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

**જવાબ** : ગેરંટી તથા વોરંટીની શર્ત પર પણ મોબાઈલનું ખરીદ વેચાણ જાઈઝ છે. ગેરંટી કે વોરંટીની શર્ત ખરીદનાર તરફથી હોય જેના બદલામાં એના તરફથી કોઈ બદલો ન હોય, સાથોસાથ આ શર્ત પર અવામ તથા ખાસનો તઆમુલ (અમલ કરતા) પણ ન હોય તો તે સોદો ફાસિદ તથા નાજાઈઝ થાય છે, પણ અહીં એવું કાંઈ પણ નથી. પરંતું અહીં વોરંટી કે ગેરંટી ખુદ વેચનારો આપે છે અને કોઈ સર્વિસ ચાર્જ વિના પોતાની સર્વિસ (રિપેરિંગ)નો વાયદો કરે છે અથવા વિના બદલાએ જૂના મોબાઈલના બદલે નવો મોબાઈલ આપવું મંજૂર કરે છે. એના ખરીદારોમાં આકર્ષણ તથા ખ્વાહિશ અધિક થાય છે અને મોબાઈલ અધિક વેચાય છે. વેચનારો ગેરંટી કે વોરંટીની પેશકશ કરીને ખરેખર પોતાનો હક્ક (એટલે રિપેરિંગની મજૂરી, એ પ્રમાણે જૂના મોબાઈલના બદલામાં નવો મોબાઈલ વિના કોઈ બદલામાં આપવો) ખૂબ જ અધિક પ્રમાણમાં નફાને લક્ષમાં રાખીને છોડી દે છે. અને પોતાનો હક્ક કોઈ સહીહ હેતુસર છોડવો જાઈઝ છે અને વળી એના પર આમ તથા ખાસ લોકોનો તઆમુલ (અમલ હોવું) પણ છે. અને આ પ્રકારની શર્ત તઆમુલના કારણે જાઈઝ થઈ જાય છે. એટલા માટે ગેરંટી કે વોરંટીની પેશ કશ અથવા શર્તની સાથે મોબાઈલનુ ખરીદ વેચાણ જાઈઝ તથા દુરુસ્ત છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**રોકડા તથા ઉધારની સ્થિતિમાં અલગ અલગ કિંમત નક્કી કરવી**

રોકડા તથા ઉધારની સ્થિતિમાં મોબાઈલની અલગ અલગ કિંમત નક્કી કરવી કેવું છે ?

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

**જવાબ** : રોકડા તથા ઉધારની સ્થિતિમાં મોબાઈલનો અલગ અલગ ભાવ નક્કી કરવો "નાજાઈઝ" છે. હિદાયહ (૩/૮૦)માં છે :

اَلَا یُرٰی اَنَّہٗ یُزَادُ فِی الثَّمَنِ لِاَجَلِ الْاَجَلِ

*(અશરફિયહ માર્ચ ૨૦૨૦ પેજ–૧૪)*

ઉધારના કારણે કિંમત વધારી દેવામાં આવે છે અને આ ઘણા પહેલાંથી મુસલમાનોનો મામૂલ છે. અને શરીઅતની રુએ ઈજાઝત છે કે બંને પક્ષો આપસમાં રાજીખુશીથી જે કિંમત ચાહે નિશ્ચિત કરી લે, ત્યાં સુધી કે કોઈએ આપસી રઝામંદીથી કાગળ નો એક ટુકડો હજાર રૂપિયામાં વેચ્યો તો પણ જાઈઝ છે. હા ! એ જરૂરી છે કે રોકડે વેચવા ચાહે તો કેવળ રોકડે વેચે, તેની સાથે ઉધારને સામેલ ન કરે. અથવા ઉધાર વેચવા ચાહે તો કેવળ ઉધાર વેચે, તેની સાથે રોકડા વિશે કોઈ ઉલ્લેખ ન કરે. દા.ત. રોકડે લેનારને કહે, "મેં તમારા હાથમાં આ મોબાઈલ દસ હજાર રૂપિયામાં વેચ્યો." અને ઉધાર ખરીદનારને કહે કે, "મેં તમારા હાથે આ મોબાઈલ એક મહિનાના ઉધાર પર દસ હજાર પાંચસોમાં વેચ્યો." એ **જાઈઝ** છે.

એવું ન કહે કે, "તમે આ મોબાઈલ રોકડે લો તો દસ હજારમાં અને ઉધાર લો તો દસ હજાર પાંચસોમાં તમારા હાથે વેચ્યો." આ સ્થિતિ નાજાઈઝ છે, કેમ કે અલ્લાહના રસૂલે એનાથી મના કર્યું છે.

હદીષના શબ્દો આ છે :

عن أبي هريرة قال: نَهٰى رَسُوْلُ اللّٰهِ ﷺ عَنْ بَيْعَتَيْنِ فِيْ بَيْعَةٍ

"અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે અલ્લાહના રસૂલ ﷺએ એક સોદામાં બે સોદા કરવાથી મના કર્યું." (જામિઉત્તિર્મિઝી, ૧/૧૪૭), અબ્વાબુલ બુયૂઅ, મજલિસે બરકાત) અલ્લાહ બેહતર જાણનાર છે.

**હપ્તાઓથી મોબાઈલ ફોન ખરીદવો કેવું ?**

*હપ્તાઓ થકી મોબાઈલ ફોનના ખરીદ વેચાણના હુકમો વર્ણવશો.*

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

**જવાબ : (અ)** હપ્તાઓ પર મોબાઈલ ફોનનું ખરીદ વેચાણ જાઈઝ છે. જો ભાવ નક્કી કરીને તેની અદાયગી માટે અલગ અલગ મુદ્દત નક્કી કરી દેવામાં આવે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**(બ)** અને નક્કી થયેલ ભાવના ઉપરાંત અલગથી મુદ્દતનો બદલો નક્કી કરવામાં આવે. દા.ત. એક મહિનાની મુદ્દત હોય તો દસ રૂપિયા વધારી દેવામાં આવે, બે મહિનાની મુદ્દત હોય તો વીસ રૂપિયા વધારી દેવામાં આવે, એ નાજાઈઝ છે કે અહીં દસ તથા વીસ રૂપિયા ખાસ "મુદ્દત"નો બદલો છે, એના મુક઼ાબલામાં મોબાઈલ કે તેનો કોઈ પાર્ટ નથી. અને મુદ્દતનો બદલો વ્યાજ છે. તેનાથી ઉલ્ટુ ઉધાર સોદામાં જે કાંઈ ભાવ નક્કી થાય છે તે મૂળ સામાન દા.ત. મોબાઈલના મુક઼ાબલામાં હોય છે. હા ! ઉધારને લક્ષમાં રાખીને એ ભાવ રોકડા કરતાં કાંઈક અધિક હોય છે, જે હક઼ીક઼તમાં મોબાઈલનો જ ભાવ હોય છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**ચોરી કરેલો મોબાઈલ ફોન ખરીદવો કે વેચવો કેવું છે ?**

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

**જવાબ** : ચોરી કરેલો મોબાઈલ વેચવો હરામ

છે, અને ખરીદનારને ખબર હોય તો તેને ખરીદવો પણ હરામ છે. અને માલૂમ ન હોય તો પણ શંકાસ્પદ માણસના હાથથી ન ખરીદે. એમાં જ આપણા દીન તથા ઈજ્જતની હિફાઝત છે. અને જો તેણે એવું સમજીને ખરીદી લીધો કે મોબાઈલ વેચનારનો જ છે તો ગુનેહગાર થશે નહીં. દુરર, ગુરર તથા રદુલ મુહતારનાં લખાણોથી એ જ જાહેર છે. પરંતુ મોબાઈલનો મૂળ માલિક પોતાનો હક્ક સાબિત કરી આપે તો હક્કદાર, ખરીદનારની રઝામંદીથી મોબાઈલ અથવા તેની કિંમત પરત લેશે. પછી એ ખરીદનાર પોતાને વેચનારથી કિંમત પાછી લઈ શકતો હોય તો લઈ લે. અલ્લાહ બેહતર જાણનાર છે.

## શું 'હેલો'' કહેવું જાઈઝ છે ?

*મોબાઈલ કે ફોન પર વાત શરૂ કરતાં પહેલાં ''હેલો'' કહેવું કેવું છે ? મુસલમાનોએ કયો તરીક઼ો અપનાવવો જોઈએ ?*

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

**જવાબ** : મોબાઈલ અથવા ટેલીફોન પર વાત શરૂ કરતાં પહેલાં હેલો (Hello) કહેવું સુન્નતે નબવી અને શિઆરે ઈસ્લામ (ઈસ્લામી નિશાની)ની વિરૂધ્ધ છે. ફોન પર મુલાકાતનો એ જ હુકમ છે જે આમને સામને મુલાકાતનો છે. જેથી જ્યારે કોઈક રીતે મેહસૂસ થઈ જાય કે આપને સંબોધનાર આપનો દીની ભાઈ છે તો اَلسَّلَامُ عَلَیۡکُمۡ وَرَحۡمَۃُ اللّٰہِ وَبَرَکَاتُہٗ કહે, અને તે પણ એ જ શબ્દોમાં જવાબ આપે. આજકાલ ''હેલો'' અતિશય પ્રમાણે વપરાય છે. કેટલાક લોકો તેને તકીયા કલામની હદ સુધી બોલવા લાગ્યા છે, એનાથી બચવું જોઈએ અને સુન્નતે નબવીને આમ કરવામાં આવે. અને જો એ મેહસૂસ ન થઈ શકે કે સામે કોણ છે તો ફરિશ્તાઓની નિય્યતથી સલામના આ શબ્દો કહે. દરેક માણસ સાથે કિરામન કાતિબીન બે ફરિશ્તા હોય છે અને તેમને સલામ કરવી વિના શંકાએ જાઈઝ છે. વળી જો સંબોધનાર આપણો ન હોય તો અધિક સલામની જરૂરત નથી, અને જો આપણો હોય તો એકવાર તેની નિય્યતથી પણ સલામ કરી લે જેથી મુલાકાતની સુન્નત અદા થાય. અલ્લાહ બેહતર જાણનાર છે.

*(માહનામા અશ્રફિયહ–મુબારકપુર, માર્ચ–૨૦૨૦)*

## મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہની વસિય્યત

''હે લોકો ! તમે મુસ્તફા જાને રહમત ﷺનાં ભોળાં ઘેટાઓ છો અને વરૂઓ તમારી ચારેવ તરફ છે, તેઓ ચાહે છે કે તમને બહેકાવે, તમને ફિત્નામાં નાખી દે, તમને પોતાની સાથે જહન્નમમાં લઈ જાય, તેમનાથી બચો! અને દૂર ભાગો ! દેવબંદી થયા, રાફઝી થયા, નેચરી થયા, ક઼ાદયાની થયા...... સારાંશ કે કેટલાયે ફિર્કા થયા એ સૌ વરૂઓ છે, તમારા ઈમાનની તાકમાં છે, તેમના હુમ્લાઓથી ઈમાનને બચાવો !.... જેનાથી અલ્લાહ વ રસૂલ અઝઝ્ વ જલ્લ વ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમની શાનમાં રજમાત્ર તૌહીન (બેઅદબી) જુઓ, પછી તે તમારો ગમે તેટલો પ્યારો કેમ ન હોય ! તુરત જ તેનાથી અલગ થઈ જાવ ! જેને બારગાહે રિસાલતમાં જરા સરખો પણ ગુસ્તાખ જુઓ, પછી તે તમારો બુઝુર્ગ તથા મોભાવાળો કેમ ન હોય, તમારા અંદરથી તેને દૂધમાંથી માખની જેમ કાઢીને ફેંકી દો. હું પોણા ચૌદ વરસની ઉમરથી એ જ બતાવતો રહ્યો અને અત્યારે પણ ફરી એ જ કહી રહ્યો છું.....જેણે આ સાંભળ્યું અને માન્યું ક઼યામતના દિવસે તેના માટે નૂર તથા નજાત છે અને જેણે ન માન્યું તેના માટે અંધકાર તથા બર્બાદી છે. જે અહીં હોય તે સાંભળે અને માને અને જેઓ અહીં મૌજૂદ નથી તેમના માટે હાજરજનો પર ફર્ઝ છે કે ગેરહાજર લોકોને એનાથી માહિતગાર કરે.'' *(તજલ્લિયાતે ઈમામ અહમદ રઝા )*

## પોસ્ટકાર્ડ લખીને મંગાવો

**કિતાબ : પૈગંબરે ઈસ્લામ રસૂલે અકરમ ﷺ પશ્ચિમ લેખકોની દષ્ટિમાં** (પેજ–૩૧૨, આવૃત્તિ–૨)

આ કિતાબમાં નબી કરીમ ﷺની ખૂબીઓ વિશે ગૈર મુસ્લિમ બુધ્ધિજીવીઓએ પોત પોતાના અભિપ્રાયો દર્શાવી આપની ખૂબ જ પ્રશંસા કરેલ છે જેનો જરૂર અભ્યાસ કરો અને આપના ઈમાનને તાજગી બખ્શો. *(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*

**લેખક** : પ્રોફેસર શરીફ બક્ષ.

**અનુવાદકો** : મર્હૂમ ડોસુભાઈ પહોંચીયા નકશબંદી મુજદ્દિદી તથા હઝરત મૌલાના પીર સૈયદ કમરુદ્દીનબાવા કારંટવી مدظلہ العالی

**કિતાબ : શહીદે કર્બલા ઝિંદાબાદ !**

**સંપાદક** : જનાબ રબ્બાની મિયાં અલી મિયાં સૈયદ

જેમાં ઈમામ હુસૈન رضی اللہ عنہ તથા શોહદાએ કર્બલાની સંપૂર્ણ દાસ્તાન વર્ણવેલ છે. (પેજીસ–૨૩૬)

**કિતાબ : દીને ઈસ્લામની સચ્ચાઈનો સ્વીકાર** (પેજીસ–૪૦)

જેમાં સ્ત્રી અધિકાર અને ઈસ્લામ પર ઈમાન અફરોઝ લખાણો છે.

**કિતાબ : શરીઅત અને સૂફીવાદ** (પેજીસ–૫૬)

**સંપાદક** : પીર સૈયદ હાજી દાદામિયાં શમ્સુદ્દીન કાદરી "મુહીલ" રૂપાલવી.

### ચારેવ કિતાબોના પ્રકાશક

**સુન્ની મુસ્લિમ કમિટી**
ઈમામ અહમદ રઝા મંઝિલ, વેરી દરવાજા,
**ગોંડલ**, જિ. રાજકોટ–૩૬૦૩૧૧
ફોન : ૦૨૮૨૫ ૨૨૪૭૮૬

## અનમોલ કિતાબ મંગાવો

**કિતાબ : શાને નુઝૂલે આયાતે કુર્આન** (પેજ–૪૭૨) (કિંમત : ?? )

- **સંપાદક** : ખલીફાએ શૈખુલ ઈસ્લામ હાજી ઈબ્રાહીમ વડીયાવાળા
- **પ્રકાશક** : મુહદ્દિસે આ'ઝમે હિંદ હેડ ઓફિસ, અહમદાબાદ
- **પ્રાપ્તિસ્થાન** : મકતબએ શૈખુલ ઈસ્લામ, અલિફ કિરાના સામે રસૂલબાદ, શાહે આલમ, અહમદાબાદ–૩૮૦૦૨૮
- **સંપર્ક** : Mob. 96242 21212

**નોંધ** : ગુજરાતી લિપિ ઉર્દૂ બોલીમાં છપાયેલ આ કિતાબના નામ પરથી વિષય જાહેર છે. અકીદા તથા અમલની ઈસ્લાહ તથા મજબૂતી માટે કુર્આનના શાને નુઝૂલ તથા તેની તફસીર દર્શાવતી કિતાબ જરૂરથી મંગાવશો. *(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

## જશ્ને હઝરત સૈયદના ઉષ્માને ગની رضی اللہ عنہ

**જુનાગઢ** : મુકામે ચાંદ–૧૮ ઝીલ હજ્જ, હિ.સ. ૧૪૪૧, અ. તા. ૯–૮–૨૦૨૦ મગરિબ બાદ મર્કઝે અહલે સુન્નત, મસ્જિદે રઝા ઊંધીવાડા ખાતે ખાનકાહે રઝવિય્યહ નૂરીય્યહના એહતેમામ હેઠળ હઝરત અલ્લામા ગુલઝાર અહમદ નૂરી સાહબની સદારત "જશ્ને હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ" મનાવવામાં આવ્યો જેમાં ખુસૂસી બયાન નવાસાએ હુઝૂર અમીરે અહલે સુન્નત, હઝરત મુફતી મુનવ્વર રઝા નૂરી સાહબે શાને ઉષ્માને ગની رضی اللہ عنہમાં શાનદાર ઈમાન અફરોઝ બયાન કર્યું હતું.

સુન્નિયતની મજબૂતી માટે બરકાતે ખ્વાજા(માસિક)ના ગ્રાહક બનો અને બનાવો ! વાર્ષિક લવાજમ Rs. 230/-
PhonePe G Pay Paytm
BANK OF BARODA A/c. No. 34620100000303 Razvi Kitab Ghar IFSC : BARB0DAYADR
94274 64411

## મૌતુલ આલિમ મૌતુલ આલમ

અશ્રફુલ ફુક્હા, મુફતીએ આ'ઝમ મહારાષ્ટ્ર હઝરત અલ્લામા મુફતી મુજીબ અશરફ સાહબ (ખલીફએ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ) તા. ૬–૮–૨૦૨૦, મુ. ચાંદ ૧૫ ઝીલહજ્જ હિ.સ. ૧૪૪૧ જુમેરાતના રોજ સવારના ૧૦:૩૦ વાગે નાગપુર ખાતે આ ફાની જગતને અલવિદા કહી આપણી વચ્ચેથી રુખસદ થઈને અલ્લાહની રહમતમાં પહોંચી ગયા. اِنَّا لِلّٰہِ وَاِنَّآ اِلَیْہِ رٰجِعُوْنَ જેમના બારામાં ફકીહુલ હિંદ શારેહે બુખારી હઝરત અલ્લામા મુફતી શરીફુલ હક્ક અમજદી رحمۃ اللہ علیہએ ફર્માવ્યું હતું કે, "(મુજીબ અશરફ) મારો તે શાર્ગિદ છે કે કાલે કયામતમાં જો અલ્લાહે મને સવાલ કરી લીધો કે શરીફુલ હક્ક ! શું લાવ્યો છે ? તો અર્ઝ કરીશ કે "મુજીબ અશરફ"ને લાવ્યો છું !" સુબ્હાનલ્લાહ ! આવી મહાન ઈલ્મી, રૂહાની, નૂરાની શખ્સિયતનું આપણા સમક્ષથી વિદાય થવું એ સર્વ સુન્ની જગત માટે દુઃખ તથા રંજનો સબબ છે. આપે પોતાનો ઈલ્મ કાંઈ કેટલાય તલબામાં ઉંડેલ્યો છે અને દીનો સુન્નિયતના ખાદિમોની ફોજ તૈયાર કરી છે. આપના ઈલ્મી મુદલ્લલ બયાનો વડે બાતિલ ફિર્કા વહાબી દેવબંદીના કિલ્લામાં માતમ બિછાવી દીધું છે. આપણી નજીક જ સૂરતની ભૂમિ પર વહાબિયત દેવબંદિયતની ગુમરાહીને ફેલાતી રોકીને સુન્નિયતનો પરચમ લહેરાતો કર્યો છે. એ સિવાય હિંદ તથા હિંદ બહાર આપના તકરીરી તબ્લીગી દૌરાઓથી સુન્નિયતમાં જાન પેદા કરી છે. અમોએ "નુઝહતુલ કારી શરહે સહીહ બુખારી" (ભાગ–૧) ગુજરાતીમાં જ્યારે પ્રસિધ્ધ કર્યો હતો તો દયાદરાની ભૂમિ પર રસ્મે ઈજરાનો પ્રોગ્રામ હઝરત કિબ્લા મુજીબ અશરફ સાહબ رحمۃ اللہ علیہના મુબારક હાથે થયો હતો અને આપે શારેહે બુખારી હઝરત મુફતી શરીફુલ હક્ક رحمۃ اللہ علیہ તથા ઈમામ બુખારી رحمۃ اللہ علیہ તથા બુખારી શરીફની ફઝીલત તથા ખૂબીઓ પર ઉમદા લાજવાબ બયાન કરીને અમારી હોસલા અફઝાઈ કરી હતી. આજે અલ્હમ્દુલિલ્લાહ ! સંપૂર્ણ નવ ભાગો શરહે બુખારીના ગુજરાતીમાં બહાર પડી ચૂક્યા છે એમાં આપની દુઆઓ સામેલ રહી છે. આ દુઃખદ સમાચારથી જગતભરમાં અખંડ ભારતના વસતા સુન્નીઓએ આંચકો અનુભવ્યો. ઠેર ઠેર ઈસાલે સવાબ દુઆ કરવામાં આવી. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ صلی اللہ علیہ وسلمના સદકામાં હઝરત કિબ્લા મુફતી મુજીબ અશરફ સાહબ رحمۃ اللہ علیہની કબ્ર પર તાકયામત રહમતો નૂરની વરસાદ વરસાવે, આપના દરજાતની સતત બુલંદી થતી રહે અને સંબંધીઓ ચાહકો, મુરીદો સૌને રબ્બે કરીમ સબ્રે જમીલ અતા કરે. (આમીન) *તંત્રી : બરકાતે ખ્વાજા માસિક–દયાદરા*

*(નોંધ : ઈન્શા અલ્લાહ ! આપની સવાનેહ પર એક લેખ આવતા અંકમાં આપીશું. –તંત્રી)*

**જુનાગઢ :** ખાનકાહે રઝવિય્યહ નૂરિય્યહ તરફથી તા. ૧૭–૬–૨૦૨૦ બુધવારે સૌરાષ્ટ્રના મશહૂર બુઝુર્ગ અમીરે અહલે સુન્નત આકાએ નેઅમત, મખ્ઝને રૂહાનિયત હઝરત અલ્લામા પીર નૂર મુહમ્મદ બાપુ મારફાની સાહેબ ખલીફએ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہના (૨૨)મા વાર્ષિક ઉર્સ શરીફનું શાનદાર આયોજન મસ્જિદે રઝા તથા આસ્તાના શરીફ ઉપર શાનો શૌકતથી કરવામાં આવેલ જેમાં અસરની નમાઝ બાદ આસ્તાને આલિયા હુઝૂર અમીરે અહલે સુન્નત ઉપર ખત્મે કાદરીય્યહ શરીફ, શજરા શરીફ બાદ મૌલાના જમાલ અહમદ રઝા સાહબ રઝવીએ હુઝૂર અમીરે અહલે સુન્નત પીર મુહમ્મદ બાપુ મારફાની સાહેબની ઈલ્મી શખ્સિયત જદીદ ઈલ્માત અને મકામે વિલાયત ઉપર શાનદાર તકરીર ફર્માવી હતી. સલાતો સલામ બાદ હુઝૂર ગુલઝારે મિલ્લતની દુઆ અને લંગર શરીફ પર જલ્સો પૂર્ણ થયેલ.

## :: ઈન્તેકાલ પુરમલાલ ::

❑ **દયાદરા** : (તા. જિ. ભરૂચ) ખાતે સુલેમાનભાઈ વલી નમાજીનો તા. ૨૨–૭–૨૦૨૦, ૩૦–ઝીલ્ કઅદહ્, હિ.સ. ૧૪૪૧ બુધવારના રોજ ઈન્તેકાલ થયો છે. ❑ હજીયાણી એમણબેન હાજી સુલેમાન મૂસા પાદરવાલાનો તા. ૨૪–૭–૨૦૨૦, ૨–ઝિલ્ હજ્જ, હિ.સ. ૧૪૪૧ જુમ્આના રોજ ઈન્તેકાલ થયો છે. ❑ હજીયાણી ઝુલેખાબેન વલીભાઈ મસ્તુ તથા અબ્દુર્રહમાન વલી ભુરાનો તા. ૨૮–૭–૨૦૨૦, ૬–ઝિલ્ હજ્જ, હિ.સ. ૧૪૪૧ મંગળવારના રોજ ઈન્તેકાલ થયો છે. ❑ ઐયૂબ અહમદ આમનજી માસ્તર તા ૦૫–૦૮–૨૦૨૦ , ૧૪–ઝિલ્ હજ્જ, હિ.સ. ૧૪૪૧ બુધવારના રોજ અલ્લાહની રહ્મતમાં પહોંચી ગયા છે. ❑ વલીભાઈ અહમદ ખલીફાના વાલિદા ફાતિમા અહમદ ખલીફા તા ૦૫–૦૮–૨૦૨૦, ૧૪–ઝિલ્ હજ્જ, હિ.સ. ૧૪૪૧ બુધવારના રોજ અલ્લાહની રહ્મતમાં પહોંચી ગયા છે. ❑ હાજી ઈબ્રાહીમભાઈ ઈસ્માઈલ આઝાદ તા. ૧૧–૦૮–૨૦૨૦, ૨૧ ઝિલ્ હજ્જ, હિ.સ. ૧૪૪૧ બુધવારના રોજ ઈન્તેકાલ થયો છે.

❑ **ભરૂચ** : (બરેલીખો) ખાતે જનાબ હાફિઝ સૈયદ સરફરાઝનાં વાલિદા મોહતરમા મુહમ્મદીબેગમ સૈયદ અમીરુદ્દીનનો તા. ૨૪–૬–૨૦૨૦, ૨–ઝીલ્ કઅદહ્, હિ.સ. ૧૪૪૧, બુધવારના રોજ ઈન્તેકાલ થયો છે.

❑ **લંડન** : (યુ.કે.) હનીફભાઈ દાઉદભાઈ ઝિક્રીવાલા દયાદરાવાસીનો તા. ૧૮–૭–૨૦૨૦, ૨૬–ઝીલ્ કઅદહ્, હિ.સ. ૧૪૪૧ શનિવારના રોજ ઈન્તેકાલ થયો છે.

❑ **થામ** : (તા. જિ ભરૂચ) માજી મુતવલ્લી મસ્જિદ–થામના અબ્દુલ્લાહ ઈબ્રાહીમનો તા. ૨૦–૭–૨૦૨૦ ૨૮–ઝિલ્કઅદ, હિ.સ. ૧૪૪૧ સોમવારના રોજ ઈન્તેકાલ થયો છે.

❑ **પોરબંદર** : અલી મહમ્મદ બાબીનો તા. ૨૩–૭–૨૦૨૦, ૧–ઝિલ્હજ્જ, હિ.સ. ૧૪૪૧ જુમેરાતના રોજ ઈન્તેકાલ થયો છે. મર્હૂમ ખૂબ જ દીનદાર, હક્કગો, તકવા શિઆર, મસ્લકે આ'લા હઝરતના અલમ બરદાર નેક સીરત માણસ હતા. દારુલ ઉલૂમ ગૌષે આ'ઝમના મેનેજરની હૈસિયતથી છેલ્લા શ્વાસ સુધી ખિદમત આપતા રહ્યા. નાચીઝને "બરકાતે ખ્વાજા" માસિકના લેખો સંબંધે ખૂબ જ પ્રોત્સાહન આપતા હતા તથા લેખો પણ મોકલતા હતા. કેટલાક તબર્રુકો આપ ધરાવતા હતા જેની ઝિયારતના પ્રોગ્રામો વિવિધ શહેરોમાં ફરી લોકોને ફયઝયાબ કરતા હતા.

❑ **નબીપુર** : (તા. જિ. ભરૂચ) ખાતે હાજી મકબૂલ ઈબ્રાહીમ લાંબા તા. ૨૬–૦૭–૨૦૨૦, ૪–ઝિલ્ હજ્જ, હિ.સ. ૧૪૪૧ રવિવારના રોજ અલ્લાહની રહ્મતમાં પહોંચી ગયા છે.

❑ **રાજપારડી** ખાતે ખત્રી અબ્દુલફરીદ ઈસ્માઈલભાઈ (સહયોગવાલા) તા. ૨૬–૦૭–૨૦૨૦, ૪–ઝિલ્ હજ્જ, હિ.સ. ૧૪૪૧ રવિવારના રોજ અલ્લાહની રહ્મતમાં પહોંચી ગયા છે.

❑ **ઘોસી** : (જિ. આંબેડકર, તા. મઊ) શારેહે બુખારી મુફતી શરીફુલ હક્ક અમજદી عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَان ના સાહબઝાદા મોહતરમ ડોક્ટર મુહિબ્બુલહક્ક સાહબ જેઓ થોડા દિવસની માંદગી બાદ આજે તા. ૨૯–૭–૨૦૨૦, ૭–ઝિલ્ હજ્જ, હિ.સ. ૧૪૪૧ બુધવારના રોજ આ ફાની દુનિયાથી દારે બકાઅની તરફ કૂચ કરી ગયા છે.

- **નબીપુર** : (તા. જિ. ભરૂચ) ખાતે હાજી ઐયૂબ આદમ સેક્રેટરી તા. ૨૯–૭–૨૦૨૦, ૭–ઝિલ્ હજ્જ, હિ.સ. ૧૪૪૧ બુધવારના રોજ અલ્લાહની રહ્‌મતમાં પહોંચી ગયા છે.
- **કુરચણ** : (તા. જિ. ભરૂચ) ખાતે જનાબ જાવિદ યાકૂબ પટેલ (સૂરતી)ના વાલિદ યાકૂબ મુહમ્મદ પટેલ (સૂરતી) તા. ૩૦–૭–૨૦૨૦, ૮–ઝિલ્ હજ્જ, હિ.સ. ૧૪૪૧ જુમેરાતના રોજ બે દિવસની ટૂંકી માંદગી બાદ કુરચણ ખાતે અલ્લાહની રહ્‌મતમાં પહોંચી ગયા છે.
- **સાંપા** : (તા. કરજણ જિ. વડોદરા) ખાતે જનાબ હાફેઝ સિરાજ સાંપાવાળાના વાલિદા ફાતિમાબેન તા. ૩૦–૭–૨૦૨૦, ૮–ઝિલ્ હજ્જ, હિ.સ. ૧૪૪૧ જુમેરાતના રોજ અલ્લાહની રહ્‌મતમાં પહોંચી ગયા છે. મુફતી સાબિર મિસ્બાહી (દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ) સાહબે નમાઝે જનાઝા પઢાવી હતી.
- **ભરૂચ** : (સરવર પાર્ક) ખાતે અમારા ખાસ મિત્ર મુહિબ્બે ગિરામી જનાબ મુહમ્મદતારિકૃભાઈ શેખ (મદની ઈલેક્ટ્રિકલ–ભરૂચ)ના કાકા ઝાકિરહુસૈન ગુલામમુહમ્મદ શેખ તા. ૩૦–૭–૨૦૨૦, ૮–ઝિલ્ હજ્જ, હિ.સ. ૧૪૪૧ જુમેરાતના રોજ અલ્લાહની રહ્‌મતમાં પહોંચી ગયા છે.
- **વોરાસમની** : (તા. જિ. ભરૂચ) ખાતે હાફેઝ અલ્તાફ દુકાનવાલા (મૌલાના ઈકબાલ મિસ્બાહી–બોલ્ટનના સાળા)તા ૩–૮–૨૦૨૦, ૧૩–ઝિલ્ હજ્જ, હિ.સ. ૧૪૪૧ સોમવારના રોજ અલ્લાહની રહ્‌મતમાં પહોંચી ગયા છે. મર્હૂમ દીનદાર, સુન્નિયતના અલમબરદાર, મસ્લકે આ'લા હઝરતના ચાહક, ખુશઅખ્લાક઼, નમ્ર સ્વભાવવાળા, નેક માણસ હતા. ગામમાં તેમજ આસપાસ સુન્નિયતના માટે કાર્યરત હતા.
- **વડોદરા** : ખાતે હાજી અ. અઝીઝ મેમણ ધનાની ફતેહગંજના અહેલિયા હજીયાણી જુબેદાબેન બરકાતી તા. ૧૩–૭–૨૦૨૦, ૨૧–ઝીલ્ કૃઅદહ્, હિ.સ. ૧૪૪૧ સોમવારના રોજ આશરે ૭૮ વરસની વયે ઈન્તેકાલ થયો છે.
- **ઉના** : (ગીર સોમનાથ) ખાતે સૈયદ મુનવ્વરહુસૈન બાપુ કાદરી (હાશમીબાપુ ઉર્ફે પીર બાપુ કાદરી) તા. ૦૧–૦૮–૨૦૨૦, ૧૦–ઝિલ હજ્જ,હિ.સ. ૧૪૪૧ શનિવારના રોજ અલ્લાહની રહ્‌મતમાં પહોંચી ગયા છે. તેમજ પીરે તરીકૃત હઝરત મૌલાના સૈયદ ફૈઝુલ્લાબાપુ કાદરી જીલાની તા ૦૫–૦૮–૨૦૨૦ , ૧૪–ઝિલ્ હજ્જ, હિ.સ. ૧૪૪૧ બુધવારના રોજ અલ્લાહની રહ્‌મતમાં પહોંચી ગયા છે.
- **ધનિયાવી** : (જિ. વડોદરા) ખાતે હાફેઝ અબ્દુલ વલી કંબોલ્યા જે વરસોથી મુદર્રિસ તરીકે ગામડી મદ્રસામાં સેવા આપતા હતા. તા. ૦૧–૦૮–૨૦૨૦, ૧૦–ઝિલ હજ્જ,હિ.સ. ૧૪૪૧ શનિવારના રોજ અલ્લાહની રહ્‌મતમાં પહોંચી ગયા છે.
- **નાગપુર** : ખાતે તા.૦૭–૦૮–૨૦૨૦, ૧૬–ઝીલ હજ્જ, હિ.સ. ૧૪૪૧ના રોજ હઝરત મૌલાના અબ્દુલ લતીફ અશરફી સાહબ (ખતીબ ઔલિયા મસ્જિદ કૃબ્રસ્તાન–મોમિનપુરા) જુમ્આના બયાન દરમ્યાન હઝરત અશરફુલ ઉલમા મુફ્તી મુજીબ અશરફ رحمۃ اللہ علیہની હાલાતે જિંદગી વર્ણવતા હતા એ દરમ્યાન હાર્ટ એટેક થતાં ઈન્તેકાલ કરી ગયા. (اِنَّا لِلّٰہِ وَاِنَّآ اِلَیْہِ رٰجِعُوْنَ)
- **હલદરવા** : (જિ. ભરૂચ) ખાતે જનાબ મુહમ્મદ હસન કોઠીયા તા. ૧૦–૦૮–૨૦૨૦, ૧૯ ઝીલ હજ્જ, હિ.સ. ૧૪૪૧, મંગળવારના રોજ અલ્લાહની રહ્‌મતમાં પહોંચી ગયા છે.

- **ઉમલ્લા** : (તા. ઝઘડિયા) ખાતે અમારા મિત્ર "બરકાતે ખ્વાજા" (માસિક)ના આજીવન સભ્ય તથા "ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા"ના તથા "અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા" તેમજ "સુન્ની દા'વતે ઈસ્લામી"ના ખાસ સપોર્ટર, મુઆવિન તથા સક્રિય કાર્યકર જનાબ ઈબ્રાહીમ લાલભાઈ ખત્રીનાં વાલિદા મર્હૂમા હુરબાનુ લાલભાઈ ખત્રીનો તા. ૯–૮–૨૦૨૦, મુ. ચાંદ ૧૮ ઝિલ હજ્જ, હિ.સ. ૧૪૪૧ રવિવારના રોજ ઈન્તેક઼ાલ થયો છે. રબ્બે કરીમ તેના હબીબ ﷺના સદક઼ામાં મર્હૂમાની કરવટ કરવટ મગફિરત ફર્માવે. (આમીન)
- **સાંસરોદ** : (તા. કરજણ) ખાતે **તા. ૧૦–૦૮–૨૦૨૦, ૧૯ ઝીલ હજ્જ, હિ.સ. ૧૪૪૧, મંગળવારના રોજ (૧૮ કલાકમાં) પાંચ વ્યક્તિ** અલ્લાહની રહ્મતમાં પહોંચી ગયા છે : ★ ઐયૂબ હસન અરગામાવાળા ★ હસન આદમ દેસાઈ ★ યાકૂબ ઈસ્માઈલ ચણીયા ★ જુબેદા યૂસુફ સાલેહ ★ બીબી સુલેમાન ચાંદયા.
- **પીપોદરા** : (જિ. સુરત) મુક઼ામે "બરકાતે ખ્વાજા" (માસિક) તથા "અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા"ના ખાસ ચાહક જનાબ દિલાવર ઈબ્રાહીમ મન્સૂરીનો તા. ૧૦–૮–૨૦૨૦, ૧૯–ઝીલ હજ્જ, હિ.સ. ૧૪૪૧ સોમવારે સવારમાં ફજરની નમાઝ પઢી, વઝીફા પઢયા પછી છાતીમાં ગભરામણ થઈ અને દવાખાને લઈ જતાં રસ્તામાં જ ઈન્તેક઼ાલ કરી ગયા. (اِنَّا لِلّٰهِ وَاِنَّا اِلَيْهِ رَاجِعُوْنَ) મર્હૂમ અમારાથી સતત સંપર્કમાં રહેતા હતા. રૂબરૂ તથા ફોન પર અનેકવાર દીની મસાઈલની પૂછતાછ તથા ચર્ચા કરતા, ખૂબ જ ખૌફે ખુદાવાળા, પરહેઝગાર અને ચુસ્ત સુન્ની હતા. આ સમાચારથી અમારા દિલે સદમો અનુભવ્યો. રબ્બે કરીમ મર્હૂમની કરવટ કરવટ મગફિરત ફર્માવે, જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે, કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) *–તંત્રી*
- **મૌતુલ આલિમ મૌતુલ આલમ** : તા ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૦, ૨–૨જબ હિ.સ. ૧૪૪૧, જુમેરાતના રોજ જામિઆ અશરફિયા–મુબારકપુરના મુદર્રિસ **હઝરત મૌલાના અહમદ રઝા મિસ્બાહી** (رحمۃ اللہ علیہ) ટૂંકી માંદગી બાદ વિસાલ ફર્માવી ગયા તેમજ **મુબારકપુર** : જામિઆ અશરફિયહ્–મુબારકપુર (જિ. આઝમગઢ, યુ.પી.)ના ઉસ્તાઝ તેમજ મુફતી, ફક઼ીહે અસ્ર, ખલીફા હુઝૂર તાજુશ્શરીઅહ **હઝરત અલ્લામા મુફતી મેઅરાજુલ ક઼ાદરી** (رحمۃ اللہ علیہ) આ ફાની જગતથી રુખસદ થઈ ગયા. (اِنَّا لِلّٰهِ وَاِنَّا اِلَيْهِ رَاجِعُوْنَ) મૌલા કરીમ બંનેવ હઝરાતની દીની, રૂહાની તથા ઈન્સાની ખિદમતોને ક઼બૂલ ફર્માવે તેની ભરપુર જઝા આપે, જન્નતુલ ફિરદૌસમાં આ'લા મક઼ામ અતા કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*
- **મલેકપોર** : (તા. પલસાણા, જિ. સૂરત) ખાતે ગુલામનબી હુસૈન મલેક તા. ૩૧–૭–૨૦૨૦, ૩૦ ઝીલ ક઼અ્દહ, હિ.સ. ૧૪૪૧, જુમ્આના રોજ ૮૪ વરસની વયે અલ્લાહની રહ્મતમાં પહોંચી ગયા છે.
- **માતર** : (તા. આમોદ, જિ. ભરૂચ) ખાતે પટેલ નઝીર યૂસુફ માતરવાલા તા. ૧૫–૮–૨૦૨૦, ૨૪ ઝીલ હજ્જ, હિ.સ. ૧૪૪૧, શનિવારના રોજ અલ્લાહની રહ્મતમાં પહોંચી ગયા છે.

*રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદક઼ામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** તથા **દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ** ખાતે યાસીન શરીફનો ખત્મ કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*